MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શુક્રવાર । તા. ૨૪-૦૧-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 ભારતીય મુસ્લિમને કોઇ હાથ પણ લગાવી શકશે નહીંઃ રાજનાથ સિંહ
5 ઈન્દિરા જયસિંહ જેવી મહિલાઓ જ રાક્ષસોને જન્મ આપે છે : કંગના રનૌત
6 ભારતની પાકિસ્તાનમાંથી થતી નિકાસ ઘટીને ૨૮૬.૬૦ ડોલર થઇ
8 ૪ શખ્સોએ બંદુકની અણીએ ૫ આંગડિયા કર્મીઓ પાસેથી ૮૦ લાખની લૂંટ ..
9 ઇનામદારનાં રાજીનામાથી રાજકારણમાં ભૂકંપ, જીતુ વાઘાણીની તબિયત લથડી
10 વાપી ડબલ મર્ડર કેસ : માતાની હત્યાના આરોપી પુત્ર.....
11 સુરતને વૈશ્વિક દરજ્જાનું શહેર બનાવવા સંકલ્પ કરાયો...
12 નવસારીમા વસીમ બિલ્લાની હત્યામાં સુરતના સાતની સંડોવણી....

આસામમાં ઈતિહાસ સર્જાયોઃ ૬૪૪ ઉગ્રવાદીઓનું સામૂહિક આત્મસમર્પણ

ચૂંટણી પહેલાં આસામ સરકારને મળી મોટી સફળતા,આત્મસમર્પણ કરેલા ઉગ્રવાદીઓને પોલીસમાં સ્થાન આપશે,નવ જીવન શરૂ કરશે,સરેન્ડર કરનારમાં ઉલ્ફા, NDFB, RNLF, KLO, CPI, NSLA, ADF અને NLFBના સભ્યો





રાજકપૂરની ફિલ્મ જીસદેશ મેં ગંગા બહતી હૈમાં ડાકૂઓનું સામૂહિક આત્મસમર્પણનો નવતર અભિગમ દર્શાવાયો હતો

ગુવાહાટી

છેલ્લાં ઘણા સમમય થી અશાંતગ્રસ્ત આસામ રાજયમાં આગામી વર્ષે વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે અને રાજય ઘણા લાંબા સમયથી ઉલ્ફા સહિતના અન્ય ઉગ્રવાદી સંગઠનોના ઉગ્રવાદીઓની હિંસાત્મક પ્રવૃતિઓનો સામનો કરી રહ્યું છે ત્યારે આસામ સરકારે એક મોટી સફળતામાં ઉલ્ફા સહિતના ૮ ઉગ્રવાદી સંગઠનોના એક સાથે ૬૪૪ જેટલા ઉગ્રવાદીઓને શરણાગતિ માટે તૈયાર કરીને તેમની શરણાગતિ સ્વીકારીને તેમણે આચરેલી હિંસાત્મક પ્રવૃતિઓ માફ કરીને તેમને માનભેર જીવવા આસામ પોલીસમાં સ્થાન આપવાના નિર્ણયથી ઘણાંને આ તબક્કે બોલીવુડના ધી ગ્રેટ શો મેન રાજકપૂરની ફિલ્મ "જીસ દેશ મેં ગંગા બહતી હૈ:ના એ દ્રશ્યો પણ યાદ આવ્યાં જેમાં સંખ્યાબંધ ખૂંખાર ડાકૂઓને ફિલ્મનો હિરો આત્મસમપર્ણ માટે પોલીસ પાસે લઇ આવે છે. નોંધનીય બાબત એ પણ છે કે મધ્યપ્રદેશમાં મુખ્યમંત્રી અર્જુનસિંહે પણ એ કતે ચંબલના ખૂંખાર ડાકૂઓનું આત્મસમપર્ણ કરાવ્યું હતું. અને આજે આસામના મુખ્યમંત્રી સર્વાનંદ સોનોવાલે પણ આસામની શાંતિ માટે એક સાથે ૬૦૦ કરતાં વધુ આતંકીઓને શરણે લાવવાનું કામ કર્યું છે. કદાજ ભારતના ઈતિહાસમાં આ એક મોટી ઘટના હશે જેમાં એક સાથે ૬૦૦ કરતાં વધુ આતંકીઓ હથિયારો સાથે શરણે આવીને નવી જિંદગી શરૂ કરવા માંગતા હોય.

ડિસે.૨૦૧૯માં કેન્દ્ર સરકારે નાગરિક્તા કાયદામાં સુધારો કર્યો ત્યારે તેનો સૌ પ્રથમ હિંસક વિરોધ પૂર્વોત્તરના રાજ્ય આસામમાં થયો હતો. જો કે બીજા રાજ્યોમાં વિરોધ વંટોળ ફેલાતા આસામમાં શાંતિ જોવા મળી હતી. તે દરમ્યાન સરકારે વિવિધ ઉગ્રવાદી સંગઠનોના ઉગ્રવાદીઓ શરણાગતિ કરવા માંગે છે એવી આઇબીની માહિતી બાદ પોલીસને તે બાબત ચકાસવા જણાવ્યું હતું. જેમાં સફળતા મળી છે અને કોઇ રાજ્યમાં એક સાથે ૬૦૦ કરતાં વધુ ઉગ્રવાદીઓ સરકારની શરણે આવ્યાં હોય તેને એક મોટી સફળતા જ માનવામાં આવી રહ્યું છે.

અહેવાલ અનુસાર, આસામના ૮ પ્રતિબંધિત સંગઠનોના ૬૪૪ ઉગ્રવાદીઓએ મુખ્યમંત્રી સર્વાનંદ સોનોવાલની હાજરીમાં આજે ગુરુવારે

અનુસંધાન પાના નં. ૭

યોગી સરકાર આકરા પાણીએ

નાગરિકતા કાયદા વિરુદ્ધ પ્રદર્શન કરતી ૧૨૦૦ મહિલાઓ વિરુદ્ધ કેસ દાખલ

શાહીનબાગની જેમ લખનઉના ઘંટાઘરમાં પ્રદર્શન,શાયર મુનવ્વર રાણાની બે દિકરીઓના નામે પણ એફઆઇઆર



લખનઉ

નાગરિકતા સંશોધન બિલ અને રાષ્ટ્રીય નાગરીકતા રજિસ્ટરના વિરુદ્ધ ઉત્તરપ્રદેશના અનેક શહેરોમાં પ્રદર્શન હજી ચાલુ છે. તો આ પ્રદર્શનકારીઓને લઇ યોગી સરકારે એક્શન લેવાનું શરુ કર્યું છે. રાજયભરમાં લગભગ ૧૨૦૦ વિરોધ કરનારાઓ વિરુદ્ધ કલમ ૧૪૪નું ઉલ્લઘન કેસ નોંધવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

યોગી આદિત્યનાથ સરકારે અલીગઢમાં ૬૦ મહિલાઓ, પ્રયાગરાજમાં ૩૦૦ મહિલાઓ, ઇટાવામાં ૨૦૦ મહિલાઓ અને ૭૦૦ પુરુષો વિરુદ્ધ કેસ નોંધ્યા છે. આ કેસ નોંધાયા બાદ પણ લખનઉનાખંટાઘરથી પ્રયાગરાજમાં મંસૂર અલી પાર્ક સુધી વિરોધ પ્રદર્શન ચાલુ છે. રાયબરેલીના ટાઉનહોલમાં પણ મુસ્લિમ મહિલાઓ વિરોધ પ્રદર્શન કરી રહી છે.

આ દરમિયાન ઘંટઘર ખાતે નાગરિકતા સુધારો અધિનિયમ (CAA) નો વિરોધ કરી રહેલી મહિલાઓ વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરવા માટે યુપી શિયા સેન્ટ્રલ વક્ફ બોર્ડના પ્રમુખ વસીમ રિઝવી વિરુદ્ધ

અનુસંધાન પાના નં. ૭

મેચ બપોરે ૧૨.૨૦ વાગ્યાથી શરૂ થશે

ઓકલેન્ડમાં ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે આજે પ્રથમ ટી-૨૦

ઓકલેન્ડ

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ૫ ટી-૨૦ સીરિઝની પહેલી મેચ આજે ઓકલેન્ડના ઈડન પાર્કમાં રમાશે. બીજી મેચ ૨૬ જાન્યુઆરીએ ઓકલેન્ડ, ત્રીજી ૨૯એ હેમિલ્ટન, ચોથી ૩૧એ વેલિંગ્ટન અને પાંચમી ૨ ફેબ્રુઆરીએ માઉન્ટ મોનગનુઈ (ટોરંગા)માં રમાશે. ટોરંગામાં પ્રથમ બેટિંગ કરનાર ટીમ ૮માંથી ૭ મેચ જીતી છે. એક મેચમાં રિઝલ્ટ આવ્યું નહોતું. જ્યારે વેલિંગ્ટનમાં ચેઝ કરનાર ટીમ ૧૨માંથી ૭ મેચ જીતી છે. ૫માં તેને હારનો સામનો કરવો પડ્યો હતો.

ભારતીય ટીમમાં કેપ્ટન વિરાટ કોહલી, રોહિત શર્મા અને લોકેશ રાહુલ સારા ફોર્મમાં છે. તે ટીમની તાકત છે. ઓસ્ટ્રેલિયા સામેની ત્રણ વનડેમાં વિરાટે ૬૧ની એવરેજથી ૧૮૩, રોહિતે ૫૭ની એવરેજથી ૧૭૧ અને રાહુલે ૪૮.૬૬ની એવરેજથી ૧૪૬ રન કર્યા હતા.

ભારતીય સ્પિનર્સ વિકેટ લેવામાં નિષ્ફળ રહ્યા છે. તે વધુ રન આપી રહ્યા છે અને સામે તેમની વિકેટ પણ મળતી નથી. છેલ્લી ૩ વનડેમાં રવિન્દ્ર જાડેજા અને કુલદીપ યાદવને

અનુસંધાન પાના નં. ૭

આધારકાર્ડને પાનકાર્ડ સાથે જોડવું ફરજિયાત નથીઃ ગુજ.હાઈકોર્ટના ચુકાદો

અમદાવાદ

જો તમે તમારું પાનકાર્ડ આધારકાર્ડ સાથે લિંક કર્યું ન હોય તો હવે ગભરાવાની જરૂર નથી. આધારકાર્ડ સાથે લિંક નહીં કરવાથી તમારું પાનકાર્ડ ઈનઓપરેટિવ નહીં થાય. ગુજરાત હાઈકોર્ટે એક ચુકાદામાં આ અંગે સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે જ્યાં સુધી આ કેસમાં સુપ્રીમ કોર્ટ કોઇ આદેશ આપશે નહીં ત્યાં સુધી આધાર સાથે લિંક નહીં થયેલાં પાનકાર્ડને રદબાતલ ઠરાવી શકાશે નહીં. આ અંગે ગુજરાત હાઈકોર્ટે પોતાના એક આદેશમાં કહ્યું છે કે, જો પાનકાર્ડ આધાર સાથે લિંક નહીં થાય તો તેને રદ કરવામાં આવશે નહીં.

હાઈકોર્ટે કહ્યું છે કે, આધાર એક્ટની માન્યતા અંગે હાલ સુપ્રીમ કોર્ટ વિચારણા કરી રહી છે. જ્યાં સુધી સુપ્રીમ કોર્ટ આ અંગે અંતિમ નિર્ણય નહીં લે ત્યાં સુધી આવકવેરા વિભાગ તેને લિંક કરવાનો આદેશ આપી શકશે નહીં. હાઈકોર્ટે પોતાના આદેશમાં વધુમાં કહ્યું છે કે, આવકવેરા વિભાગ દ્વારા પાન-આધારની ડેડલાઈનને વારંવાર આગળ વધારવી પણ ગેરકાયદેસર છે.

ઈક્મ ટેક્સ એક્ટના સેક્શન ૧૩૯એએ હેઠળ જે લોકોને પાનકાર્ડ ઈશ્યૂ કરવામાં આવ્યાં છે અને જેઓ આધાર મેળવવા માટે પાત્ર છે તેમને ઈક્મટેક્સ વિભાગને પોતાનો આધાર નંબર જણાવવાનો હોય છે, પરંતુ જો આવું કરવામાં નહીં આવે તો તેનાથી પાન નંબર ઈનઓપરેટિવ થશે નહીં.

ટેક્સમેન ડોટકોમના ડીજીએમ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ નવીન વાધવા જણાવે છે કે, આધાર અધિનિયમની કાયદેસરતા સામે ઊભા થયેલા સવાલને ધ્યાનમાં રાખીને ગુજરાત હાઈકોર્ટે

અનુસંધાન પાના નં. ૭

૧ ફેબ્રુઆરીએ ચાર નરાધમોને ફાંસી આપવામાં આવશે

ફાંસી નજીક! નિર્ભયાના દોષિતોને તિહાર જેલ પ્રશાસને પૂછી અંતિમ ઈચ્છા

નિર્ભયાના દોષીઓની 'સુરક્ષા' પાછળ રોજ રૂ. ૫૦,૦૦૦નો ખર્ચ કરે છે સરકાર, ફાંસીના ડરથી ચાર દોષિતો પૈકી એકે ખાવા-પીવાનું છોડી દીધું, ચારેય દોષિતો માટે ૩૨ સિક્યુરિટી ગાર્ડ તૈનાત

ન્યુ દિલ્હી

તિહાર જેલમાં કેદ નિર્ભયાના દોષીઓની સુરક્ષા પાછળ દરરોજ સરકાર રૂ. ૫૦,૦૦૦ ખર્ચ કરી રહી છે. આ ખર્ચ એ જ દિવસથી શરૂ થઈ ગયો હતો જ્યારે કોર્ટે તેમને ફાંસી પર લટકાવવા માટે ડેથ વોરન્ટ આપ્યું હતું. જેલની બહાર તેમના માટે ૩૨ સિક્યોરિટી ગાર્ડને ખડેપગે ૨૪ કલાક તૈનાત રાખવામાં આવે છે. આ ઉપરાંત ફાંસીની વ્યવસ્થા માટે પણ ખાસ્સો ખર્ચ થઈ રહ્યો છે. સિક્યોરિટી ગાર્ડની દર બે કલાકે શિફ્ટ બદલાય છે જેથી તે જેલની બહાર ઊભા ઊભા દોષીઓ પર બાજ નજર રાખી શકે.

નિર્ભયા ગેંગરેપ કેસના ચારેય દોષિતોને ફાંસીની તૈયારી શરૂ થઈ ગઈ છે. તિહાર જેડલમાં પ્રશાસને

અનુસંધાન પાના નં. ૭

સત્તાધારી પક્ષ ભાજપ બેકફૂટ પર

ઈનામદારના ટેકામાં સાવલી ન.પા. અને તા.પં. સહિત ૩૦૦થી વધુ હોદ્દેદારોએ રાજીનામા આપ્યા



વડોદરા

સાવલી એમએલએ કેતન ઈનામદારે ધારાસભ્યપદેથી રાજીનામું આપ્યા બાદ તેમના સમર્થકો દ્વારા સરકાર અને સંગઠન પર દબાણ ઉભુ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. કેતન ઈનામદારના સમર્થનમાં સાવલી અને ડેસરના ૩૦૦થી વધુ હોદ્દેદારોએ રાજીનામા આપ્યા છે. સાવલી નગરપાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખ સહિત ભાજપના ૨૩ સભ્યોએ રાજીનામા આપ્યા છે. અને સાવલી તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખ સહિત ૧૭ સભ્યોએ રાજીનામા આપ્યા છે. આ ઉપરાંત વડોદરા જિલ્લા પંચાયતના ૪ સભ્યોએ પણ રાજીનામા આપ્યા છે.

ઉલ્લેખનિય છે કે, વડોદરા જિલ્લાના સાવલી વિધાનસભા બેઠકના ધારાસભ્ય કેતન ઈનામદારે ગઈકાલે રાજીનામુ આપ્યું હતું. અને ધારાસભ્ય પદેથી રાજીનામુ આપતો પત્ર વિધાનસભા અધ્યક્ષને મોકલી આપ્યો હતો. વિકાસ કાર્યો ન થતાં હોવાથી રાજીનામુ આપ્યું હતું, ત્યારબાદ કેતન ઈનામદારના સમર્થનમાં સાવલી

અનુસંધાન પાના નં. ૭



સમજૂતીના પક્ષમાં ૩૩૦ જ્યારે વિરોધમાં ૨૩૧ મત પડ્યા

ઈયુથી અલગ થશે બ્રિટનઃ બ્રેક્ઝિટ બિલને સંસદની મંજૂરી

૩૧ જાન્યુઆરીની મધરાતે બ્રિટન યુરોપિયન યુનિયનના જોડાણથી મુક્ત થશે

લંડન

બ્રિટિશ સંસદે આખરે બ્રેક્ઝિટ ખરડાને મંજૂરી આપી દીધી હતી. હવે બ્રિટન યૂરોપિયન યૂનિયન છોડી દઈ શકશે. જો કે હજુ મહારાણી એલિઝાબેથની ઔપચારિક મંજૂરની વાટ જોવાઈ રહી હતી. વાસ્તવમાં આ મુદ્દેજ થોડા સમય પહેલાં સંસદીય ચૂંટણી કરવી પડી હતી જેમાં બોરિસ જહોન્સનના પક્ષને જંગી બહુમતી મળી હતી. સમજૂતીના પક્ષમાં ૩૩૦ મત જ્યારે વિરોધમાં ૨૩૧ મત પડ્યા હતા.

૩૧મી જાન્યુઆરીની મધરાતે બ્રિટન યૂરોપિયન યૂનિયનના જોડાણથી મુક્ત થશે. એ પહેલાં વડા પ્રધાન રાત્રે ૧૧ વાગ્યે રાષ્ટ્રજોગું પ્રવચન કરશે. એ પહેલાં તેમના પ્રધાનમંડળની એક ઈમર્જન્સી બેઠક પણ યોજાશે. સ્કોટલેન્ડ, નોર્ધર્ન આયર્લેંડ અને વેલ્સ સહિત બ્રિટનના તમામ વિસ્તારોને રાષ્ટ્રીય એકતા અંગેનો સંદેશો આપવા પ્રધાન મંડળની આ બેઠક યોજાવાની છે.

બ્રિટનની સંસદનું નીચલું ગૃહ એટલે કે હાઉસ ઑફ કોમન્સ અત્યાર અગાઉ જ આ ખરડાને મજૂરી આપી ચૂક્યું હતું. હવે હાઉસ ઑફ લોર્ડ્ઝે પણ મંજૂરી આપી હતી. આમ બ્રેક્ઝિટના માર્ગમાં રહેલા તમામ અવરોધો દૂર થયા હતા. જો કે હાઉસ ઑફ લોર્ડ્ઝમાં થોડાંક સૂચનો રજૂ થયાં હતાં જેમાં બાળ શરણાર્થી જેવા મુદ્દાનો સમાવેશ થયો હતો. હવે બ્રિટન યૂરોપિયન યુનિયનની બહાર નીકળી જઈ શકશે.

બ્રેક્ઝિટનો અર્થ છે બ્રિટન એક્ઝિટ એટલે કે બ્રિટનનુ યુરોપીય યુનિયનમાંથી બહાર જવાનો છે. હાલમાં યુરોપીય યુનિયનમાં ૨૮ યુરોપીય દેશોની આર્થિક અને રાજકીય ભાગીદારી છે. દ્વિતીય વિશ્વ યુદ્ધ બાદ આર્થિક સહયોગ વધારવા માટે યુરોપીય સંઘનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ. આની પાછળનો વિચાર હતો કે જે દેશ એક સાથે વેપાર કરશે તે એકબીજા સાથે યુદ્ધ કરવાથી બચશે. યુરોપીય યુનિયનની પોતાની મુદ્રા યુરો છે જેનો ૨૮માંથી ૧૯ સભ્ય દેશો ઉપયોગ કરે છે.

ભારતીય મુસ્લિમને કોઈ હાથ પણ લગાવી શકશે નહીંઃ રાજનાથ સિંહ

મેરઠ



નાગરિકતા સુધારણા કાયદાના સમર્થનમાં ભાજપ દ્વારા આયોજીત રેલીને સંબોધિત કરતા રક્ષા મંત્રી રાજનાથ સિંહે બુધવારે જણાવ્યું કે, કોઈ ભારતીય મુસ્લિમને કોઈ હાથ પણ લગાવી શકશે નહીં. અમે સરકાર નહીં પરંતુ દેશ બનાવવાની રાજનીતિ કરીએ છીએ.

રાજનાથ સિંહે મેરઠના માધવકુંજ મેદાનમાં નાગરિકતા સુધારણા કાયદાના સમર્થનમાં આયોજીત એક રેલીને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, આ કાયદાને હિન્દુ-મુસ્લિમની દ્રષ્ટિએ જોવો જોઈએ નહીં.

આપણા વડાપ્રધાન ધર્મથી આગળ વધીને ન્યાયની વાત કરે છે. ગાંધીજીએ જણાવ્યું હતું કે ધર્મના આધારે ભાગલા થશે નહીં.

રક્ષા મંત્રીએ જણાવ્યું હતું કે, પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશમાં ધાર્મિક લઘુમતિઓ મુશ્કેલીમાં જીવન પસાર કરી રહ્યા છે અને ભારતે પોતાના ધર્મનું પાલન કર્યું છે. અમે ધર્મની રાજનીતિ કરતા નથી. તેમણે સવાલ કરતા જણાવ્યું કે, શું નાગરિકોનું રજિસ્ટર હોવું જોઈએ કે નહીં? સરકારી યોજનાનો લાભ લેવા માટે દસ્તાવેજ હોવા જોઈએ કે નહીં?

દાવોસમાં નાગરીકતા સુધારણા કાયદા પર સદગુરુનું નિવેદન

જે દેશમાં રસ્તાઓ પર બસો સળગતી હોય ત્યાં કોઈ રોકાણ ન કરેઃ જગ્ગી વાસુદેવ

દુનિયામાં ભારતની છાપને સુધારીને તેની આગવી ઓળખ ઉભી થાય તેવા પ્રયાસો પણ કરવા જોઈએ

દાવોસ

સ્વિત્સરલેન્ડના દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમનું આયોજન કરવામાં આવ્યું છે. ડબલ્યુઈએફની ૫૦મી બેઠક ૨૦ જાન્યુઆરીના રોજથી શરૂ થઈ ચૂકી છે જે ૨૪ જાન્યુઆરી સુધી ચાલશે. આ કાર્યક્રમમાં ભારત સહિતના ઘણાબધા દેશોની હસ્તિઓ સામેલ થશે. દુનિયાભરના લગભગ ૩૦૦૦ પ્રતિનિધિઓ આ બેઠકમાં ભાગ લઈ રહ્યા છે. આ કાર્યક્રમમાં ભારતીય પ્રતિનિધિમંડળની આગેવાની કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલ કરી રહ્યા છે.

પીયૂષ ગોયલ ઉપરાંત કેન્દ્રીય રાજયમંત્રી મનસુખલાલ મંડાવિયા, મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી કમલનાથ, કર્ણાટકના મુખ્યમંત્રી બીએસ



યેદિયુરપ્પા સહિતના દિગ્ગજ બિઝનેસમેન, ફિલ્મી જગતની હસ્તિઓ અને ઈશા ફાઉન્ડેશનના અધ્યક્ષ અને આધ્યાત્મિક ગુરુ સદગુરુ જગ્ગી વાસુદેવ પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા છે. તેમણે એક ઈન્ટરવ્યૂમાં નાગરિકતા સુધારણા કાયદા પર નિવેદન આપતા કહ્યું કે જે ભારતમાં ઠેર-ઠેર આનો વિરોધ થઈ રહ્યો છે, કોઈ પણ બિઝનેસમેન એવા દેશમાં રોકાણ નહીં કરે કે જે દેશના રસ્તાઓ પર બસો સળગી રહી હોય.

સદગુરુએ કહ્યું કે, નાગરિકતા સુધારણા કાયદાની વિરુદ્ધ ભારતમાં થઈ રહેલા વિરોધ પ્રદર્શનો દેશમાં બધી જ જગ્યાઓ પર થઈ રહ્યા છે પણ એવું પણ ન કહી શકાય કે આ વિરોધ સમગ્ર દેશમાં થઈ રહ્યો છે. દેશના ઘણા બધા સ્થળોએ કોઈ વિરોધ જોવા મળ્યો નથી. પરંતુ દેશના રસ્તાઓ પર બસો સળગતી રહેશે ત્યાં સુધી દુનિયામાં આપણી છાપ સુધરી શકશે નહીં. તેથી આપણે દુનિયામાં ભારતની છાપને સુધારીને તેની આગવી ઓળખ ઉભી થાય તેવા પ્રયાસો પણ કરવા જોઈએ.

સતીશ અરોરાને એક વર્ષ માટે સુપ્રિમ કોર્ટમાં ડેપ્યૂટેશન પર મોકલવામાં આવ્યા

નિર્ભયાના દોષિતો વિરુદ્ધ ડેથ વોરન્ટ જાહેર કરનારા જજની ટ્રાન્સફર

ન્યુ દિલ્હી

નિર્ભયા રેપ કાંડના દોષિત વિરુદ્ધ ડેથ વોરન્ટ જાહેર કરનારા જસ્ટિસ સતીશ કુમાર અરોરાની ટ્રાન્સફર થઈ ગઈ છે. દિલ્હી પટિયાલા હાઉસ કોર્ટમાં એડિશનલ સેશન્સ જસ્ટિસ તરીકે ફરજ બજાવનારા સતીશ અરોરાને સુપ્રીમ કોર્ટમાં મોકલી દેવાયા છે. સુપ્રીમ કોર્ટમાં તેમને એડિશનલ રજિસ્ટ્રાર તરીકે એક વર્ષ માટે ડેપ્યુટેશન પર મોકલવામાં આવ્યા છે.

વર્ષ ૨૦૧૨માં દિલ્હીમાં થયેલા ગેંગરેપના ચારેય દોષિતો વિરુદ્ધ ડેથ વોરન્ટ જાહેર કર્યું હતું. આ મામલે છેલ્લા ઘણા સમયથી કોર્ટમાં સુનાવણી થતી હતી. પરંતુ હવે ૧ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ વહેલી સવારે છ વાગ્યે નિર્ભયાના દોષિતોને ફાંસી આપવાની જાહેરાત કરવામાં આવી છે.

નિર્ભયા કેસના ચાર દોષિત મુકેશ, પવન, વિનય અને અક્ષયને ઘણા સમય પહેલેથી જ ફાંસીની સજા સંભળાવી દેવામાં આવી હતી. છેલ્લા એક મહિનામાં બે વખત ચારેય દોષિત વિરુદ્ધ ડેથ વોરન્ટ જાહેર કર્યું હતું. પહેલા ૨૨ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ તેમને ફાંસીની સજા સંભળાવી હતી. પરંતુ દોષિત વિનયે સુપ્રીમમાં ક્યૂરેટિવ પીટિશન દાખલ કરી હતી અને બાદમાં મુકેશે પણ એવું કર્યું હતું. મુકેશે રાષ્ટ્રપતિ સમક્ષ દયા અરજી પણ કરી હતી જો કે બાદમાં તેને ફગાવી દેવામાં આવી હતી. કાયદાકીય વિકલ્પોને પગલે દોષિતોની ફાંસીની તારીખ આગળ લંબાવવામાં આવી હતી.

કેન્દ્રના જળશક્તિ પ્રધાન ગજેન્દ્ર સિંહનું નિવેદન

એકવાર રાવી નદી પર બરાજ બંધાઈ જવા દો પાકિસ્તાન તરફ એક ટીપું પાણી નહિ જાય



ન્યુ દિલ્હી

કેન્દ્રના જળશક્તિ પ્રધાન ગજેન્દ્ર સિંઘ શેખાવતે કહ્યું હતું કે એકવાર રાવી નદી પર બરાજ બંધાઈ જવા દો. પછી તમે જો જો, એક ટીપુંય પાણી પાકિસ્તાન તરફ નહીં જાય. ભારતનું પાણી ભારતમાંજ રહેશે.

ગજેન્દ્ર સિંઘ શેખાવતે બરાજના કામકાજનું નિરીક્ષણ કર્યું હતું અને રણજિત સાગર ડેમ સાથે સંકળાયેલા અધિકારીઓ જોડે બેઠક પણ યોજી હતી. તેમણે મિડિયા સાથે વાત કરતાં કહ્યું કે અત્યારે બરાજનું કામકાજ ચાલુ છે. ૨૦૨૨ સુધીમાં કામ પૂરૂં થઈ જવાની ધારણા છે.

તેમણે ખાતરી આપતાં કહ્યું કે આ કામમાં જરૂરી આર્થિક મદદની બાબતમાં કેન્દ્ર સરકાર તરફથી પાછું વાળીને જોવામાં નહીં આવે. આ બંધ દ્વારા વધારાનું જે પાણી બચશે એને ૧૦૦થી વધુ તટવર્તી ગામોને પીવાના પાણી રૂપે આપવામાં આવશે.

આ પ્રોજેક્ટથી જમ્મુ કશ્મીરને પણ જબરો લાભ થશે એવું ઉમેરતાં તેમણે કહ્યું કે પ્રોજેક્ટનો ૮૬ ટકા ખર્ચ કેન્દ્ર સરકાર ભોગવશે.

દિલ્હીના શાહીન બાગમાં છેલ્લા એક માસથી દેખાવો ચાલુ છે

આગામી ૧૦ દિવસમાં બીજા ૫૦૦૦ શાહીન બાગ પેદા થશેઃ ચંદ્રશેખર આઝાદ

ન્યુ દિલ્હી

ભીમ આર્મીના પ્રમુખ ચંદ્રશેખર આઝાદે એવો દાવો કર્યો હતો કે આગામી દસ દિવસમાં બીજા પાંચ હજાર શાહીન બાગ ઊભાં થશે.

પાટનગર નવી દિલ્હીમાં એક શાહીન બાગ નામનો વિસ્તાર છે જ્યાં છેલ્લા એક મહિનાથી નાગરિકતા અંગેના નવા કાયદા તથા રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટરની વિરુદ્ધ દેખાવો થઈ રહ્યા છે. એના સંદર્ભમાં આઝાદ બોલી રહ્યા હતા.

તાજેતરમાં જામીન પર છૂટેલા આઝાદ બુધવારે સાંજે શાહીન બાગ પહોંચ્યા હતા અને ત્યાં એવો આક્ષેપ કર્યો હતો કે નાગરિકતા અંગેનો નવો કાયદો ધાર્મિક દ્રષ્ટિએ ભેદભાવ કરે છે માટે એનો વિરોધ થવો જ જોઈએ.

તેમણે એવો પણ દાવો કર્યો હતો કે આપણે સૌએ બંધારણનું રક્ષણ કરવાનું છે. અહીં દેખાવો કરી રહેલા તમામ લોકોને હું ધન્યવાદ આપું છું. આ કોઈ રાજદ્વારી દેખાવો નથી, બંધારણના રક્ષણ માટેના દેખાવો છે. તેમણે કહ્યું કે આ શિયાળામાં દિલ્હીમાં રેકોર્ડબ્રેક ઠંડી પડી છે છતાં આ મહિલાઓના મનોબળને ઠંડી હંફાવી શકી નથી. પોતાના હાથમાં દેશના બંધારણના હિન્દી અનુવાદની નકલ રાખીને આઝાદે કહ્યું કે આવતા દસ દિવસમાં દેશના ખૂણે ખૂણે પાંચ હજાર શાહીન બાગ પેદા થઈ જશે એવું હું તમને વચન આપું છું.

ટ્રમ્પના કાશ્મીર વિશેના નિવેદન પર ભારતની પ્રતિક્રિયા

કાશ્મીર દ્વિપક્ષીય મુદ્દો, ત્રીજા પક્ષ માટે કોઈ જગ્યા નથીઃ રવીશ કુમાર

ન્યુ દિલ્હી

કાશ્મીર મુદ્દે ભારત અને પાકિસ્તાન વચ્ચે એક વાર ફરી અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મધ્યસ્થતાની રજૂઆતને ભારતે ઠુકરાવી દીધી છે.

સ્વિટ્ઝરલેન્ડના શહેર દાવોસમાં વિશ્વ આર્થિક મંચથી પાકિસ્તાની વડાપ્રધાન ઈમરાન ખાનથી મુલાકાત દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પના કાશ્મીર પર મદદની વાત પર ભારતે પ્રતિક્રિયા આપતા કહ્યુ કે કાશ્મીર એક દ્વિપક્ષીય મામલો છે. અહીં પર ત્રીજા પક્ષની મધ્યસ્થાની કોઈ જગ્યા નથી.

કાશ્મીર પર પાકિસ્તાનની નિવેદનબાજી પર ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રવીશ કુમારે કહ્યુ કે પાકની ટિપ્પણીઓમાં કોઈ નવી વાત નથી. તે આવુ ઘણા મહિનાથી બોલી રહ્યા છે. તેમના નિવેદન વિરોધાભાસી અને તથ્યોથી પર છે. તેમના બીજા માનદંડ છે અને હતાશાને દર્શાવે છે.

પાકિસ્તાન એક તરફ તો પીડિત કાર્ડ રમે છે અને બીજી તરફ આતંકવાદીઓને પનાહ આપે છે. જો તે ગંભીર છે તો આતંકવાદીઓ વિરૂદ્ધ કડક કાર્યવાહી કેમ કરતા નથી. તેમને આ પ્રકારની નિવેદનબાજીથી બહાર આવવુ જોઈએ. પોતાના દેશના પડકારોનો ઉકેલ લાવવો જોઈએ તેની પર ધ્યાન આપવુ જોઈએ.

દુનિયાભરના અર્થતંત્રમાં ઉતાર-ચઢાવ તો આવ્યા કરે

બજેટમાં અર્થતંત્રને વેગવાન બનાવવા એક્શન પ્લાન હશેઃ જાવડેકર

ન્યુ દિલ્હી

એક ફેબ્રુઆરીના રોજ રજૂ થનારા બજેટમાં અર્થતંત્રને વેગવાન બનાવવા માટેનો એક્શન પ્લાન હોવાની માહિતી કેન્દ્રીય પ્રધાન પ્રકાશ જાવડેકરે આપી હતી અને જણાવ્યું હતું કે દેશના આર્થિક પાયાના મૂળભૂત સિદ્ધાંતો મજબૂત છે.



આઈએમએફ દ્વારા દેશના વૃદ્ધિદરને નીચો આંકવામાં આવ્યો હોવા અંગે પૂછવામાં આવતા જાવડેકરે જણાવ્યું હતું કે દેશની અર્થવ્યવસ્થા પુનરુત્થાનના માર્ગ પર છે અને કોઈએ નિરાશાવાદી દ્રષ્ટિકોણ અપનાવવો જોઈએ નહીં. કેન્દ્રીય બજેટમાંથી તમને સરકારની કાર્યવાહીની યોજના મળશે. આપણા ફંડામેન્ટલ્સ ખૂબ જ મજબૂત છે, તેથી કોઈએ નિરાશાવાદી દ્રષ્ટિકોણ અપનાવવો જોઈએ નહીં, એમ કેન્દ્રના માહિતી અને પ્રસારણ ખાતાના પ્રધાન જાવડેકરે કેન્દ્રની કેબિનેટ મીટિંગ બાદ કહ્યું હતું.

દેશનું અર્થતંત્ર પુનરુત્થાનના માર્ગ પર હોવાનું જણાવી તેમણે કહ્યું હતું કે દુનિયાભરના અર્થતંત્રમાં ઉતાર-ચઢાવ આવ્યા કરે છે અને તેની દરેક દેશના અર્થતંત્ર પર અસર થાય છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ)એ સોમવારે ભારતના વૃદ્ધિદરનો અંદાજ ઘટાડી ૪.૮ ટકા કર્યો હતો અને તેમાં નોન-બેંકિંગ ફાયનાન્શિયલ સેક્ટરમાં તાણ અને ગ્રામીણ આવકની નબળી વૃદ્ધિને કારણરૂપ ગણાવવામાં આવી હતી. વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (ડબ્લ્યુઈએફ)ની વાર્ષિક સમિટની શરૂઆત પહેલાં વૈશ્વિક અર્થવ્યવસ્થા પર અપડેટ પ્રદાન કરતી વખતે આઈએમએફે ભારતની વૃદ્ધિની આગાહી ઘટાડી દીધી હતી.

મોડી રાત્રે અઢી પોણા ત્રણની આસપાસ આગ લાગી હતી

દિલ્હીના માનસરોવર પાર્કમાં આગઃ ૨૨ કાર અને એક ડઝન ટુ-વ્હીલર્સ બળીને ખાક

ન્યુ દિલ્હી

દિલ્હીના શદાદરાના માનસરોવર પાર્કમાં બુધવારે રાત્રે ડીડીએના પાર્કિંગમાં રહસ્યમયી રીતે લાગેલી આગમાં ૨૨ કાર અને એક ડઝનથી વધારે દ્વીચકીય વાહનો સળગીને રાખ થયા છે.

પ્રાપ્ય જાણકારી પ્રમાણે ફાયર બ્રિગેડે ઘટનાસ્થળે પહોંચીને જ્યાં સુધીમાં આગ પર કાબૂ મેળવ્યો ત્યાં સુધીમાં મોટા ભાગના વાહનો આગની લપેટમાં આવી ગયા હતા. આગ કેવી રીતે લાગી તે વિશે હજી સુધી કોઈ જાણકારી મળી શકી નથી. પોલીસ ઘટનાની તપાસ કરી રહી છે.

મોડી રાત્રે લગભગ ૨.૪૫ વાગ્યે ફાયર બ્રિગેડને ડીડીએ પાર્કિંગમાં રહેલા વાહનોમાં આગ લાગવાની જાણકારી મળી હતી. આગ એટલી ભીષણ હતી કે જોત-જોતામાં ૨૨ કાર આગની લપેટમાં આવી ગઈ. આમાંથી મોટા ભાગની કારને ખૂબ જ નુકશાન પહોંચ્યું છે. આ ઉપરાંત નવ બાઈક અને ત્રણ સ્કૂટી પણ સળગીને રાખ થઈ ગયા છે.

પોતાના વાહનોની આ હાલત જોઈને માનસરોવર પાર્કના લોકો દુઃખમાં સરી પડ્યા છે. પાર્કિંગમાં રહેલા વાહનોમાં આગ લાગવા પાછળનું કારણ કોઈનું કારસ્તાન હોય તેવું પોલીસનું માનવું છે. પોલીસે આ મામલે તપાસ હાથ ધરી લીધી છે.

લોકતંત્રને કચડવાનું આ પરિણામ છે

દરેક દેશભક્ત માટે ચિંતાનો સમય, અસલી 'ટુકડે-ટુકડે ગેંગ' તો સત્તા પર છેઃ ચિદમ્બરમ

ન્યુ દિલ્હી

પૂર્વ નાણામંત્રી અને કોંગ્રેસના નેતા પી.ચિદમ્બરમે મોદી સરકાર પર ફરી એક વખત નિશાન સાધીને કહ્યુ છે કે, દેશમાં લોકશાહી ઢબે ચાલતી સંસ્થાઓને નબળી પાડવામાં આવી રહી છે. સત્તા પર બેઠેલા લોકો જ દેશના ટુકડા કરનાર અસલી.....ટુકડે-ટુકડે ગેંગ....છે.

તેમણે કહ્યુ હતુ કે, લોકશાહી ઈન્ડેક્સમાં ભારતનો ક્રમ ૧૦ સ્થાન પાછળ ગયો છે. લોકતંત્રને કચડવાનુ આ પરિણામ છે. લોકશાહી ઢબે ચાલતી સંસ્થાઓને દબાવવામાં આવી રહી છે. ભારત જે દિશામાં જઈ રહ્યુ છે તે જોઈને આખી દુનિયામાં આશંકા છે. દરેક દેશભક્ત ભારતીય માટે આ ચિંતા કરવાનો સમય છે.

ઉલ્લેખનીય છે કે, ભારત લોકશાહી ઈન્ડેક્સમાં ૧૦ સ્થાન પાછળ ધકેલાઈને હવે ૫૧મા ક્રમે આવી ગયુ છે. તેના પર પી.ચિદમ્બરમે નિશાન સાધ્યુ છે. આ ઈન્ડેક્સ ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા તૈયાર કરાય છે.

અનામત બધાનો ઈલાજ કરી દેશે,કોઈની જરૂર નહિ પડે

જેએનયુ-જેએમયુમાં પશ્ચિમી યૂપીના લોકોને ૧૦ ટકા અનામત આપો તો...: સંજીવ બાલિયાન

મેરઠ

મોદી સરકારના મંત્રીઓના નિશાના પર અત્યારે જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી અને જામિયા મિલ્લિયા ઈસ્લામિયા છે. મેરઠમાં એક રેલીને સંબોધિત કરતાં કેન્દ્રીય મંત્રી સંજીવ બાલિયાને કહ્યું કે જો ઈચ્છતા હો કે જેએનયુ અને જામિયા મિલ્લિયા ઈસ્લામિયામાં દેશવિરોધી સૂત્રોચ્ચાર ના થાય તો પશ્ચિમી ઉત્તર પ્રદેશના લોકોને ૧૦ ટકા અનામત આપી દો.

સંજીવ બાલિયાને કહ્યું કે હું રાજનાથજીને નિવેદન કરીશ કે જે જેએનયુ, જામિયામાં દેશના વિરોધમાં સૂત્રોચ્ચાર કરે છે તેમનો ઈલાજ એક જ છે, પશ્ચિમ ઉત્તરપ્રદેશનું અહીં ૧૦ ટકા અનામત કરાવી દો, બધાનો ઈલાજ કરી દેશે. કોઈની જરૂર પડવાની નથી.

બાલિયાને આગળ કહ્યું કે ત્યાં કોઈ નારા લાગી રહ્યા નથી. આ તેમને પણ સંદેશ છે, જે આ કાયદાનો વિરોધ કરે છે. જ્યારે દેશ આઝાદ થયો ત્યારે ૭ કરોડ મુસલમાન હતા. અત્યારે ૨૦ ટકા છે અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં ૫૦ ટકા. હિન્દુ ૨૩ ટકાથી ૩ ટકા અને મુસલમાન ૭ ટકાથી ૪૦ ટકા. અંતર એટલું મોટું છે, તમે જાતે જ જોઈ લો.

કનેક્ટ ઈન્ડિયન્સ www.connectindians.inમાં જોડાઈ નિયમ મુજબ કામ કરો અને સોળ વર્ષ જુના સમાચારપત્ર (news paper) જંગ એ ગુજરાત www.jungegujarat.inના
PRESS પ્રતિનિધિ બની સમાજમાં પ્રતિષ્ઠા સાથે સંપત્તિ કમાવા તાત્કાલિક વહેલા તે પહેલાંના ધોરણે નિયુક્તિ માટે સંપર્ક કરો. ૯૯૭૮૪૦૬૨૫૭

જોજો ચૂકી જતા આ મોકો

MARKET 4U ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૫૫૦/- ભરી શકે તેવા અને
પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા
૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને
મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો
(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને **જીતો**



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ

(શરતો લાગુ રહેશે)

9978406257

'આપની પ્રગતિ એજ અમારો નિર્ધાર'

શુ આપ **Market4u** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/-ભરાવી **Market4u**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **Market4u**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U** ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

અને હા જેને **PRESS** માં જોડાવામાં રસ હોય તેઓ પણ સંપર્ક કરી શકશે
PRESS પ્રતિનિધિ બનાવવામાં આવશે (નિયમ લાગુ રહેશે)

MARKET 4U **ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO Mrket4u, Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850
www.jungegujarat.in

Market4u રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી
(રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

સુરત

Market4u
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ઓફીસ એડ્રેસ

ભરૂચ

Market4u
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U**નું નવું સાહસ
WWW.CONNECTINDIANS.IN

Market4uના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **Market4u** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૫૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **Market4u**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **market4u** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૫૫૦/- ભરો અને અન્યોને **Market4u**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૫૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in • www.market4u.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ *મોકલવાનો ખર્ચ રૂ.૧૦૦/- અલગથી ચૂકવવાનો રહેશે*

CONNECT INDIANS : MLM Plan Rs. 550
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૧ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨
૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૫૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ રૂપિયા ૧૦૦/- એમ કુલ ૬૫૦/- ટ્રાન્સફર કરો . ટ્રાન્જેક્સનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **Market4u**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.jungegujarat.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી સ્થાનેથી...

વિશ્વાસ તુટી રહ્યો છે

નીરવ મોદી, વિજય માલ્યા અને મેહુલ ચોકસી બાદ બેકિંગ સેક્ટરમાં કોંભાડો એકપછી એક રીતે સપાટી પર આવી રહ્યા છે. બેંક ઓફ ઈન્ડિયાના નેતૃત્વમાં બનેલા બેંકોના કન્સોર્ટિયમ પાસેથી ફોસ્ટ ઈન્ટરનેશનલ નામની કંપની સાઢા ત્રણ હજાર કરોડ રૂપિયા લીધા બાદ દેવાળુ ફુંકી ચુકી છે. કારોબારમાં નુકસાન દર્શાવીને સમગ્ર લોનની રકમને એનપીએ જાહેર કરી દેવામાં આવતા બેંકો માટે સમસ્યા ઉભી થઈ છે. આટલી મોટી રકમ એનપીએ જાહેર કરવામાં આવ્યા બાદ બેંકો માટે પણ મોટી સમસ્યા ઉભી થઈ ગઈ છે. હવે આ મામલો સીબીઆઈ પાસે પહોંચી ગયો છે. કંપનીના કારોબારી પર શંકા થઈ તો ફોસ્ટ ઈન્ટરનેશનલના ખાતામાં તપાસ કરવામાં આવી હતી. તપાસમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે કંપની જે આયાત નિકાસ દર્શાવી રહી છે તે અસલીમાં બોગસ કામગીરીના ભાગરૂપે હતી. કંપનીએ પોતાની સાથી કંપનીઓ મારફતે આ નાણાંની રમત રમી હતી. આંકડાની રમત રમીને જોરદાર ચેડા કરવામાં આવ્યા હતા. એટલુ જ બલ્કે કંપની સતત ઉછીને લેવામાં આવતી રકમને વધારી દેવા માટે કારોબાર દર્શાવી રહી હતી. ત્યારબાદ એકાએક સાઢા ત્રણ હજાર કરોડની રકમ હજમ કરી ગઈ હતી. સાથે સાથે લોન વાપસીના નામ પર મૌન થઈ ગઈ હતી. પૈસા પરત પણ કરવામાં આવ્યા નથી. તપાસમાં આ બાબત પણ ખુલીને સપાટી પર આવી હતી કે કંપનીએ આ પૈસા પોતાની બીજી કંપનીઓના માધ્યમથી અનેક જગ્યાએ રોકી દીધા હતા. વિદેશમાં સંપત્તિ ઉભી કરવામાં આવી હતી. એટલે કે યોજનાપૂર્વક બેંકો પાસેથી પૈસા લઈને એનપીએમાં મુકી દેવામાં આવ્યા હતા. હકીકતમાં આવી જ રમત જાહેર ક્ષેત્રની બેંકોમાં પણ ચાલી રહી છે. સામાન્ય વ્યક્તિ પોતાની બચતની રકમ લઈને બેંકોની પાસે પહોંચે છે. તેના માટે બેંક જ નાણાં મુકવા માટે સૌથી સુરક્ષિત જગ્યા છે. બીજા કોઈ સારા વિકલ્પ છે પણ નથી. હકીકતમાં આ પ્રકારના ખેલ ખુબ જ ખતરનાક છે. બેંકોની અંદર એકત્રિત થઈ રહેલા પ્રજાના પૈસાની જાળવણી કરવામાં આવે તે જરૂરી છે. જનતાના આ પૈસા પર ફોસ્ટ અને અન્ય કંપનીઓ તેમજ કારોબારી ધ્યાન કેન્દ્રિત કરી નાંખે છે. બેકિંગ પ્રમાલીનો લાભ લઈને લોકો ફાયદો ઉઠાવે છે. આ પ્રકારના લોકો ખામીનો લાભ લઈને પૈસા લઈ લીધા બાદ પોતાના બિઝનેસને ફેલાવી દેવા માટે કામ કરે છે. ત્યારબાદ ધીમે ધીમે દેવાળુ ફુંકી નાંખે છે. પૈસા એક કંપનીથી થઈને બીજી કંપનીમાં પહોંચી જાય છે. જે શાંતિથી જીવન ગાળવા માટે જરૂર કરતા વધારે નાણાં હોય છે. કહેવા માટે તો આવા લોકો સામે કાર્યવાહી કરવા માટે અનેક નિયમો અને કાનુન છે પરંતુ આજ સુધી આ પ્રકારના લોકો સામે નિર્ણાયક કાર્યવાહી થઈ હોવાના દાખલા મળતા નથી. સામાન્ય લોકોના પૈસા પ્રત્યે સરકારની જવાબદારી ખુબ મહત્વપૂર્ણ છે. એકબાજુ દેશભરમાં કેશલેસ ઈકોનોમીને પ્રોત્સાહન આપવાની દિશામાં પહેલ થઈ રહી છે. બીજી બાજુ જાહેર ક્ષેત્રના બેંકોની હાલત વધુને વધુ ખરાબ થઈ રહી છે. પ્રજા બેકોમાં પ્રજાના વિશ્વાસને જાળવી રાખવા માટે તમામ પ્રયાસ કરે તે જરૂરી છે. દેશની અર્થવ્યવસ્થાની મજબુતી માટે જાહેર ક્ષેત્રની બેકિંગ સ્થિતી મજબુત રહે તે જરૂરી છે.

બેંકોમાં નાણાં પ્રજાના ડુબે છે તો વ્યવસ્થા માટે ખરાબ પરિસ્થિતી : બેંક લાઈવ રહે

કરોના વાયરસથી દહેશત

ચીનમાંથી શરૂ થયેયા જીવલેણ કરોના વાયરસના કારણે હજુ સુધી ૧૭ લોકોના મોત થઈ ચુક્યા છે અને આશરે ૫૪૦ કેસોને સમર્થન મળી ચુક્યુ છે. ચીનના વુહાન શહેરમાંથી શરૂ થયેલા આ ખતરનાક અને જીવલેણ વાયરસથી હજુ સુધી ૧૭ લોકોના મોતની સાથે સાથે આ વાયરસની અસર અમેરિકામા પણ થઈ રહી છે. આને લઈને દુનિયાભરના દેશો ચિંતાતુર છે. ભારતમાં પણ એરપોર્ટ પર યાત્રીઓની ચકાસણી કરવામાં આવી રહી છે. યાત્રીઓની સ્કીનિંગને લઈને ખુબ કઠોર વલણ અપનાવવામાં આવી રહ્યુ છે. હવે વેકસીન બનાવવામાં આવી રહી છે. અમેરિકાના નેશનલ ઈન્સ્ટીયુટ ઓફ હેલ્થના અધિકારીઓ દ્વારા બુધવારના દિવસે કહેવામાં આવ્યુ હતુ કે કરોના વાયરસના કારણે આ બિમારી ફેલાઈ રહી છે. વાયરલ નિમોનિયાની આ બિમારીની સામે લડવા માટે નવી વેક્સીન તૈયાર કરવામાં આવી રહી છે. માત્ર ૬ણ મહિનાના ગાળામાં જ વેક્સીનની માનવ ટ્રાયલ કરવામાં આવનાર છે. આ સંસ્થાના અધિકારીઓના કહેવા મુજબ તેમની સંસ્થા કેમ્બ્રિજ અને મૈસ બેસ્ડ બાયોટેક કંપનીની સાથે મળીને કરોના વાયરસની સામે લડવા માટે રસી અથવા તો વેક્સીન તૈયાર કરવામાં આવી રહી છે. વૈજ્ઞાનિકોના કહેવા મુજબ અમે પહેલાથીજ આ યોજના પર કામ કરી રહ્યા છીએ. ત્રણ મહિનાના ગાળામાં જ વેક્સીન પર કામ શરૂ કરી દેવામાં આવનાર છે. બિમારી સાથે જોડાયેલી માહિતી એકત્રિત કરવાના તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. બિમારીના લક્ષણ જાણવા માટેના પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. વાયરસને લઈને તેના ખતરનાક લક્ષણ જોવા મળી રહ્યા છે. આ બિમારીની ઓળખ કરવામાં આવી રહી છે. લક્ષણો જાણવા માટેના પ્રયાસ અભ્યાસ સાથે કરવામાં આવી રહ્યા છે.

બજેટ : કરવેરામાં પાચ ટકા કાપથી ત્રણ કરોડ કરદાતાને લાભ થશે

કરના સ્લેબ-દરને વધારવાની જરૂર

સરકારને થોડાક સમય માટે રાજકોષીય ખાદ્યની ચિંતા કર્યા વગર આગળ વધવાની જરૂર દેખાઈ રહી છે : સીતારામનની સામે પડકારો

નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧નુ બજેટ સુસ્ત અર્થવ્યવસ્થામાં તેજી લાવવા માટેના પ્રયાસના ભાગરૂપે પહેલી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરવામાં આવનાર છે. સામાન્ય રીતે જોવામાં આવે તો અર્થવ્યવસ્થાને વ્યવસ્થિત બનાવી દેવા માટે હવે તમામ બાબતો આ આવનાર બજેટ પર કેન્દ્રિત છે. સરકારના અંદાજ મુજબ કોર્પોરેટ કરવેરામાં ઉલ્લેખનીય ઘટાડો કરવા અને કારોબારીઓને અન્યોની જેમ રાહત આપવા માટે કેટલાક પગલા જાહેર કરવામાં આવી શકે છે. કોર્પોરેટ ટેક્સમાં ઘટાડો કરવા અને કારોબારીઓને રાહત આપવાના નિર્ણયના કારણે સરકારી ખજાના પર ૧.૪૫ લાખ કરોડ રૂપિયાનો બોજ પડનાર છે. અર્થવ્યવસ્થામાં છવાયેલી સુસ્તીના કારણે રાજસ્વમાં આશરે બે લાખ કરોડ રૂપિયા આવવાનો અંદાજ છે. વ્યક્તિગત આવકવેરામાં પણ ૦.૮૮ લાખ કરોડ રૂપિયાની કમી આવે તેવી શક્યતા છે. ડિસેમ્બર ૨૦૧૯માં જીએસટી વસુલાતનો આંકડો અપેક્ષા મુજબનો રહ્યો નથી. આ મોરચા પર સરકારને આશરે ૮૫૦૦૦ કરોડ રૂપિયાના રાજસ્વ નુકસાન થવાનો અંદાજ છે. એપ્રિલથી નવેમ્બર ૨૦૧૯માં ઉત્પાદન અને આયાત ડ્યુટીમાં વર્ષ ૨૦૧૮ની સમાન અવધિની તુલનામાં ઘટાડો થયો છેય. ડિસઇન્વેસ્ટમેન્ટ મારફતે ૧૦૫૦૦૦ કરોડ રૂપિયા મળવાનો અંદાજ હતો. જો કે આ લક્ષ્યને હાંસલ કરવાની બાબત વધારે મુશ્કેલ ન હતી. આવી જ રીતે ચાલુ નાણાંકીય વર્ષમાં સરકારને થનાર શુદ્ધ રાજસ્વ નુકસાનનો આંકડો ૨.૭૩ લાખ કરોડ રૂપિયા રહ્યો છે. જીએસટી મારફતે અપેક્ષા કરતા ઓછી વસુલાત થઈ રહી છે. જેથી તેની સાથે જોડાયેલી જટિલતાને દુર કરવા માટેની જરૂર દેખાઈ રહી છે. વિકાસના લક્ષ્યને હાંસલ કરવા માટે સરકારને રાજકોષીય નુકસાનને જીડીપીના ચાર ટકા સુધી રાખવાની જરૂર દેખાઈ રહી છે. રાજકોષીય નુકસાનને જીડીપીના ચાર ટકા સુધી રાખવા માટે ૧.૫ લાખ કરોડ રૂપિયા સુધી ખર્ચમાં કાપ મુકવાની જરૂર દેખાઈ રહી છે. વિકાસની ગતિને કાયમ રાખવા માટે સરળ કામ નથી. કારણ કે વિકાસની ગતિને જાળવી રાખવા માટે સરકારને રાજકોષીય ખાદ્યની ચિંતા કર્યા વગર એક વખતે આગળ વધવાની જરૂર દેખાઈ રહી છે. વિકાસને ગતિ આપવા માટે રાજકોષીય ખાદ્યની ચિંતા કરવાની સ્થિતીમાં વધારે મુશ્કેલી આવી શકે છે. વિકાસને ગતિ આપવા માટે ખર્ચમાં વધારો કરવાની બાબત જરૂરી દેખાઈ રહી છે.



સુચન : સ્કીમને કરમુક્ત કરવાથી જમાં વધશે

વરિષ્ઠ નાગરિક બચત યોજના

વરિષ્ઠ નાગરિક બચત યોજના હેઠળ ૧૫ લાખ રૂપિયા સુધીની રકમને જમા કરવામાં આવે છે. જેના પર ૮.૬ ટકાના દરે વ્યાજ ચુકવણી કરવામાં આવે છે. જો કે આ યોજના પર મળનાર વ્યાજ પણ કરવેરા યોગ્ય છે. માર્ચ ૨૦૧૮ સુધીના આંકડા પર નજર કરવામાં આવે તો આવા ખાતામાં ૩૮૬૬૨ કરોડ રૂપિયાની રકમ જમા કરવામાં આવી હગતી. જો આ સ્કીમને કરવેરા મુક્ત કરી દેવામાં આવે તો સરકારી ખજાના પર ૩૦૯૨ કરોડ રૂપિયાના વધારાનો બોજ વધી જશે પરંતુ જમા રકમમાં ઉલ્લેખનીય વધારો થઈ શકે છે. આવી જ રીતે સરકારે ઓગષ્ટ ૨૦૧૪માં પીપીએફની મર્યાદાને ૫૦૦૦૦ રૂપિયાથી વધારીને ૧૫૦૦૦૦ કરી દીધી હતી. જેના કારણે નાણાંકીય વર્ષ ૨૦૧૬ના ગાળા દરમિયાન તેમાં એક લાખ કરોડ રૂપિયાથી વધારેની રકમ થઈ ગઈ છે. જેથી પીએફની મર્યાદાને એક લાખ રૂપિયાથી વધારીને ૨.૫ લાખ રૂપિયા કરવાથી બે લાખ કરોડ રૂપિયાની સીધી બચત થઈ શકે છે. આનાથી સરકારી ખજાના પર ૨૩૦૦૦ કરોડ રૂપિયાનો બોજ પડી શકે છે. સરકાર વર્તમાન ગૃહ લોન ખરીદારો માટે આવાસ લોન હેઠળ વ્યાજજની ચુકવણી પર રાહત આપે છે. સરકાર બજેટમાં આને લઈને પણ કેટલાક પગલા લઈ શકે છે. આવાસ લોન હેઠળ વ્યાજ ચકવણીની મર્યાદાને એક લાખ રૂપિયાથી ૩ લાખ રૂપિયા સુધી વધારી શકે છે. દેશમાં આશરે ૭૫ લાખ લોકોએ બેંકોની પાસેથી લોન લઈને આવાસની ખરીદી કરી છે. જેથી આવાસ લોન પર વ્યાજદરને બે લાખ રૂપિયાથી વધારીને ત્રણ લાખ રૂપિયા કરવામાં આવે તો આ તમામ લોકોને સીધો ફાયદો થઈ શકે છે. આના કારણે સરકાર ખજાના પર આશરે ૧૫૦૦૦ કરોડ રૂપિયાનો વધારાનો બોજ આવશે પરંતુ આનાથી માર્કેટમાં તેજી આવી શકે છે. આ તમામ બાબતો બજેટ સાથે જોડાયેલી છે. જેના કારણે સીધો ફાયદો થઈ શકે છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૧માં ૧૦ ટકા લઘુતમ જીડીપી વૃદ્ધિના અનુમાનના આધાર પર સરકારની શુદ્ધ ઉધારીનો આંકડો ૫.૫ લાખ કરોડ રૂપિયા રહી શકે છે. ૨.૩૫ લાખ કરોડ રૂપિયાની અગાઉની ચુકવણીની સાથે કુલ ઉધારીનો આંકડો ૭.૮૫ લાખ કરોડ સુધી પહોંચી જાય છે. જ્યારે રાજય સરકારો દ્વારા કુલ સાત લાખ કરોડ રૂપિયાની ઉધારી લેવાની શક્યતા દેખાઈ રહી છે. આ આધાર પર નાણાંકીય વર્ષ ૨૦૨૧માં કુલ ઉધારીનો આંકડો ૧૫ લાખ કરોડ રૂપિયાની આસપાસ પહોંચી શકે છે. ખર્ચમાં કાપ ઉપરાંત સરકારી સંપત્તિને વેચીને પણ સરકાર રાજકોષીય ખાદ્યને ઘટાડી શકે છે. સરકારી સંપત્તિને વેચી દેવાથી રાજકોષીય સ્થિતી પર તેની કોઈ અસર થતી નથી. તે તરળતાની સમસ્યાઓનો સમાધાન કરે છે. ભારતમાં રાજ્યોના ૨૧૨ એકમોની સંપત્તિ જીડીપીના આશરે ૧૫ ટકાની આસપાસ છે. જે રકમમાં આશરે ૨૮ લાખ કરોડ રૂપિયા છે. જેથી સરકાર આવી સંપત્તિને વેચીને રાજકોષીય ખાદ્યને ઘટાડી શકે છે. આ ક્રમમાં માર્ચ ૨૦૧૮ સુધી કરવેરા રાજસ્વ સાથે જોડાયેલી કુલ ૭.૮ લાખ કરોડ રૂપિયાના ઉપયોગના ઉપાય પણ કરી શકાય છે. નાની બચતના માધ્યમથી સરકાર પહેલાથી જ એક લાખ કરોડ રૂપિયા મેળવી ચુકી છે. બજેટ લક્ષ્ય ૧.૩૦ લાખ કરોડ રૂપિયાની આસપાસ છે. જે સરળતાથી હાંસલ કરી શકાય છે. નિષ્ણાંતો માની રહ્યા છે કે બજેટ લક્ષ્યને ૨૦૨૧માં વધારીને ૧.૫૦ લાખ કરોડ કરવામાં આવી શકે છે. હાલમાં સ્પેક્ટ્રમ હરાજીને લઈને અનિશ્ચિતા રહેલી છે. રિયલ એસ્ટેટમાં પણ દબાણની સ્થિતી રહેલી છે. આવી સ્થિતીથી સરકારને બચાવી લેવાની જરૂર છે. હાલના સમયમાં માત્ર ચાર ટકા વસ્તી જ આવકવેરાની ચુકવણી કરી રહી છે. જો કે તે શુદ્ધ વપરાશમાં ભૂમિકા અદા કરી રહી છે. નાણાંકીય વર્ષ ૨૦૧૯માં આ વસ્તીનુ યોગદાન મહત્વપૂર્ણ રહ્યુ હતુ. ખર્ચ અને વપરાશને વધારી દેવા માટે કરવેરાના સ્લેબ અને દરોને વધારી દેવાની જરૂર દેખાઈ રહી છે.

કરવેરામાં પાંચ ટકા સુધી ઘટાડો કરવાથી આશરે આશરે ત્રણ કરોડ કરદાતાને લાભ થશે. સરકાર ખજાના પર આના કારણે ૭૫૦૦૦ કરોડનો બોજ આવશે. નાણાંપ્રધાન નિર્મલા સીતારામનની સામે બજેટને લઈને કેટલાક પડકારો રહેલા છે. આ પડકારોને કઈ રીતે હાથ ધરવામાં આવે છે તે બાબત હવે તમામ માટે ઉપયોગી બની ગઈ છે.

ફિટનેસ ફુડ : યોગ નિયમિત રીતે કરવા શિલ્પા શેટ્ટીની સલાહ

એક્સરસાઈઝ ડાયટિંગથી વધુ જરૂરી

વર્ક આઉટ માટે સમય ન મળે તો દરરોજ ૨૦ મિનિટ ચોક્કસપણે વોકિંગ કરવા માટેની સલાહ : એક ચીટ ડે તો સપ્તાહમાં જરૂરી છે

બોલિવુડની વિતેલા વર્ષોની સુપરસ્ટાર અભિનેત્રીની સાથે શિલ્પા શેટ્ટી ફિટનેસ અનમે ફુકિંગ માટે પણ ઓળખાય છે. શિલ્પા શેટ્ટીને ખાવા પીવામાં પણ ખબ કેઝ છે. સામાન્ય લોકો માને છે કે જે વ્યક્તિ ફિટનેસ સાથે જોડાયેલ હોય છે તેને ભોજનના કેઝ સાથે દુર દુર સુધી સંબંધ હોતા નથી. જો કે શિલ્પા શેટ્ટીએ આ બાબતને અયોગ્ય સાબિત કરી બતાવી છે. શિલ્પા શેટ્ટી ફિટનેસની દુનિયામાં તો યુવતિઓની ફેવરીટ બનનેલી છે. તે પોતાની ખુબસુરત ફિટનેસના કારણે આજે પણ જાણીતી રહી છે. તેની ખુબસુરતીના રાજ અંગે પુછવામાં આવતા શિલ્પા શેટ્ટી કહે છે કે તે નિયમિત યોગા અને એક્સાઈઝ મારફતે પોતાને ફિટ રાખે છે. તેનુ કહેવુ છે કે દિલ ખુશ રહેશે તો દિમાગ અને શરીર પણ ખુશ રહેશે. શિલ્પા કહે છે કે ગર્ભાવસ્થા દરમિયાન તેનુ વજન ૩૨ કિલોગ્રામ વધી ગયુ હતુ. પરંતુ તે ટુંક સમયમાં જ પોતાની જની ફિટનેસ પર આવી ગઈ હતી. આજે શિલ્પા શેટ્ટી કોઈ પણ નવી અભિનેત્રીની ફિટનેસને ટક્કર આપી શકે છે. તેની ખુબસુરત ફિટનેસ લોકોમાં ચર્ચાના કેન્દ્રમાં હમેંશા રહે છે. તેના માર્ગ પર ચાલવા માટે લાખો યુવતિઓ આજે ઉત્સુક બની છે. શિલ્પા શેટ્ટી કહે છે કે વજન ઘટાડી દેવા માટેની ઈચ્છા ક્યારેય પૂર્ણ થતી નથી કારણ કારણ કે લોકો વચ્ચે વચ્ચે ભટકી જાય છે. શિલ્પા શેટ્ટી નક્કરપણે માને છે કે ડાયટિંગથી વધારે જરૂકરી એક્સરસાઈઝ છે. યોગ અને બ્રિથિંગ એક્સરસાઈઝ રોજ કરવામાં આવે તે જરૂરી છે. તે દરેક વ્યક્તિને આ સલાહ તો ચોક્કસપણે આપે છે. વર્ક આઉટનો સમય ન મળે તો દરરોજ કમ સે કમ ૨૦ મિનિટ સુધી વોકિંગ કરવામાં આવે તો ફાયદો મળે છે. ડાયટિંગનો અર્થ ભુખ્યા રહેવાનો બિલકુલ નથી. બિનજરૂરી ભોજન કરવાની ટેવ રાખવી જોઈએ નહીં. ભોજનમાં પુરતા પ્રમાણમાં ફાઈબર અને પ્રોટીનને સામેલ કરવામાં આવે તો ફાયદો થાય છે. ખુબ ઓછા ચાહકોને આ અંગેની માહિતી છે કે શિલ્પા શેટ્ટી દર રવિવારે પોતાના ચીટ ડેના વિડિયો ઈન્સ્ટાગ્રામ પર મુકે છે. તે દિવસે તે ડાયટિંગના ટાઈમટેબલથી દુર હટીને મનપસંદ ચીજની મજા માણે છે. ચીટ ડેનુ મહત્વ સમજાવતા તે કહે છે કે સપ્તાહમાં એક દિવસ એવુ નક્કી કરવુ જોઈએ જેના કારણે બોરિયત ભેરલા ડાયટિંગ શેડ્યુલતી પોતાને એક દિવસ માટે સ્વતંત્ર અને મુક્ત રાખવામાં આવે. કઠોર ડાઈટ અને વર્કઆઉટ બાદ તરત ઉર્જા આપીને મેટાબોલિજમ વધારી દેવામાં આવે છે. જે સ્થુળતાને ઘટાડી દેવામાં સહાયક સાબિત થાય છે. એક દિવસ ભોજનમાં ચીટ કરવામા આવ્યા બાદ ફરી સમગ્ર સપ્તાહ સુધી પોતાના પર નિયંત્રણ રાખવામાં મદદ મળે છે. શિલ્પા શેટ્ટી કહે છે કે સમગ્ર પરિવારનુ ધ્યાન રાખવાની બાબત મહિલા માટે ઉપયોગી છે. સાથે સાથે આ બાબત પડકારરૂપ પણ છે. સમગ્ર પરિવારનુ ધ્યાન રાખવુ અને પોતાના માટે સૌથી છેલ્લે વિચારણા કરવાની બાબત ભારતીય મહિલાની ટેવ હોય છે. શિલ્પા મહિલાઓને સલાહ આપતા કહે છે કે મહિલાઓએ પોતાના અંગે પણ વિચારણા કરવી જોઈએ. તમે જેટલી સ્વસ્થ અને ખુશ રહેશો તેટલા ખુશી સાથે પરિવારના સભ્યો રહેશે. શિલ્પા શેટ્ટીને ભોજન બનાવવા અને ખવડાવવાની બાબત ખુબ પસંદ છે. એવુ બની શકે કે તેના દ્વારા બનાવવામા આવેલા ભોજનમાં તેલનુ પ્રમાણ જોવા ન મળે પરંતુ સ્વાદને લઈને તે હમેંશા ધ્યાન રાખે છે. તેની દરેક ડિસમાં ભારતીય સ્વાદની મજા જોઈ શકાય છે. તે કાળા મર્ચા અને જીરુનો નિયમિત રીતે ઉપયોગ કરે છે. જે પકવાન પસંદ પડે છે તેમાં સ્વાદ અને આરોગ્યની દ્રષ્ટિએ ફેરફાર કરીને તેને નવી રેસિપી બનાવી લે છે. આટલી વ્યસ્ત હોવા છતાં તેની ઈચ્છા રહે છે કે તે અને તેના પરિવારના સભ્યો ઘરમાં બનાવવામા આવેલી ચીજોનો જ ઉપયોગ કરે. તેનુ કહેવુ છે કે કોઈ પણ ચીજ ખરીદતા પહેલા તેના લેબલને વાંચવામાં આવે તે જરૂરી છે.

બ્યુટિ ટિપ્પ : ઠંડીની સિઝનમાં સ્કીનને અસર

ચહેરાને રાત્રે રોજ સાફ કરો

બ્યુટિશિયનો અને નિષ્ણાતો કહે છે કે ઠંડા પવન હમેંશા સ્કીન અને વાળને નુકસાન કરે છે. આના કારણે સૌન્દર્યની સમસ્યા ઉભી થાય છે. આ સિઝનમાં તો ઓઈલી સ્કીન પણ શુષ્ક થઈ જાય છે. જેથી શુષ્ક સ્કીનને ક્રીમ અને ઓઈલની મદદથી મોઈસ્ચરાઈઝ કરવામાં આવે છે. બ્યુટિશિયનોનુ કહેવુ છે કે આ પ્રકારની સિઝનમાં દરેક વ્યક્તિએ દરરોજ પોતાના ફેશિયલ કેયર રૂટીન હેઠળ સ્કીનને બે વખત સાફ કરવાની જરૂર હોય છે. સુતા પહેલા ચહેરા પર જામી ગયેલા કચરાને સાફ કરવામાં આવે તે જરૂરી છે. સુતા પહેલા દિવસ દરમિયાન અને સાંજે પણ ચહેરા પર માટી અને ધુળના કણ ચોંટી જાય છે. આ બાબત એમ જાણી શકાતી નથી. જેથી ધીમી ધીમે દરરોજ સુતા પહેલા ગરમ પાણીી સ્કીનને સાફ કરવામાં આવે તે જરૂરી છે. સાથે સાથે સામાન્ય અને શુષ્ક બંને પ્રકારની સ્કીન માટે ક્લીજિંગ ક્રીમ અથવા તો જેલનો પ્રયોગ કરી શકાય છે. વૈકલ્પિક રીતે તમે અડધા કપમાં ઠંડુ પાણી લઈને તેમાં તલ, સુર્યમુખી અને અન્ય ઓઈલ મિક્સ કરીને મિશ્રણ બનાવ્યા બાદ તેને રૂથી સાફ કરવાથી ફાયદો થાય છે. જો સ્કીન ઓઈલી છે તો ક્લીજિંગ અથવા તો ફેશવોશનો ઉપયોગ કરી શકાય છે. ઓઈલી સ્કીન પર કાળા નિશાન પડી જવાથી સ્થિતીમાં ચોખાના પાવડરને દહીમાં મિક્સ કરીને ચહેરા પર સપ્તાહમાં એક બે વખત લગાવવાથી ફાયદો થાય છે. હળવા હાથથી તેને રગડીને સાફ કરવાની જરૂર હોય છે. તમામ પ્રકારની સ્કીન માટે પણ જુદા જુદા પ્રયોગ કરવામાં આવે તો ફાયદો થાય છે. ફેશમાસ્ક પણ ઘરે તૈયાર કરવામાં આવી શકે છે.

ફિલ્મી ગપસપ...



ભૂમિ પેડનેકરે ભોપાલમાં ફિલ્મ 'દુર્ગાવતી'નું શૂટિંગ શરૂ કર્યું

મુંબઈ

બોલિવૂડ એક્ટ્રેસ ભૂમિ પેડનેકરની ફિલ્મ 'દુર્ગાવતી'નું શૂટિંગ ૨૩ જાન્યુઆરીથી ભોપાલમાં શરૂ થયું છે. અક્ષય કુમારે ઈન્સ્ટાગ્રામમાં તસવીર શેર કરીને આ માહિતી આપી હતી. ફિલ્મને જી. અશોક ડિરેક્ટ કરી રહ્યાં છે તો ફિલ્મને વિક્રમ મલ્હોત્રા તથા ભૂષણ કુમાર પ્રોડ્યૂસ કરી રહ્યાં છે. આ ફિલ્મની જાહેરાત ગયા વર્ષે નવેમ્બરમાં કરવામાં આવી હતી. ભૂમિએ ઈન્સ્ટાગ્રામમાં આ ફિલ્મનું શૂટિંગ શરૂ થાય તે પહેલાં એક વીડિયો શેર કર્યો હતો. આ વીડિયોમાં તેણે ભોપાલનું લોકેશન શેર કર્યું હતું. ફિલ્મમાં ભૂમિ લીડ રોલમાં જોવા મળશે.

સાઉથ એક્ટ્રેસ અનુષ્કા શેટ્ટીની ફિલ્મ 'ભાગમતી'ની હિંદી રીમેક 'દુર્ગાવતી' છે. ફિલ્મની વાર્તા હોરર તથા સસ્પેન્સથી ભરેલી હતી. 'ભાગમતી'માં મહિલા આઈએએસ ઓફિસર ચંચળ રેડ્ડી ભૂતિયા ઘરની અંદર બંધક બને છે. ચંચળ રેડ્ડીમાં આત્માનો પ્રવેશ થાય છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર હિટ રહી હતી. 'દુર્ગાવતી'માં ભૂમિ, ચંચળ ચૌહાણનો રોલ પ્લે કરશે.

ઈન્દિરા જયસિંહ જેવી મહિલાઓ જ રાક્ષસોને જન્મ આપે છે : કંગના રનૌત

મુંબઈ

થોડાં દિવસ પહેલાં સીનિયર વકીલ ઈન્દિરા જયસિંહે દિલ્હી ગેંગ રેપ પીડિતાની માતા આશાદેવીને અપીલ કરી હતી કે જે રીતે સોનિયા ગાંધીએ રાજીવ ગાંધીના હત્યારાઓને માફ કર્યા તે રીતે તેઓ પણ દુષ્કર્મના આરોપીઓને માફ કરી દે. આ વાત પર હવે બોલિવૂડ એક્ટ્રેસ કંગના રનૌતે પ્રતિક્રિયા આપી છે. કંગના સીનિયર વકીલ ઈન્દિરા પર ગુસ્સે થઈ હતી અને તેણે દાવો કર્યો હતો કે ઈન્દિરા જેવી મહિલાઓ રેપિસ્ટ પ્રત્યે કૂણું વલણ દાખવે છે અને તેઓ જ આ રાક્ષસોને મોટા કરે છે.

કંગનાએ પોતાની અપકમિંગ ફિલ્મ 'પંગા'ના પ્રમોશન દરમિયાન મીડિયા સાથેની વાતચીતમાં ઈન્દિરા



જયસિંહને લઈ વાત કરી હતી. એક્ટ્રેસે કહ્યું હતું, તે મહિલા (ઈન્દિરા જયસિંહ)ને ચાર દિવસ તે છોકરાઓ સાથે જેલમાં મૂકી દો. તેમને આની જરૂર છે. કેવી મહિલાઓ હોય છે, જેમને આવા લોકો પર બહુ દયા આવતી હોય છે? આવી જ મહિલાઓના ગર્ભમાંથી રાક્ષસોનો જન્મ થાય છે. જેમને આ નિષ્ઠુર તથા ખૂની લોકો પ્રત્યે દયા આવતી હોય, પ્રેમ આવતો હોય તેમની કોખ પણ એવી જ હોય છે. જેઓ આવું વિચારે છે, તેમની કોખ આવી હોય છે.

'મલંગ'નું નવું ગીત 'હમરાઝ' રિલીઝ




મુંબઈ

દિશા પટણી અને આદિત્ય રોય કપૂરની જોડીવાળી આગામી ફિલ્મ 'મલંગ'નું લેટેસ્ટ સોંગ હમરાઝ રિલીઝ કરવામાં આવ્યું છે. આ ગીતમાં જ્યાં દિશા અને આદિત્યનો રોમાન્સ જોવા મળી રહ્યો છે. ૭ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ રિલીઝ થનાર આ ફિલ્મ મોરીશસ, ગોવા અને મુંબઈના કેટલાક ભાગમાં શૂટ કરવામાં આવી છે. ફિલ્મનું ટ્રેલર જોરદાર સસ્પેંસ અને લવ કેમેસ્ટ્રી છે. ફિલ્મના ડાયરેક્ટર મોહિત સૂરી છે. આ ફિલ્મનું નિર્માણ ટી-સીરીઝના ભૂષણ કુમાર, કિશન કુમાર, લવ ફિલ્મ્સના લવ રંજન, અંકુર ગર્ગ અને નોર્ધર્ન લાઈટ્સ એન્ટરટેનમેન્ટના જે.શેવક્રમણી દ્વારા કરવામાં આવ્યું છે. આ ગીતને કુનાલ વર્માએ લખ્યું છે જ્યારે સચેટ ટંડને ગાયું છે.

આદિત્ય રોય કપૂર અને દિશા પટાનીની ફિલ્મ 'મલંગ'ના ટ્રેલરના કેન્દ્રસ્થાને એકબીજાથી સાવ અલગ ચાર પાત્રો છે. જીવવાની અને જીવ લેવાની તેમની પોતાની વ્યાખ્યા છે. આદિત્ય માટે હત્યાઓ કરવી એ નશો કરવા જેવું છે, કુણાલ ખેમૂ માટે એ જરૂરિયાત છે જ્યારે પોલીસ ઓફિસરનો રોલ પ્લે કરતા અનિલ કપૂરનો એ સ્વભાવ છે. આ ફિલ્મમાં દિશા રહસ્યમય રોલમાં છે. તેના માટે હત્યા મજા માટે છે. 'મલંગ' થ્રિલિંગ એડ્વેન્ચર હોય એમ જણાય છે.

અક્ષય કુમારની 'પૃથ્વીરાજ'ની લીડ એક્ટ્રેસ માનુષી છિલ્લરનો ફર્સ્ટ લુક રિલીઝ



મુંબઈ

અક્ષય કુમાર તથા માનુષી છિલ્લર યશરાજ બેનરની ફિલ્મ 'પૃથ્વીરાજ'માં સાથે કામ કરી રહ્યાં છે. ફિલ્મમાં માનુષીએ સંયોગીતાની ભૂમિકા ભજવી છે અને હવે સંયોગીતાની પહેલી ઝલક સામે આવી છે. લીડ એક્ટ્રેસ તથા પૂર્વ મિસ વર્લ્ડ માનુષી છિલ્લરે મેકઅપ રૂમમાં આ તસવીર લીધી હતી અને તસવીર ઈન્સ્ટાગ્રામમાં શેર કરી હતી. આ ફિલ્મ પૃથ્વીરાજ ચૌહાણ તથા સંયોગીતાની લવ સ્ટોરી પર આધારિત છે. આ ફિલ્મનું શૂટિંગ શરૂ થઈ ચૂક્યું છે.

મોહમ્મદ ઘોરીના રોલમાં માનવ વિજ છે. ફિલ્મમાં પૃથ્વીરાજના પરાક્રમો ઉપરાંત થોડો લવ એન્ગલ પણ બતાવવામાં આવશે, જેમાં પૃથ્વીરાજ તથા કન્નૌજની રાજકુમારી સંયોગીતા વચ્ચેની લવ સ્ટોરી બતાવવામાં આવશે. આ વાતને પૃથ્વીરાજના દરબારના કવિ ચંદબરદાઈએ પોતાના મહાકાવ્ય 'પૃથ્વીરાજ રાસો'માં લખી હતી. ઈતિહાસની વાત કરીએ તો પૃથ્વીરાજને ચાર પત્નીઓ હતી. જોકે, ફિલ્મમાં માત્ર બેની જ વાત કરવામાં આવશે. પ્રથમ પત્ની સંયોગીતા બતાવવામાં આવશે. બીજી પત્નીના પાત્ર માટે ટીવી એક્ટ્રેસની પસંદગી કરવામાં આવશે. આ રોલ માત્ર ચારથી પાંચ સીનનો જ હશે.



મોનાકોમાં ૪૪ મા મોન્ટે-કાર્લો આંતરરાષ્ટ્રીય સર્કસ મહોત્સવના પર્વ દરમિયાન ચીનનાં શેંડંગથી આવેલા આ ટોપલો રજૂ કરે છે.

પ્રદિપ સરકારની બિનોદિની દાસની બાયોપિકમાં ઐશ્વર્યા રાય કામ કરે તેવી અટકળો

મુંબઈ

પ્રદિપ સરકાર ૧૯મી સદીની ગણિકા તથા એક્ટ્રેસ બિનોદિની દાસ પર બાયોપિક બનાવી રહ્યાં છે. આ ફિલ્મને લઈ પ્રદિપ સરકાર એક્ટ્રેસ ઐશ્વર્યા રાયને થોડાં મહિનાઓ પહેલાં મળ્યાં હતાં. પ્રદિપ સરકારને જ્યારે બિનોદિની પર બાયોપિક બનાવવાનો વિચાર આવ્યો તો તેમના મનમાં સૌ પહેલાં ઐશ્વર્યા રાયનું જ નામ આવ્યું હતું. તેમણે ઐશ્વર્યાને ફિલ્મનું પહેલું નેરેશન પણ આપ્યું હતું અને એક્ટ્રેસે પ્રોજેક્ટમાં રસ દાખવ્યો હતો અને હા પાડી હતી. વધુમાં પ્રદિપ સરકારે કહ્યું હતું કે ઐશ્વર્યાએ હજી સુધી ફિલ્મમાં કામ કરવાની હા પાડી નથી પરંતુ તેમને વિશ્વાસ છે કે તે ફિલ્મમાં કામ કરવા જરૂર રાજી થશે.

રમત જગત વિશેષ

સહેવાગ પર ભડક્યો શોએબ, કહ્યું : 'તારા માથે જેટલા વાળ નથી એટલો મારી પાસે માલ છે'



ન્યુ દિલ્હી

વિરેન્દ્ર સહેવાગનો ૩ વર્ષ પહેલાનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં તેણે કહ્યું હતું કે, શોએબ અખ્તર આપણો સારો મિત્ર બની ગયો. કારણ કે તેને ભારતમાં ધંધો કરવો એટલે તે ભારતના ક્રિકેટરો વિશે સારુ સારુ બોલી રહ્યો છે અને વખણ કરી રહ્યો છે. તમે શોએબનું કોઈ પણ ઈન્ટરવ્યૂ જોશો, તો તે ભારતના વખાણ કરતો દેખાશે. જ્યારે રમાવાના દિવસો આવે તો એ આવું નથી કરતો.

વિરેન્દ્ર સહેવાગની આ કોમેન્ટ પછી શોએબ અખ્તરે પ્રતિક્રિયા આપી છે. તેણે કહ્યું કે, એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો મારા મિત્ર વિરેન્દ્ર સહેવાગનો છે. તમે જાણો છો કે, તે ગંભીરતા વિના જ વાત કરવા માટે જાણીતો છે. તેનું કહેવું છે કે શોએબ પૈસા માટે ભારતના વખાણ કરી રહ્યો છે. કોઈની કમાઈ અલ્લાહ પર નિર્ભર હોય છે. નહીં કે ભારત પર. જેટલા એના માથા પર વાળ નથી મારી પાસે એટલો તો માલ હશે.

જો કે, સાથે સાથે શોએબે એમ પણ કહ્યું કે, મે મજાકિયા અંદાજમા આ વાત કરી છે. કૃપયા આ વાત મજાકની જેમ લે. વીરૂ, આ એક મજાક છે અને એને મજાક જ રહેવા દે. શોએબે આગળ વાત કરતાં કહ્યું કે, મને એક વાત જણાવો કે શું એ વાત સાચી નથી કે ભારતની ટીમ દુનિયાની નંબર વન ટીમ નથી? શું એ સાચુ નથી કે વિરાટ કોહલી હાલના સમયમાં દુનિયાનો સૌથી સર્વશ્રેષ્ઠ બેટ્સમેન નથી?

બાંગ્લાદેશની ટીમ ત્રણ ટી-૨૦ની સીરિઝ રમવા લાહોર પહોંચી

બાંગ્લાદેશ ક્રિકેટ ટીમ ચાર્ટર્ડ ફ્લાઈટમાં પાકિસ્તાનના લાહોર ખાતે પહોંચી હતી. તેઓ લાહોરના જ ગદ્દાફી સ્ટેડિયમ ખાતે યજમાન સામે ત્રણ ટી-૨૦ની સીરિઝ રમશે. આ મેચ ૨૪, ૨૫ અને ૨૭ જાન્યુઆરીએ રમાશે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના અધિકારીઓએ એરપોર્ટ પર ટીમનું સ્વાગત કર્યું હતું. મહમ્મદુલ્લાહની કમાનીમાં ટીમ આજે સ્ટેડિયમમાં પ્રેક્ટિસ કરશે.

બાંગ્લાદેશની ટીમ: મહમ્મદુલ્લાહ, તમિમ ઈકબાલ , સૌમ્ય સરકાર, નૈમ શેખ, નઝમૂલ હુસેન, લિટ્ટન દાસ, એમડી મિથુન, આફિફ હુસેન, મહેંદી હસન, અમીનુલ ઈસ્લામ બિપ્લોબ, મુસ્તફિઝુર રહેમાન, શફીઉલ ઈસ્લામ, અલ-અમીન હુસેન, રુબેલ હુસેન અને હસન મહમુદ.

યુવેન્ટ્સના ક્રિસ્ટીયાનો રોનાલ્ડોએ ૨૬મી મિનિટે ગોલ કર્યો
ઈટાલીના ફૂટબોલ લીગ સિરી એમાં યુવેન્ટ્સે ગુરુવારે રોમાને ૩-૧થી હરાવ્યું

રોમાન

ઈટાલીના ફૂટબોલ લીગ સિરી એમાં યુવેન્ટ્સે ગુરુવારે રોમાને ૩-૧થી હરાવ્યું હતું. તુરિનમાં રમાયેલી મેચમાં પહેલો ગોલ યુવેન્ટ્સના ક્રિસ્ટીયાનો રોનાલ્ડોએ ૨૬મી મિનિટમાં કર્યો હતો. આ સાથે જ તેના ૪ મેચમાં ૭ ગોલ થઈ ગયા છે. જ્યારે સ્પેનિશ લીગ 'લા લિગા'માં બુધવારે એંટોઈન ગ્રિઝમેને ઈન્જરી ટાઈમમાં નિર્ણાયક ગોલ કરીને બાર્સેલોનાને આઈબીઆ સામે ૨-૧થી જીતાડ્યુ હતું.

યુવેન્ટ્સ માટે રોનાલ્ડો ઉપરાંત રોડ્રિગો બેટાંકુરે ૩૮મી અને લિયોનાર્ડો બોનુકીએ ૪૫+૨મી મિનિટે



ગોલ કર્યો હતો. રોમાનો એકમાત્ર સ્કોર યુવેન્ટ્સના ગોલકીપર જિયાનલુગી બફનના આત્મઘાતી ગોલ (૫૦મી મિનિટ)થી થયો હતો. બીજી તરફ આઈબીઆમાં બાર્સેલોના માટે ગ્રિઝમેને ૭૨મી અને ૯૦+૪મી મિનિટે બે ગોલ કર્યા હતા. જ્યારે આઈબીઆના જોસેપ કાબાલી માર્ટિને ૯મી મિનિટમાં ગોલ કર્યો હતો.

યુવેન્ટ્સે છેલ્લી પાંચ મેચમાં જીત મેળવી હતી. તે સિરી એના પોઈન્ટ્સ ટેબલમાં ૫૧ પોઈન્ટ્સ સાથે ટોપ પર છે. ટીમે ૨૦માંથી ૧૬ મેચ જીતી છે, ૧ હારી છે અને ૩ મેચ ડ્રો રહી હતી. રોમા ૩૮ પોઈન્ટ્સ સાથે ચોથા સ્થાને છે. તેણે ૨૦માંથી ૧૧ મુકાબલા જીત્યા, ૪ હાર્યા અને ૫ ડ્રો રહી હતી. લા લિગાના પોઈન્ટ્સ ટેબલમાં બાર્સેલોના ૪૩ પોઈન્ટ્સ સાથે ટોપ પર છે. તેણે ૨૦માંથી ૧૩ મેચ જીતી, ૩ હારી અને ૪ મેચ ડ્રો રહી હતી.

રોનાલ્ડોએ છેલ્લી આઠ મેચમાં ૧૨ ગોલ કર્યો છે. તે લીગમાં ૧૭ ગોલ સાથે પ્રથમ સ્થાને છે. તાજેતરમાં રોનાલ્ડોને યુનિયન ઓફ યુરોપિયન ફૂટબોલ એસોસિયેશનની ચેમ્પિયન્સ લીગ 'ટીમ ઓફ ધ યર'માં સ્થાન મળ્યું હતું. તેને ૧૪મી વખત આ ટીમમાં જગ્યા મળી હતી.

કોહલી સારો લીડર છે, તેણે ભારતને ટેસ્ટમાં નંબર-૧ બનાવ્યું : સ્ટીવ સ્મિથ

મેલબર્ન

ઓસ્ટ્રેલિયન બેટ્સમેન સ્ટીવ સ્મિથે ભારતીય કપ્તાન વિરાટ કોહલીના વખાણ કર્યા હતા. તેણે કહ્યું કે, કોહલી શાનદાર કપ્તાન અને બેટ્સમેન છે. તે ત્રણેય ફોર્મેટમાં વર્લ્ડ ક્લાસ પ્લેયર છે. તેણે બેટિંગમાં ઘણા રેકોર્ડ તોડ્યા છે અને ભવિષ્યમાં બધા રેકોર્ડ પોતાના નામે કરશે. તેનામાં રનની ભૂખ છે, આશા રાખું છું કે- ભવિષ્યમાં ઓસ્ટ્રેલિયા સામે તેનું બેટ ન બોલે. તેવું ન થાય એ જ અમારા માટે સારું છે. સ્મિથે વધુ ઉમેરતા કહ્યું કે, વિરાટે ભારતને ટેસ્ટમાં નંબર-૧ ટીમ બનાવી છે. તેણે ટીમ માટે હાઈ સ્ટેન્ડર્ડ સેટ કર્યા છે. તે ફિટનેસને પ્રાથમિકતા આપે છે અને સારો કેપ્ટન છે.

ગયા વર્ષે વર્લ્ડ કપમાં ભારતીય ફેન્સે સ્મિથનો મજાક ઉડાવ્યો હતો. ત્યારે કોહલીએ ભારતીય ફેન્સને શાંત કર્યા હતા. આ અંગે સ્મિથે કહ્યું કે, ભારતીય કપ્તાને વર્લ્ડ કપમાં જે કર્યું તે શાનદાર હતું. તેના વખાણ થવા જોઈએ." વિરાટને તે બદલ આઈસીસી સ્પિરિટ ઓફ ક્રિકેટ એવોર્ડ મળ્યો હતો.

ટીમના હિતમાં હશે તો કપ્તાની છોડવા તૈયાર છું : વિલિયમ્સન

ઓકલેન્ડ

ભારતીય કેપ્ટન વિરાટ કોહલીએ કિવિઝ કપ્તાન કેન વિલિયમ્સનને ટેકો આપતા કહ્યું કે, "જ્યારે એક ટીમ સંઘર્ષ કરી રહી હોય છે, ત્યારે ચારેય બાજુથી પ્રશ્નો કરવામાં આવે છે. પરંતુ નેતૃત્વ હંમેશાં પરિણામો દ્વારા નક્કી કરી શકાતું નથી." તાજેતરમાં ઓસ્ટ્રેલિયાએ પોતાના ઘરઆંગણે બોક્સિંગ ડે ટેસ્ટ સહિત ન્યૂઝીલેન્ડને ૩-૦થી હરાવ્યું હતું. તે પછી પૂર્વ કપ્તાન બ્રેન્ડન મેક્કુલમે વિલિયમ્સનની કપ્તાનીની ટીકા કરી હતી.

મેક્કુલમે કહ્યું કે, "વિલિયમ્સનને કપ્તાન તરીકેના રોલ પ્રત્યે પ્રેમ રહ્યો નથી. તે ટી-૨૦માં કપ્તાનીપદેથી હટી શકે છે." આ અંગે વિલિયમ્સને કહ્યું કે, "જો ન્યૂઝીલેન્ડ ક્રિકેટ બોર્ડ કોઈ નવો લીડર લાવવા માગતું હોય તો હું કપ્તાન તરીકે રાજીનામુ આપવા તૈયાર છું. હું હંમેશા ટીમના હિતમાં હશે તે જ કરીશ."

જોકે કોહલીનું કહેવું છે, જ્યારે કોઈ ટીમ ખરાબ સમયમાંથી પસાર થાય છે તો કપ્તાન પર સૌથી પહેલા નિશાન સાધવામાં આવે છે. હું હંમેશા ટીમના વિઝન સાથે આગળ વધવામાં માનું છું. મને નથી લાગતું કે નેતૃત્વ હંમેશાં પરિણામો દ્વારા નક્કી કરી શકાય છે.

ઓસ્ટ્રેલિયન ઓપન : મુગુરુજાની ભારે સંઘર્ષ પછી ત્રીજા સેટમાં જીત

મેલબર્ન

ઓસ્ટ્રેલિયન ઓપનના ચોથા દિવસે ગુરુવારે વરસાદના લીધે મેચ લગભગ ચાર કલાક મોડી શરૂ થઈ હતી. બે વખતની ગ્રાન્ડસ્લેમ વિજેતા ગાર્બિન મુગુરુજા ભારે સંઘર્ષ પછી જીતી હતી. તેણે ઓસ્ટ્રેલિયાની અજલા ટોમજાનોવિચને ૬-૩, ૩-૬, ૬-૩થી માત આપી હતી. કોએશિયાની ડોના વેકિક અને ચેક રિપબ્લિકની કેરોલિના પ્લિસકોવા પણ ત્રીજા રાઉન્ડમાં પહોંચી ગઈ છે. મેન્સ સિંગલ્સમાં વર્લ્ડ નંબર ૪ રશિયાનો ડેનિયલ મેદવેદેવે પણ જીત મેળવી હતી.

ગાર્બિન ૨૦૧૭માં વિમ્બલ્ડન અને ૨૦૧૬માં ફ્રેન્ચ ઓપન જીતી હતી. મહિલા સિંગલ્સમાં ડોનાએ ફ્રાન્સની એલિજ કોર્નેટને ૬-૪, ૬-૨થી હરાવી. તે પહેલીવાર ટૂર્નામેન્ટના ત્રીજા રાઉન્ડમાં પહોંચી. કેરોલિનાએ જર્મનીની લોરા સીજમંદને ૬-૩, ૬-૩થી માત આપી હતી. વર્લ્ડ નંબર-૭ બેલિન્ડા બેનસિચે લાત્વિયાની જેલેના ઓસ્તાપેનકોને ૭-૫, ૭-૫થી હરાવી હતી.

મેન્સ સિંગલ્સમાં ચોથી વખત ટૂર્નામેન્ટમાં રમી રહેલા મેદવેદેવે સ્પેનના પેદરો માર્ટિનેજને ૭-૫, ૬-૧, ૬-૩થી માત આપી હતી. તે બીજીવાર ટૂર્નામેન્ટના ત્રીજા રાઉન્ડમાં પહોંચ્યો છે. ગઈ વખતે તે ચોથા રાઉન્ડમાં બહાર થયો હતો. ૨૫૬મી રેન્કિંગ ધરાવતી લાત્વિયાએ વર્લ્ડ નંબર-૫૫ સ્લોવેનિયાના અલ્જાજ બેદેને ૭-૫, ૬-૩, ૬-૨થી હરાવી હતી.

અમેરિકી સરકાર વિઝા પર નવા કેટલાક નિયમો લાગુ કરશે

ગર્ભવતી મહિલાને અમેરિકા આવવા વિઝા નહીં આપે ટ્રમ્પ સરકાર

વૉશિંગ્ટન

અમેરિકામાં ટ્રમ્પ સરકાર વિઝા પર નવા કેટલાક નવા નિયમો લાગુ કરવા જઈ રહી છે. આ નિયમો હેઠળ ગર્ભાવતી મહિલા અમેરિકા નહીં જઈ શકે. એટલે કે પોતાનું બાળક અમેરિકામાં જન્મીને ત્યાનો પાસપોર્ટ મળી જાય, તે માટે અમેરિકા જવા ઇચ્છતી મહિલાઓ પર પ્રતિબંધો લાગુ કરવામાં આવશે. આ નિર્ણય આજથી ૨૩ જાન્યુઆરીના રોજથી લાગુ કરવામાં આવ્યો છે.

નવા નિયમથી ગર્ભવતી મહિલાઓને પર્યટન વિઝા પર મુસાફરી કરવી મુશ્કેલ બનશે. નિયમમાં કહેવામાં આવ્યું છે કે, વિઝા મેળવવા માટે વ્યક્તિએ કાઉન્સલ ઓફિસરને અમેરિકા જવા માટે કોઈ ચોક્કસ કારણ જણાવું પડશે છે. પ્રશાસન તમામ પ્રકારના ઈમિગ્રેશન પર પ્રતિબંધ મૂકી રહ્યો છે, તેમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ખાસ કરીને 'જન્મેલા નાગરિકત્વ' મુદ્દે કડક વલણ અપનાવ્યું છે. આમાં યુનાઇટેડ સ્ટેટ્સમાં જન્મેલા નોન-અમેરિકન નાગરિકોના બાળકોના નાગરિકતાના અધિકારને નાબૂદ કરવાનો છે.

અમેરિકા અને વિદેશમાં 'બર્થ ટૂરિઝમ'નો વધુ પડતો વિકાસ થાય છે. અમેરિકન કંપનીઓ પણ આ માટે જાહેરાત કરે છે અને હોટલના રૂમો અને મેડિકલ સુવિધાઓ વગેરે માટે ૮૦,૦૦૦ ડોલર વસુલ કરે છે. રશિયા અને ચીન જેવા દેશોની ઘણી મહિલાઓ બાળકોને જન્મ આપવા માટે અમેરિકા આવે છે. જોકે, ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિ બન્યા ત્યારથી અમેરિકા આ પ્રકાર વિચાર ધરાવતા લોકો સામે કડક પગલાં લઈ રહ્યું છે.



નેતાજી સુભાષચંદ્ર બોઝની જયંતિ નિમિતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા.

મણિપુરની રાજધાની ઈમ્ફાલમાં આઈડી બ્લાસ્ટ: કોઈ જાનહાનિ નહિ

ઈમ્ફાલ

મણિપુરની રાજધાની ઈમ્ફાલના પશ્ચિમી વિસ્તારમાં ગુરૂવારના સવાર IED બ્લાસ્ટ થયો છે. આ બ્લાસ્ટ પશ્ચિમી ઈમ્ફાલના નાગમપાલ રિમ્સ માર્ગ પર થઈ છે. ઘટનાસ્થળ પર સુરક્ષા દળ ઉપસ્થિત છે. બ્લાસ્ટમાં જો કે હાલ કોઈ જાનહાનિના અહેવાલ પ્રાપ્ત થયા નથી.

મણિપુરના રાજધાની ઈમ્ફાલના નાગમપાલ રિમ્સ રોડ પર આજરોજ સવારે આઈઆઈડી બ્લાસ્ટ થયો છે. બ્લાસ્ટમાં કેટલું નુકસાન થયું છે તે અંગેની કોઈ જાણકારી મળી શકી નથી. જો કે બ્લાસ્ટ અંગેની જાણકારી મળતાં સુરક્ષા દળે આ વિસ્તારે ઘેરી લીધો છે અને તપાસ શરૂ કરી દીધી છે. પ્રાપ્ત વિગત અનુસાર મણિપુરના પશ્ચિમ ઈમ્ફાલના નાગમપાલ રિમ્સ રોડ પર સવારે જોરદાર બ્લાસ્ટનો અવાજ સંભળાયો હતો. ઘટના અંગેની જાણકારી મળતા સુરક્ષા બળે તપાસ કરતાં ૈઢ બ્લાસ્ટ થયો હોવાની જાણકારી મળી.

સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર બ્લાસ્ટ એટલો બધો જોરદાર હતો કે લોકો ઉઠીને દોડીને બહાર નિકળ્યા હતા. બ્લાસ્ટ અંગેની તપાસ કરવામાં આવી રહી છે.

મહિલાઓને દરેક જગ્યાએ આગળ કરવામાં આવે છે,પુરુષો ઘરમાં ધાબળા ઓઢીને સૂઈ રહ્યા છે

પ્રદર્શનમાં 'આઝાદી'નો નારો લગાવશો તો 'દેશદ્રોહ'નો કેસ નોંધાશેઃ યોગીની ચેતવણી

લખનઉ

દેશભરમાં અનેક જગ્યાઓ પર નાગરિકતા કાયદાનો વિરોધ થઈ રહ્યો છે. પ્રદર્શનકારીઓ સીએએને લઈને સરકારનો પુરજોશમાં વિરોધ કરી રહ્યા છે. પરંતુ વિરોધનો આ વખતે સૌથી વિચિત્ર રીત 'આઝાદી'નો નારો છે. આ મામલે હવે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પ્રદર્શનકારીઓને ચેતાવણી આપી દીધી છે. જો આ નારાનો ઉપયોગ કરાશે તો દેશદ્રોહનો કેસ નોંધાશે.

કાનપુરમાં નાગરિકતા કાયદાના પક્ષમાં બીજેપીની સભાને સંબોધિત કરતા યોગી આદિત્યનાથે જાહેરાત કરી દીધી છે કે, વિરોધના નામે જો 'આઝાદી'નો નારો લગાવ્યો તો આ દેશદ્રોહ ગણાશે. સરકાર આના વિરુદ્ધ કડક કાર્યવાહી કરશે.

ય ા ે ગ ી અ ે પ્રદર્શનકારીઓને ચેતાવણી આપી, કહ્યું- લોકોને ભારતની જમીન પરથી ભારત વિરુદ્ધ કાવતરા કરવાની પરવાનગી નહીં આપવામાં આવે. સીએ યોગીએ આ મામલે નિશાન સાધતા કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, ડાબેરી પક્ષો પર મહિલાઓની આડમાં રાજકારણ રમવાનો આરોપ લગાવ્યો હતો. યોગીએ કહ્યું કે, મહિલાઓને દરેક જગ્યાએ ધરણાં આપવા માટે આગળ કરી દેવાઇ છે. પુરુષો ઘરમાં ધાબળા ઓઢીને સુઇ રહ્યા છે અને મહિલાઓને બહાર કાઢીને પ્રદર્શનમાં બેસાડવામાં આવી છે.

ભારતમાં થતી નિકાસ ઘટીને ૧૬.૮ મિલિયન ડૉલર થઈ

ભારતની પાકિસ્તાનમાંથી થતી નિકાસ ઘટીને ૨૮૬.૬૦ ડૉલર થઈ

ન્યુ દિલ્હી

ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગ સંબંધોને પગલે બન્ને દેશ વચ્ચેના વેપાર પર ભારે પ્રતિકૂળ અસર જોવા મળી છે. સ્ટેટ બેંક ઓફ પાકિસ્તાન દ્વારા તાજેતરમાં જારી કરવામાં આવેલી માહિતી પ્રમાણે ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ છ મહિના દરમિયાન દ્વિપક્ષીય વ્યાપાર વોલ્યુમમાં નોંધપાત્ર પ્રમાણમાં ઘટાડો થયો છે. આ અવધી દરમિયાન પાકિસ્તાનથી ભારતમાં થતી નિકાસ નોંધપાત્ર પ્રમાણમાં ઘટીને ૧૬.૮ મિલિયન ડોલર થઈ છે, જે વર્ષ ૨૦૧૮-૧૯ના પ્રથમ છ મહિનાના ગાળામાં ૨૧૩ મિલિયન ડોલર હતી. દરમિયાન ભારત તરફથી પાકિસ્તાનમાં થતી નિકાસ પણ ૮૬૫ મિલિયન ડોલરથી ઘટી ૨૮૬.૬૦ મિલિયન ડોલર રહી છે. ભારત સાથે પાકિસ્તાનની વેપાર ખાધ ૨૬૯ મિલિયનન ડોલર જેટલી નોંધાઈ છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો તંગ બનતા બન્ને દેશ વચ્ચેના વેપારમાં નોંધપાત્ર પ્રમાણમાં ઘટાડો થયો છે. જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવા અને રાજયના પુનઃગઠન બાદ પાકિસ્તાને ભારત સાથે દ્વિપક્ષીય વ્યાપાર સંબંધ અટકાવવાનો નિર્ણય કર્યો હતો. આર્થિક મુશ્કેલીમાંથી પસાર થઈ રહેલા પાકિસ્તાન માટે આ નિર્ણય આત્મઘાતી સાબિત થતો હોય તેમ લાગે છે. અગાઉ પુલવામા હુમલા બાદ ભારતે પાકિસ્તાનને આપેલા મોસ્ટ ફોર્વડ નેશનનો દરજ્જો પાછો ખેંચી લીધો હતો, જેને લીધે પાકિસ્તાન તરફથી ભારતમાં થઈ રહેલી આયાતમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો.

જે મુસ્લિમ શાસકો ૮૦૦ વર્ષ સુધી શાસન કર્યું, તે લુંટારા હતા

ઝીણાના રસ્તા પર ન ચાલો, ભારતને ધમકાવવાની જરૂર નથી: ગિરીરાજ સિંહ

ન્યુ દિલ્હી

એઆઇએમઆઇએમના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીના નાનાભાઇ અને તેલંગાણાના ધારાસભ્ય અકબરુદ્દીન ઓવૈસીએ કેન્દ્રીય પ્રધાન ગિરિરાજ સિંઘને સંબોધીને કહ્યું હતું કે તમે મુહમ્મદ અલી જિન્નાહના માર્ગે નહીં જતા. હવે સમય બદલાયો છે, લોકો જાગ્રત થઈ ચૂક્યા છે. તમે લોકોને ભરમાવી નહીં શકો.

ગિરિરાજ સિંઘે એવું વિધાન કર્યું હતું કે મુસ્લિમ શાસકોએ દેશ પર ૮૦૦ વર્ષ રાજ્ય કર્યું. એમાંના મોટા ભાગના લૂંટારા અને હત્યારા શાસકો હતા. એના જવાબમાં અકબરુદ્દીને કહ્યું કે અમારા પૂર્વજોએ કુતુબમિનાર આપ્યો અને જે લાલ કિલ્લા પરથી વડા પ્રધાન રાષ્ટ્રધ્વજ ફરકાવે છે એ લાલ કિલ્લો પણ અમારા પૂર્વજોએ આપ્યો છે એ હકીકત ભૂલતા નહીં.

ગિરિરાજ સિંઘને પડકારતાં અકબરુદ્દીને કહ્યું કે મુસ્લિમો પાસે નાગરિકત્વના દસ્તાવેજો માગનારા ભૂલે નહીં કે અમારા પૂર્વજોએ આ દેશ પર આઠસો વરસ રાજ કર્યું છે. અકબરુદ્દીને મુસ્લિમોને સંબોધીને કહ્યું કે કોઈ તમારી પાસે દસ્તાવેજો માગે ત્યારે કહેજો કે તું કાગળ માગનારો છે કોણ? હૈદરાબાદમાં આ જે ચાર મિનાર દેખાય છે એ મારા બાપદાદાએ બાંધ્યા છે, તારા બાપે બંધાવ્યા નથી. અકબરુદ્દીન અગાઉ પણ આવા ભ્ ડકામણાં વિધાનો કરી ચૂક્યો છે.

અગાઉ સસ્પેન્શનના કારણે મહિલા કર્મચારી રજા પર ઉતરી ગઈ હતી

રંજન ગોગોઈ સામે જાતિય શોષણનો આક્ષેપ કરનાર મહિલાને નોકરીમાં પરત લેવાઈ

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે પૂર્વ ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ પર યૌન શોષણનો આરોપ કરનારી એક પૂર્વ મહિલા કર્મચારીને સેવામાંથી સસપેન્ડ કર્યા બાદ તેને નોકરી પર પરત લેવામાં આવી છે. ઉચ્ચ પદાધિકારી સૂત્રોના જણાવ્યા અનુસાર સસપેન્ડ કરાયેલી મહિલા રજા પર હતી અને હવે ફરીથી નોકરીમાં જોડાઈ ચૂકી છે. તેના તમામ બિલો અને પગાર બંને મંજૂર થઈ ગયો છે. ચીફ જસ્ટિસ એસ એ બોબડેના નેતૃત્વમાં સુપ્રીમ કોર્ટના ત્રણ સભ્યોની આંતરીક તપાસ સમિતિએ ગયા વર્ષે મે મહિનામાં તત્કાલિન ચીફ જસ્ટિસને ક્લીનચિટ આપી હતી કારણ કે મહિલા દ્વારા તેમની વિરુદ્ધ લગાવાયેલા આરોપોમાં કોઈ તથ્ય જોવા મળ્યું નહતું.

દિલ્હીની એક કોર્ટમાં ગયા વર્ષે સપ્ટેમ્બરમાં મહિલા કર્મચારી વિરુદ્ધ છેતરપીંડિ અને ગુનાહિત ધમકી આપવાના મામલાને બંધ કરતા નગર પોલીસની ક્લોઝર રિપોર્ટ સ્વીકારી લીધી હતી. આ મામલામાં ફરિયાદકર્તા હરિયાણાના ઝજ્જર નિવાસી નવીન કુમારે કહ્યું હતું કે તેઓ અપીલની વિરોધમાં નથી અને તેઓ આ મામલાને આગળ ચલાવવા નથી માગતા.

મહિલાએ ગયા વર્ષે એપ્રિલમાં સુપ્રીમ કોર્ટના ૨૨ જસ્ટિસના આવાસ પર શપથ પત્ર મોકલીને તત્કાલીન ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ વિરુદ્ધ આરોપ લગાવ્યો હતો. મહિલાએ દાવો કર્યો હતો કે તેણે ચીફ જસ્ટિસ પર આરોપ લગાવવાના કારણે પહેલા મારી ટ્રાન્સફર કરી દેવામાં આવી અને ત્યારબાદ મને સસપેન્ડ કરી દેવામાં આવી હતી.

ટુકડા ટુકડા ટોળી શાસક પક્ષની છે

ભાજપ દેશને હિંદુ રાષ્ટ્ર સ્થાપવા માંગે છેઃ શશી થરૂર

કોલકાત્તા

કૉંગ્રેસના સાંસદ શશી થરૂરે આક્ષેપ કર્યો હતો કે ભારતીય જનતા પક્ષ (ભાજપ) હિંદુ રાષ્ટ્ર સ્થાપવા માગે છે. ભાજપ દેશના વિકાસનો કોઈપણ કાર્યક્રમ નથી ધરાવતો અને રાષ્ટ્રના વિકાસને પ્રધાન્ય નથી આપતો. શશી થરૂરે કોલકાતા સાહિત્ય સંમેલનમાં જણાવ્યું હતું કે ખરી 'ટુકડા ટુકડા ટોળી' શાસક પક્ષની છે અને તે દેશના ભાગલા પાડી રહી છે.

કૉંગ્રેસના નેતાએ દાવો કર્યો હતો કે હાલની કેન્દ્ર સરકાર વિકાસની માનસિકતા નથી ધરાવતી. તે અંગ્રેજોની 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિ અપનાવી રહી છે.

તેમણે સવાલ કર્યો હતો કે શું રાષ્ટ્રવાદ માટે ધર્મ જરૂરી છે? દેશના વિભાજન વખતે પાકિસ્તાને પોતાને ઈસ્લામિક રાષ્ટ્ર જાહેર કર્યું હતું, પરંતુ મહાત્મા ગાંધી ભારતને બિનસાંપ્રદાયિક દેશ બનાવવા માગતા હતા.

તેમણે જણાવ્યું હતું કે આપણા બંધારણમાં બધા ધર્મના લોકોને સમાનતા અપાઈ છે અને ધર્મના આધારે નાગરિકત્વ આપવાનો વિરોધ કરાયો છે.

શશી થરૂરે જણાવ્યું હતું કે દેશના ઇતિહાસમાં પહેલી વખત ઇસ્લામને બાકાત રાખીને અન્ય ધર્મના લોકોને દેશનું નાગરિકત્વ આપવાની જોગવાઈ કાયદામાં કરાઈ છે.

વૈશ્વિક ઇમરજન્સી જાહેર કરવાની વિચારણા,અત્યાર સુધી ૧૭ના મોત

કોરોના વાયરસઃ ચીનના વુહાન શહેરથી ટ્રેન-ફ્લાઈટની અવર-જવર પર પ્રતિબંધ

બીજિંગ

ચીનના વુહાન શહેરથી વિશ્વભરમાં ફેલાઈ રહેલા રહસ્યમય કોરોના વાઈરસે દુનિયાભરમાં હાહાકાર મચાવી દીધો છે. ગુરુવારે વુહાન શહેરથી બહાર આવતી જતી દરેક ઉડાન અને ટ્રેન બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. લોકોને કામ વગર ઘરની બહાર ન નીકળવાની સૂચના આપવામાં આવી છે. વિશ્વ સ્વાસ્થય સંગઠન પ્રમુખ ટેડ્રોસ એડહેનમે ગેબ્રેયીસુસે કહ્યું કે, ગ્લોબલ ઈમરજન્સી જાહેર કરવી કે નહીં તે વિશે વિચાર કરવામાં આવી રહ્યો છે.

ટ્રાન્સપોર્ટ બંધ કરવા મુદ્દે ડબલ્યુએચઓ પ્રમુખે કહ્યું કે, આ પગલાંથી ચીનમાં આંતરિક લેવલે તો વાયરસ ફેલાતો રોકાશે જ અને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ આ વાયરસ ફેલાવાની આશંકા ઓછી થઈ જશે. ચીનમાં હજારો લોકોને આ વાયરસનું ઈન્ફેક્શન થઈ રહ્યું છે. કોરોના વાયરસનો પહેલો કેસ વુહાન શહેરમાંથી ૩૧ ડિસેમ્બરના રોજ નોંધાયો હતો. કોરોના વાયરસ એસઆરએસ (સીવિયર એક્યૂટ રેસિપિરેટરી સિન્ડ્રોમ-સાર્સ) જેવો હોવાના કારણે જોખમ વધારે છે. ચીનમાં ન્યૂ યરની ઉજવણી કરવા માટે આ સમાહે લાખો લોકો આવતા-જતા રહેશે. તેને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય સ્વાસ્થય આયોગે એરપોર્ટ્સ, બસ સ્ટોપ, ટ્રેનોમાં લોકોની તપાસ કરવામાં આવી રહી છે. બેઈજિંગ, શાંઘાઈ અને ચોંગકિંગની સાથે જ ઉત્તર પૂર્વ, મધ્ય અને દક્ષિણ ચીનથી પણ કોરોના વાયરસના કેસ સામે આવ્યા છે. જાપાન, મકાઉ, દક્ષિણ કોરિયા, તાઈવાન, થાઈલેન્ડ અને અમેરિકામાં પણ તેના કેસ જોવા મળ્યા છે.

સુપ્રિમ કોર્ટે રામ સેતુ મામલે તત્કાલ સુનાવણી કરવાનો ઈંકાર કર્યો

ન્યુ દિલ્હી

રામ સેતૂ મામલે સુપ્રીમ કોર્ટે તાત્કાલિક સૂનાવણી કરવાને લઈને ઈંકાર કરી દીધો છે. સુપ્રીમે અરજીકર્તા સુબ્રમણ્યમ સ્વામીને જણાવ્યું કે તેઓ ત્રણ મહીના પછી આવે, કારણે અત્યારે સમય નથી. આ સાથે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારે જવાબ દાખલ કરવા જણાવ્યું છે.

ખરેખર તો સુબ્રમણ્ય સ્વામીએ અરજી દાખલ કરી જણાવ્યું હતું કે ૨૦૧૭માં પુરાતત્વ સર્વેક્ષણએ રામસેતૂને પુરાતત્વ સ્મારક ઘોષિત કરવા અંગે જણાવ્યું હતું, પરંતુ અત્યાર સુધી કાંઈ થયું નથી.

ક ા ે ંગ ્ ે સ ન ા નેતૃત્વવાળી યૂપીએ સરકારના સમયમાં ૨૦૦૫માં સેતુસમુદ્રમ પરિયોજનાની જાહેરાત થઈ હતી. આ સમયે તેનો ખર્ચ અંદાજે ૨૫૦૦ કરોડ હતો જે હવે વધીને ૪૦૦૦ કરોડ થઈ ગયો છે. આ પરિયોજના હેઠળ જહાજોના પરિવહન માટે અંદાજે ૮૩ કિલોમીટર મોટી બે ચેનલ બનાવામાં આવ્યા હતા.

ધાર્મિક માન્યતાઓની સાથે-સાથે ભાજપનું પણ માનવું છે કે રામસેતૂને ભગવાન શ્રીરામે બનાવ્યો હતો. જેને લઈને ૨૦૦૭માં રામસેતૂ પર વિવાદ શરૂ થયો હતો, જ્યારે યૂપીએ સરકારે પ્રસ્તાવ આપ્યો હતો કે સેતુસમુદ્રમ પરિયોજના માટે રામસેતૂ સિવાય કોઈ વિકલ્પ આર્થિક રીતે લાભદાયક નથી.

બજેટમાં અન્ય ઘણી બધી સુવિઆઓના એલાનની સંભાવના

મિશન બજેટઃ ટ્રેનની સ્પીડ વધારીને ૧૬૦ કિ.મી પ્રતિ કલાક કરાય તેવી શક્યતા

ન્યુ દિલ્હી

ભારતમાં ટ્રેનોની સરેરાશ ઝડપ હાલ ઘણી ઓછી છે. સરકાર આ બજેટમાં મિશન સ્પીડ અપગ્રેડ હેઠળ સરેરાશ ૧૬૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપ કરી શકે છે. નાણાંમંત્રી નિર્મલા સીતારામણ ૧ ફેબ્રુઆરીના રોજ રજૂ થનાર બજેટમાં રેલ યાત્રીઓને ટ્રેનો અને સ્ટેશનો પર વધુ સુવિધાઓ આપવાની જાહેરાત કરી શકે છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર આગામી બજેટમાં ઓનબોર્ડ એન્ટરટેનમેન્ટ અને ઓનબોર્ડ વાઇફાઇ જેવી સુવિધાઓની જાહેરાત થઈ શકે છે. હાલ ભારતની સૌથી ઝડપી ટ્રેન વંદે ભારત એક્સપ્રેસ છે.

તાજેતરમાં લોન્ચ થયેલી ટ્રેન ૧૮ એટલેકે વંદે ભારત એક્સપ્રેસએ રાજધાની, શતાબ્દી અને ગતિમાન એક્સપ્રેસ જેવા ટ્રેનોને પાછળ છોડી દીધી છે. વંદે ભારત એક્સપ્રેસ આ તમામ ટ્રેનોની એવરેજ સ્પીડને પછાડી સૌથી ઝડપી સ્પીડ ધરાવતી ટ્રેન બની ગઈ છે.

આઠ ફેબ્રુઆરીએ દિલ્હીમાં હિન્દુસ્તાન-પાકિસ્તાન વચ્ચે મુકાલબો થવાનો છેઃ કપિલ મિશ્રા

ન્યુ દિલ્હી

દિલ્હી વિધાનસભા ચૂંટણીને લઈને ચાલતા પ્રચાર અભિયાનમાં પણ હવે પાકિસ્તાન શબ્દને એન્ટ્રી થઈ ગઈ છે..આઠ ફેબ્રુઆરીએ થનારા મતદાન પહેલા ભાજપના ઉમેદવારે કહ્યુ છે કે આઠ ફેબ્રુઆરીએ દિલ્હીના રસ્તા પર હિન્દુસ્તાન અને પાકિસ્તાન વચ્ચે મુકાબલો થવાનો છે. દિલ્હીમાં ભાજપ-કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખિયો જંગ છે. બે વખત કેજરીવાલ સીએમ બની ચુક્યા છે. અને હવે જીતની હેટ્રિક બનાવવા માટે આમ આદમી પાર્ટી ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે. ત્યારે આપમાંથી ભાજપમાં ગયેલા ભાજપના ઉમેદવાર કપિલ મિશ્રાએ ટ્વિટ કર્યુ કે આઠ ફેબ્રુઆરીએ દિલ્હીના રસ્તા પર હિન્દુસ્તાન અને પાકિસ્તાન વચ્ચે મુકાબલો થશે. આમ દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં પણ પાકિસ્તાન શબ્દની એન્ટ્રી થઈ છે. આ અગાઉ ૨૦૧૫ માં વિધાનસભા ચૂંટણીમાં પાકિસ્તાન શબ્દ પણ અચાનક જ ચર્ચામાં આવી ગયો હતો.અમિત શાહે એક રેલીમાં જો બિહારમાં ભાજપ હારે છે તે પાકિસ્તાનમાં ફટાકડા ફોડીને ઉજવણી થશે તેવું નવેદન આપ્યુ હતુ. અને તે મામલો ચૂંટણી પંચ સુધી પહોંચ્યો હતો. ત્યારે હવે દિલ્હી વિધાનસભામાં પણ પાકિસ્તાન શબ્દની એન્ટ્રી થઈ છે.

.....આખરે પાક.વડાપ્રધાનની શાન ઠેકાણે આવી

ભારત સાથે સંબંધ સુધર્યા બાદ જ દેશની આર્થિક ક્ષમતા સુધરશેઃ ઈમરાન ખાન

અમેરિકા અને સંયુક્ત રાષ્ટ્ર સંઘ ભારત-પાકિસ્તાન વચ્ચે તંગદિલી ઘટાડવા મધ્યસ્થી કરે

દાવોસ

આર્થિક રીતે કથળી ગયેલ પાકિસ્તાને દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમના મંચ પરથી પોતાની તડપ સ્વિકારી લીધી. પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને કહ્યું કે, જ્યારે ભારત સાથેના અમારા સંબંધો સામાન્ય થઈ જશે ત્યારે દુનિયાને પાકિસ્તાનની સાચી આર્થિક ક્ષમતા જાણવા મળશે. પાકિસ્તાની પીએમએ કહ્યું કે શાંતિ અને સ્થિરતા વગર આર્થિક વિકાસ શક્ય નથી. પરમાણુ શસ્ત્રથી સંપન્ન બન્ને દેશ વચ્ચે કાશ્મીર મુદ્દે જે વિવાદ છે તેનો ઉકેલ મેળવવા આંતરરાષ્ટ્રીય સમુદાયે દરમિયાનગીરી કરવી જોઈએ.

આ દરમિયાન ઈમરાન ખાને ભારત સાથે ખરાબ સંબંધોને દુર્ભાગ્યપૂર્ણ જણાવ્યા. તેમણે કહ્યું કે, પાકિસ્તાન પણ એક કલ્યાણકારી દેશ બનવા ઈચ્છે છે. પાકિસ્તાનના પીએમ ઈમરાન ખાને જણાવ્યું કે, પાકિસ્તાન કોઈપણ નવા સંઘર્ષનો ભાગીદાર નહીં બને, કારણકે શાંતિથી જ દેશનું ભલું થઈ રહ્યું છે. ખાને દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક કોંગ્રેસ સેન્ટરમાં 'પાકિસ્તાન સ્ટ્રેટેજી ડાયલૉગ' નામના એક સત્રને સંબોધિત કરતાં આ વાત જણાવી.

તેમણે કહ્યું કે, પાકિસ્તાને અફગાન જેહાદ અને ૯/૧૧ ના આતંકવાદ વિરૂદ્ધ યુદ્ધબંનેમાંથી શીખ લીધી છે, જેણે પાકિસ્તાન અને તેના નાગરિકોને બહુ નુકસાન પહોંચાડ્યું છે, પીએમ ખાન અત્યારે વાર્લ્ડ ઈકોનોમિક કોંગ્રેસની વાર્ષિક મિટિંગમાં ભાગ લેવા માટે સ્વિટ્ઝરલેન્ડના ત્રણ દિવસીય પ્રવાસે છે. પ્રવાસ દરમિયાન તે કોર્પોરેટ, વ્યાપાર, પ્રૌદ્યૌગિક અને નાણાં સંબંધિત અધિકારીઓ સાથે આંતરરાષ્ટ્રીય નાણાકિય સંસ્થાઓના પ્રતિનિધીઓ સાથે ઘણિ મિટિંગો કરશે.

અમેરિકાના દક્ષિણી કેલિફોર્નિયામાં પ્લેન દુર્ઘટના, ૪ના મોત

કેલિફોર્નિયા

અમેરિકાના દક્ષિણી કેલિફોર્નિયામાં કોરોના મ્યુનિસિપલ એયરપોર્ટ પર એક પ્લેન દુર્ઘટનાગ્રસ્ત થયુ હતું. આ સમયે પ્લેનમાં ૪ લોકો સવાર હતાં. જે તમામના દુર્ઘટનામાં મોત નિપજયા હતાં. પોલીસે દુર્ઘટના અંગે માહિતી આપતા જણાવ્યું કે, મ્યુનિસિપલ એરપોર્ટ પર સોલ એંજેલ્સથી લગભગ ૬૪ કિમી દુર પર દુર્ઘટના ઘટી હતી.

કોરોના ફાયરવિભાગે ઘટનામાં ૪ લોકોના મોત થયા હોવાની માહિતી ટ્વીટ કરી આપી હતી. આ દુર્ઘટના સમયે ઘટનાને નજરે જોનારા ડેરોથ વોલે કહ્યું કે, પ્લેન ટેક ઓફ કરતા સમયે ઘટના ઘટી હતી. જેમાં તુરંત આગ લાગી હતી. તે સમયે પ્લેન જમીનથી ૩ ફુટ ઉપર ઉડી રહ્યું હતું.

પવન શર્માએ દિલ્હીમાં ભાજપ સાથેના ગઠબંધન પર સવાલ ઉઠાવ્યા હતા

પવન કુમારના પત્ર પર નીતિશ લાલઘૂમઃ જેને જ્યાં જવું હોય તે ત્યાં જઈ શકે છે

જે પણ વાત હોય તે પાર્ટીની બેઠકમાં કરવી જોઈએ,જાહેરમાં નહિ

પટણા

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં જનતા દળ યુનાઈટેડ (જેડીયુ) અને ભાજપના ગઠબંધનને લઈને જેડીયુના વરિષ્ઠ નેતા પવન કુમાર વર્માએ સવાલ ઉભા કર્યા હતા. આ મામલે એક પત્ર પણ પવન વર્માએ લખ્યો છે અને ત્યારબાદ પાર્ટીના પ્રમુખ અને બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર ભડક્યા છે. નીતીશે જણાવ્યું છે કે, જેને જ્યાં જવું હોય તે ત્યાં જઈ શકે છે. તેમનો અર્થ હતો કે તેમને (પવન કુમાર) કોઈ અન્ય પાર્ટીમાં સામેલ થવું હોય તો તે થઈ શકે છે.

મુખ્યમંત્રી નીતીશ કુમારે જણાવ્યું હતું કે, કેટલાક લોકોના નિવેદનથી જેડીયુને જોડીને ના જુઓ. જેડીયુ પ્રજાની સાથે રહીને કામ કરે છે. કેટલીક વસ્તુઓમાં અમારા લોકોનું સ્ટેન્ડ સ્પષ્ટ હોય છે. એક વાત વિશે કોઈ મુંઝવણમાં રહેવું જોઈએ નહીં. જો કોઈના મનમાં કોઈ વાત છે તો સામે આવીને વાતચીત કરવી જોઈએ. જરૂર લાગે તો પાર્ટીની બેઠકમાં વાત કરવી જોઈએ. જાહેરમાં આવા નિવેદન હેરાન કરનારા છે. તેમને જ્યાં સારું લાગે તે ત્યાં જઈ શકે છે. મારી શુભેચ્છાઓ તેમની સાથે છે. પવન વર્માએ જેડીયુ પ્રમુખ નીતીશ કુમારને પત્ર લખીને દિલ્હીમાં ભાજપની સાથે ગઠબંધન પર સવાલ ઉભા કર્યા હતા. તેમણે પટણા એરપોર્ટ પર જણાવ્યું હતું કે, નાગરિકતા સુધારણા કાયદાની વિરુદ્ધ દેશવ્યાપી આંદોલનને ધ્યાનમાં રાખીને પાર્ટી દ્વારા વૈચારિક સ્પષ્ટતાની જરૂર છે. નીતીશ કુમારને લખેલા બે પત્રોને ટ્વિટર પર શેર કરતા પવને જણાવ્યું હતું કે, પત્રના માધ્યમથી મેં સવાલ કર્યો છે કે વિભાજનકારી સીએએ, એનપીઆર અને એનઆરસીની વિરુદ્ધ મોટા પાયે રાષ્ટ્રવ્યાપી આંદોલન બાદ પણ જેડીયુએ દિલ્હી ચૂંટણી માટે ભાજપની સાથે ગઠબંધન કેમ કર્યું.

હિલેરીએ તુલસીને રશિયન એજન્સીઓના ખાસ ગણાવ્યા હતા

તુલસી ગબાર્ડે અમેરિકી પૂર્વ વિદેશમંત્રી હિલેરી પર ૩૫૦ કરોડનો માનહાનિસ કેસ કર્યો

વૉશિંગ્ટન

ડેમોક્રેટ પાર્ટીના સાંસદ તુલસી ગબાર્ડે અમેરિકાના પૂર્વ વિદેશ મંત્રી હિલેરી ક્લિન્ટન પર ૫ કરોડ ડોલર (અંદાજે રૂ. ૩૫૦ કરોડ)નો માનહાનિ કેસ કર્યો છે. હિલેરીએ ગયા વર્ષે એક ટીવી ઈન્ટરવ્યૂ દરમિયાન ગબાર્ડ પર સાંકેતિક રીતે આકરા પ્રહાર કર્યા હતા. હિલેરીએ કહ્યું હતું- હું કોઈ અંદાજ નથી લગાવી રહી પરંતુ મને લાગે છે કે, તેમને (રશિયન એજન્સીઓને) રાષ્ટ્રપતિ પદ માટે ડેમોક્રેટિક પાર્ટીથી એવો ઉમેદવાર મળી ગયો છે જે ચૂંટણીમાં કોઈ ત્રીજી પાર્ટીથી (ડેમોક્રેટ અને રિપબ્લિકન) મેદાનમાં આવી શકે છે. હિલેરીએ ગબાર્ડનું નામ લીધા વગર કહ્યું હતું કે, તે રશિયન એજન્સીઓની ખાસ છે. રશિયા પાસે તેમનું સમર્થન કરવા માટે અમુક વેબસાઈટ્સ અને પ્રોગ્રામ છે.

તુલસીએ હિલેરીના આ નિવેદન સામે બુધવારે જ કેસ દાખલ કર્યો છે. તેમણે ઈશારામાં હિલેરી પર પ્રહાર કરતા કહ્યું છે કે, રાષ્ટ્રપતિ પદની ચૂંટણી હારનાર ઉમેદવારે તેમને 'રશિયાની પસંદ' કહીને બદનામ કર્યા છે. હિલેરીએ ૨૦૧૬માં ડેમોક્રેટ પાર્ટી તરફથી ડોનાલ્ડ ટ્રમ્પ વિરુદ્ધ રાષ્ટ્રપતિ ચૂંટણી લડી હતી. તેમને હાર મળી હતી.

તુલસીના વકીલોએ મેનહેટન ફેડરલ કોર્ટમાં હિલેરી વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. એક વકીલે જણાવ્યું કે, હિલેરી તુલસી ગબાર્ડ વિશે જુઠ્ઠું બોલ્યા છે.

ચીન-ભારતે વિકાસશીલ દેશ હોવાનો ભરપૂર ફાયદો ઉઠાવ્યોઃ ટ્રમ્પ

દાવોસ

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ભારત અને ચીન વિરોધી નિવેદન આપ્યું છે. તેમણે ભારત અને ચીનને વિકાસશીલ દેશોની આડમાં અનેક લાભ ખાટ્યા હોવાનો ટોણો માર્યો હતો. ટ્રમ્પનું આ નિવેદન સ્પષ્ટ પણે અમેરિકા ફર્સ્ટની નીતિ છતી કરે છે.

ટ્રમ્પે ચીન સાથે ચાલી રહેલા ટ્રેડ વોરને લઈને ફરી એકવાર કટાક્ષભર્યું નિવેદન કર્યું છે. ટ્રમ્પે દાવોસમાં વૈશ્વિક મંચ પરથી કહ્યુ કે, ચીન અને ભારતે 'વિકાસશીલ દેશ' હોવાનો ભરપૂર ફાયદો ઉઠાવ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પે વર્લ્ડ ઈકોનોમિક ફરોમના મંચ પરથી વિશ્વ વ્યાપાર સંગઠનને સંબોધિત કરતા કહ્યુ હતું કે, જેવું કે તમે બધા જાણો છો મારો તેમની (ચીન) સાથે ઘણા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો, કારણ કે અમારા દેશ (અમેરિકા) સાથે યોગ્ય વ્યવહાર નહોતો કરવામાં આવતો. હજી પણ ચીન અને ભારતને એક વિકાસશીલ દેશના રૂપમાં જોવામાં આવે છે. પરંતુ અમને (અમેરિકા) એક વિકાસશીલ દેશના રૂપમાં જોવામાં નથી આવતા. તેમણે આગળ ઉમેર્યું હતું કે, મારો સવાલ છે, અમે એક વિકાસશીલ દેશ છીએ. પરંતુ તેમને (ચીન અને ભારત) એ બબાતથી ખૂબ ફાયદો થયો કે તેમને વિકાસશીલ દેશ માનવામાં આવે છે જ્યારે અમને (અમેરિકા) નહીં. જો અમે નહીં તો પછી તેઓ પણ ના જોઈએ. પરંતુ તેઓ (ભારત અને ચીન) છે.

સાવરકર-હિન્દુત્વ મુદ્દે બેકફૂટ પર રહેલ શિવસેનાને ટક્કર આપશે મનસે..!!

મનસેએ લોન્ચ કર્યો પાર્ટીનો ભગવા રંગનો નવો ઝંડોઃ રાજના પુત્રની રાજકારણમાં એન્ટ્રી

મુંબઈ

શિવસેનાના સ્થાપક બાળાસાહેબ ઠાકરેની જન્મજયંતિના દિવસે ગુરુવારે મુંબઈમાં રાજ ઠાકરેની પાર્ટી મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાનુ મહાધિવેશન શરુ થયુ છે. આજે મનસેનો નવો ભગવો ઝંડો લોન્ચ કરવામાં આવ્યો છે અને રાજ ઠાકરેના તેવર પરથી લાગ્યુ હતુ કે, સાવરકર અને હિન્દુત્વ જેવા મુદ્દા પર બેકફૂટ પર ગયેલી શિવસેનાને કડી ટક્કર આપવા માટે આ મુદ્દાઓ હાથ પર લેવાની તૈયારી થઈ રહી છે.

રાજ ઠાકરેએ પોતાના પુત્ર અમિત ઠાકરેની આ અધિવેશનથી રાજકારણમાં સત્તાવાર એન્ટ્રી પણ કરાવી છે. એવુ મનાય છે કે, અમિત ઠાકરેને ઉધ્વ ઠાકરેના પુત્ર આદિત્ય ઠાકરેને ટક્કર આપવા માટે મેદાનમાં ઉતારાયા છે. મનસેના અધિવેશનના મંચ પર વીર સાવરકરની તસવીર પણ જોવા મળી હતી. આ સિવાય છત્રપતિ શિવાજીની મૂર્તિ પણ મુકવામાં આવી હતી. સાથે સાથે ભીમરાવ આંબેડકર અને સાવિત્રીબાઈ ફૂલેની તસવીરો પણ લગાડાઈ હતી. મનસેએ લોન્ચ કરેલા નવા ભગવા ઝંડામાં છત્રપતિ શિવાજીના સમયની રાજમુદ્રાને સ્થાન અપાયુ છે. ઉલ્લેખનીય છે કે, ૧૬૭૪માં રાજગઢમાં રાજ્યાભિષેક બાદ શિવાજીએ પોતે આ રાજમુદ્રા પર તૈયાર કરી હતી. જેના પર લખાયેલા સંસ્કૃત લખાણનો અર્થ એ થાય છે કે, શાહજીના પુત્ર શિવાજીની આ મુદ્રાની મહિમા એ રીતે વધશે જે રીતે શુક્લ પક્ષની પ્રતિપદા બાદ પહેલા દિવસે ચંદ્રનુ કદ વધે છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા મનસેનો ઝંડો કેસરી, લીલા અને ભૂરા રંગનો રહેતો હતો.

બાલા સાહેબે ક્યારેય પોતાના સિદ્ધાંતો સાથે સમજૂતી કરી નહોતીઃ અમિત શાહ

ન્યુ દિલ્હી

શિવસેનાના સંસ્થાપક બાલા સાહેબ ઠાકરેની આજે ૨૩મી જયંતી છે. આ અવસર પર કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તેમને યાદ કરતા લખ્યું કે બાલાસાહેબ હંમેશા પોતાના સિદ્ધાંતો પર અડગ કહ્યા હતા. તેઓએ ક્યારેય પોતાના સિદ્ધાંતો સાથે સમજૂતી કરી નહતી. મહારાષ્ટ્રમાં લાંબા સમય સુધી શિવસેના અને ભારતીય જનતા પાર્ટીનું ગઠબંધન રહ્યું છે પરંતુ ગયા વર્ષે શિવસેનાએ ભાજપ સાથેનું ગઠબંધન તોડીને કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી સાથે હાથ મિલાવીને મહારાષ્ટ્રમાં સરકાર બનાવી દીધી છે.

ગૃહ મંત્રી અમિત શાહે પોતાના ઓફિશ્યલ હેન્ડલ પરથી કરેલી ટ્વીટમાં લખ્યું કે, 'બાલાસાહેબ ઠાકરેને તેમની જયંતીના અવસર પર યાદ કરી રહ્યો છું. બાલાસાહેબ પોતાના સમયના સૌથી મહાન બુદ્ધિજીવી વ્યક્તિ હતા અને તેઓ પોતાની ભાષણ આપવાની વિશેષ કળા માટે જાણીતા હતા. તેઓ પોતાના ભાષણથી હંમેશા જનતાને મંત્રમુગ્ધ બનાવી દેતા હતા. તેઓ હંમેશા પોતાના વિચારો પ્રત્યે અડગ રહેતા હતા. તેમણે ક્યારેય પોતાના સિદ્ધાંતો સાથે સમજૂતી નથી કરી, બાલાસાહેબનું જીવન અને તેમના મૂલ્ય હંમેશા અમને પ્રેરિત કરતા રહેશે.

નાના વેપારીઓને મોટી રાહત, જીએસટી રિર્ટન ભરવા માટે મળશે વધુ સમય

ન્યુ દિલ્હી

નાના વેપારીઓ માટે ૫ કરોડ રૂપિયા અથવા તેનાથી ઓછી રકમના વાર્ષિક વેપારીઓ માટે સારા સમાચાર છે. સરકારે માસિક જીએસટી રિર્ટન કરવાની છેલ્લી તારીખ બાદ ચાર દિવસનો વધારો કરવાની ઘોષણા કરવામાં આવી છે. ૫ કરોડ રૂપિયા અથવા તેનાથી વધુ વાર્ષિક વેપાર કરનારી કંપનીને રિર્ટન ફાઈલિંગની તારીખ ૨૦ જ રહેશે.

નાણાં મંત્રીએ કરેલી જાહેરાત અનુસાર, જે કંપનીનો વેપાર ૫ કરોડ રૂપિયાથી ઓછું છે અને ૧૫ રાજ્યો અથવા કેન્દ્ર શાસિત પ્રદેશોમાં નોંધાયેલ છે. જીએસટીઆર -૩ બી રિટર્ન મહિનાની ૨૨ મી તારીખે મોડું ફી લીધા વિના ચૂકવવું પડશે. નાણાં મંત્રાલયના એક નિવેદનમાં કહ્યું કે, "આ કેટેગરીમાં લગભગ ૪૯ લાખ જીએસટીઆર -૩ બી ફિલર્સ હશે, જે હવે દર મહિને ૨૨ તારીખે જીએસટીઆર -૩ બી રિટર્ન ફાઇલ કરશે." આ સિવાય ૨૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૪૬ લાખ કરદાતાઓ મહિનાની ૨૪ મી તારીખે મોડું કર્યા વિના જીએસટીઆર -૩ બી ચૂકવશે.

આસામમાં ઇતિહાસ પહેલા પાનાથી ચાલુ

આત્મસમર્પણ કર્યું છે. ઉગ્રવાદીઓએ ૧૭૭ હથિયાર પોલીસને જમા કરાવ્યા છે. આસામના ડીજીપી ભાસ્કર જ્યોતિ મહંતે આ વાતનો ખુલાસો કર્યો છે. મહંતે કહ્યું છે કે, આજનો દિવસ આસામ સરકાર અને પોલીસ માટે ખાસ છે.

મહંતે કહ્યું કે આતંકવાદીઓ દ્વારા સોંપાયેલા શસ્ત્રોમાં એકે--૪૭ જેવા ઘણા આધુનિક શસ્ત્રો છે. તેમણે કહ્યું કે આસામ માટે આ ઐતિહાસિક દિવસ છે. તેમણે કહ્યું કે આ આતંકીઓને આસામ પોલીસમાં જગ્યા આપવામાં આવશે. જેથી તેઓ સમાજમાં માનભેર નુ જીવન શરૂ કરી શકે. આ વર્ષે આતંકવાદીઓએ એવા સમયે શરણાગતિ સ્વીકારી છે જ્યારે આગામી વર્ષે વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. રાજ્ય ઘણા લાંબા સમયથી બળવાખોરોનો સામનો કરી રહ્યું છે. આ આતંકવાદીઓના શરણાગતિથી શાંતિની આશાઓ સર્જાઈ છે.

સરન્ડર કરનાર સભ્યો યુનાઈટેડ લિબરેશન ફ્રન્ટ ઓફ આસામ (ઉલ્ફા), નેશનલ ડેમોક્રેટિક ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (NDFB), આરએનએલએફ, કેએલઓ, કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માઓવાદી), નેશનલ સંથાલ લિબરેશન આર્મી (NSLA), આદિવાસી ડ્રેગન ફાઈટર (ADF) અને નેશનલ લિબરેશન ફ્રન્ટ ઓફ બંગાળી (NLFB)ના સભ્યો છે.

આ મહિનાની શરૂઆતમાં જ NDFBએ સરકાર સાથે તેમનું અભિયાન બંધ કરવા માટે ત્રિપક્ષીય સમજૂતી કરી હતી. સમજૂતી પ્રમાણે NDFB મુખ્ય સૂત્રધાર બી. સાઓરાઈગવરા સહિત દરેક ઉગ્રવાદી હિંસક પ્રવૃતિઓ રોકશે અને સરકાર સાથે શાંતિ વાર્તામાં સામેલ થશે. ત્રિપક્ષીય સમજૂતીમાં NDFB, કેન્દ્ર સરકાર અને આસામ સરકાર સામેલ હતા. સાઓરાઈગવરાની સાથે NDFBના ઘણાં સક્રિય સભ્યો ૧૧ જાન્યુઆરીએ મ્યાનમારથી ભારત આવ્યા હતા.

૧૨૦૦ મહિલાઓ પહેલા પાનાથી ચાલુ

હઝરતગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

છેલ્લા એક અઠવાડિયાથી લખનઉ ખાતે મહિલાઓનો વિરોધ ચાલી રહ્યો છે. પોલીસે વિરોધ કરી રહેલી મહિલાઓ સામે કડકાઈ રાખી અને કેસ દાખલ કર્યો છે. યુપી પોલીસે બે દિવસ પહેલા લખનઉમાં ત્રણ કેસ દાખલ કર્યા હતા. તેમાં જાણીતા કવિ મુનાવર રાણાની બે પુત્રીના નામ પણ સામેલ છે.

યુપી, કાનપુર, ઈટાહ, ઈટાવા, અલીગઢમાં CAA વિરુદ્ધ એકત્રિત થઈને મહિલાઓ પ્રદર્શન કરી રહી છે. મહિલાઓનું કહેવું છે કે, જ્યાં સુધી CAAને મોદી સરકાર પરત નહીં કરે ત્યાં સુધી આંદોલન ચાલુ જ રહેશે.

આજે ટી૨૦ પહેલા પાનાથી ચાલુ

ઓસ્ટ્રેલિયા સામે તક મળી હતી. બંનેએ ૩ મેચમાં સાથે મળીને ૭ વિકેટ લીધી હતી. તે દરમિયાન તેમણે ૫૮ ઓવરમાં ૩૨૫ રન આપ્યા હતા.

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે અત્યાર સુધીમાં ૧૧ ટી-૨૦ રમાઈ છે. ટીમ ઈન્ડિયાએ ૩માં જીત મેળવી છે, જ્યારે ૮માં હારનો સામનો કર્યો છે. બંને ટીમ વચ્ચે ન્યૂઝીલેન્ડમાં ૫ મેચ રમાઈ છે, ભારત તેમાંથી માત્ર ૧ મેચ જીત્યું છે અને ચારમાં ટીમે હારનો સામનો કર્યો છે.

ભારતીય ટી ૨૦ સ્કવોડઃ વિરાટ કોહલી (કેપ્ટન), રોહિત શર્મા (ઉપ-કપ્તાન), સંજુ સેમસન, કેએલ રાહુલ, શ્રેયસ ઐયર, મનીષ પાંડે, ઋષભ પંત (વિકેટકીપર), શિવમ દુબે, કુલદીપ યાદવ, યુઝવેન્દ્ર ચહલ, વોશિંગ્ટન સુંદર, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ શમી, નવદીપ સૈની, રવિન્દ્ર જાડેજા અને શાર્દુલ ઠાકુર.ન્યૂ ઝીલેન્ડનું સુકાન કેન વિલિયમસન સંભાળશે. ટીમમાં રોસ ટેલર, માર્ટિન ગપ્ટિલ, કૉલિન મન્રો તથા ટીમ સાઉધી જેવા પીઢ ખેલાડીઓનો સમાવેશ છે.

આધારકાર્ડને પહેલા પાનાથી ચાલુ

કરદાતાઓને રાહત આપી છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી આધારની કાયદેસરતાનો મામલો સુપ્રીમ કોર્ટમાં અનિર્ણીત છે ત્યાં સુધી આધાર સાથે લિંક નહીં થયેલ પાનકાર્ડને ઈનઓપરેટિવ ગણાવી શકાશે નહીં. આમ, આધારને પાન સાથે લિંક કરવાની ડેડલાઈન ગેરકાયદે છે.

ફાંસી નજીક પહેલા પાનાથી ચાલુ

ગુનેગારોને નોટિસ જારી કરીને તેની અંતિમ ઈચ્છા વિશે પૂછ્યું છે. જેલ પ્રશાસને ગુનેગારોને અનેક સવાલ પૂછ્યા છે.

જેલ મેન્યુઅલ અનુસાર, ફાંસીની સજા મેળવનાર કેદીઓને ફાંસી પહેલા તેની અંતિમ ઈચ્છા વિશે પૂછવામાં આવે છે અને તેની ઈચ્છા પૂરી કરવામાં આવે છે.

જેલના સૂત્રોના જણાવ્યા મુજબ ચારેય ખૂનીઓને તિહાર જેલ નંબર ૩માં જુદા જુદા સેલમાં રાખવામાં આવ્યા છે. દરેક દોષીના સેલની બહાર બે સિક્યોરિટી ગાર્ડ તૈનાત છે. તેમાંથી એક હિંદી તથા ઈંગ્લિશનું જ્ઞાન ધરાવતો તામિલનાડુ સ્પેશિયલ પોલીસનો જવાન છે અને એક તિહાર જેલ પ્રશાસનનો ગાર્ડ છે.

દર બે કલાકે આ ગાર્ડને આરામ આપવામાં આવે છે. શિફ્ટ બદલાતા બીજા ગાર્ડ તૈનાત કરવામાં આવે છે. દર કેદી માટે ૨૪ કલાક માટે આઠ-આઠ સિક્યોરિટી ગાર્ડ રાખવામાં આવ્યા છે. એટલે કે ચાર કેદી માટે ૩૨ ગાર્ડ છે. તેઓ ૨૪ કલાકમાં ૪૮ શિફ્ટમાં કામ કરે છે.

તેમની ફાંસીની નવી તારીખ ૧ ફેબ્રુઆરી નિશ્ચિત કરવામાં આવી છે. જલ્લાદને ૩૦ જાન્યુઆરીએ બોલાવાયો છે જેથી તે એક દિવસ પહેલા ફાંસીનું ટ્રાયલ કરી શકે. બુધવારે પવન અને વિનયે પરિવાર સાથે મુલાકાત લીધી હતી. બુધવારે પણ તેમની કાયદેસર મુલાકાત કરાવવામાં આવી હતી.

ઇનામદારના ટેકામાં પહેલા પાનાથી ચાલુ

નગરપાલિકાના ભાજપના ૨૩ સભ્યોએ રાજીનામા આપ્યા છે. અને સાવલી તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખ સહિત ૧૭ સભ્યોએ રાજીનામા આપ્યા છે.

સાવલી એપીએમસીના પ્રમુખ સહિત ૧૪ ડાયરક્ટરે રાજીનામા આપ્યા હતા. આ ઉપરાંત બરોડા ડેરીના ડિરેક્ટરે પણ રાજીનામું આપી દીધુ છે. અને ૪૦ જેટલા ગ્રામ પંચાયતોના સરપંચોએ પણ પોતાના રાજીનામા આપી દીધા છે.

સાવલી અને ડેસરમાં રાજીનામાઓની હોડ લાગતા પ્રદેશના આગેવાનો તરફથી કેતન ઈનામદારને મળવાના પ્રયાસો શરૂ કરી દેવામાં આવ્યા છે. અને વડોદરા જિલ્લા ભાજપના આગેવાનો પણ કેતન ઈનામદારને મનાવવામાં લાગી ગયા છે.

૪ શખ્સોએ બંદુકની અણીએ ૫ આંગડિયા કર્મીઓ પાસેથી ૮૦ લાખની લૂંટ ચલાવી



મહેસાણા

હરિયાણાના પાણીપતમાં આવેલા યમુનાનગરમાં મહેસાણાના આંગડિયા પેઢીના ૫ યુવકો પાસેથી રૂપિયા ૮૦ લાખની લૂંટ થઈ હોવાની ઘટના બની હતી. પાંચેય યુવકો જે મકાનમાં રહેતા હતા. તેમા ૪ અજાણ્યા શખ્સો ઘુસ્યા હતા અને પિસ્તોલ બતાવી પૈસા ભરેલો થેલો લઈ ફરાર થઈ ગયા હતા. લૂંટારૂથી બચવા માટે એક યુવકે પહેલા માળેથી નીચે ઝંપલાવ્યું પણ હતું. આ મામલે યમુના નગર પોલીસે લૂંટનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મહેસાણા જિલ્લાના પાંચ યુવકો સંજય, રમેશ, અશ્વીન, ઉત્તમ અને કિરણ હરિયાણાના પાણીપત શહેરમાં ગયા હતા. યમુના નગર વિસ્તારમાં આવેલા એક મકાનમાં તેઓ રોકાયા હતા. બુધવારે બપોરે બે વાગ્યાની આસપાસ કિરણ અને સંજય પૈસા લઈને મકાનમાં પહોચ્યા હતા. ત્યારે બુધવારે પાંચેક યુવકો કાર સાથે આવ્યા હતા. જેમાથી એકે મોઢા પર માસ્ક પહેર્યું હતું. કારને મકાનની બહાર જ ઉભી રાખી હતી. ૫ લોકોમાંથી એક કારમાં જ રોકાયો અને અન્ય ચાર લોકો મકાનમાં ઘુસ્યા હતા. મકાનમાં ઘુસતા જ બંદૂક નીકાળી અને કિરણ પાસેથી બેગ છીનવી લીધી હતી. બંદૂક જોઈને સંજય ગભરાઈ ગયો હતો અને તેણે પહેલા માળેથી છલાંગ લગાવી દીધી હતી. સમયનો ફાયદો ઉઠાવી ચાર લૂંટારુઓ કિરણ પાસેથી બેગ છીનવી કાર લઈ ફરાર થઈ ગયા હતા.

આ ઘટના બાદ યમુના નગર પોલીસ પણ ઘટના સ્થળે આવી પહોંચી હતી. ત્યારબાદ એસપી કુલદીપ સિંહ, ડીએસપી હેડક્વાર્ટર સુભાષ ચંદ, સ્પેશિયલ ડિટેક્ટીવ યુનિટ અને સીઆઈએ વનની ટીમો પણ ઘટના સ્થળે પહોંચી હતી. ડીએસપી હેડક્વાર્ટર સુભાષચંદના જણાવ્યા અનુસાર, બે બેગમાં ૮૦ લાખ રૂપિયા હતા તેમજ કિરણ પટેલની ફરિયાદ પરથી લૂંટનો ગુનો નોંધવામાં આવ્યો છે.

ઈનામદારનાં રાજીનામા પર ઉર્જામંત્રીની સ્પષ્ટતા: 'મારા અધિકારીઓ સારૂં કામ કરી રહ્યાં છે'



વડોદરા

કેતન ઈનામદારે વાત કરતા જણાવ્યું હતું કે, પ્રજાના પ્રતિનિધિ તરીકે ધારાસભ્યના પદની ગરિમા તથા સન્માન અમારું જાળવવામાં આવતા નથી તેમજ સરકારના મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓ પણ અમારી અવગણના કરે છે.

આ અંગે ઉર્જામંત્રી, સૌરભ પટેલે જણાવ્યું કે, 'કેતનભાઈ ઘણાં જ સિનીયર છે. તેમનો થોડા દિવસ પહેલા મારી પર ફોન હતો. તેટલું જ કહ્યું હતું કે, સ્ટ્રીટ લાઈટો કપાઈ ગઈ છે અને તેના પેમેન્ટ બાકી છે, તો તમે ચાલુ કરી આપો. મેં તેમને કહ્યું હતું કે, ચીફ ઓફિસરને તમે ફોવર્ડ તારીખના ચેક આપી દેજો. આ ઉપરાંત તેમની સાથે મારી કોઈ વાત થઈ નથી. નગરપાલિકાની તકલીફો હોય છે તે અમે દૂર કરીએ છીએ. રાજીનામા અંગે મારી સાથે વાત થઈ નથી. હું કોન્ફરન્સમાં દિલ્હી આવ્યો છું તેથી મારી કોઈની સાથે આ અંગે વાત નથી થઈ. મારા પ્રમાણમાં ગુજરાતમાં ઉર્જા વિભાગનાં અધિકારીઓ સારૂ કામ કરી રહ્યાં છે. જો ઉર્જાનાં કોઈપણ અધિકારી આ અંગે વિવાદ થયો હશે તો હું જોઈશ.'

એલઆરડી ભરતી : ૪૫ દિવસથી ધરણા કરી રહેલી મહિલાઓ આમરણાંત ઉપવાસ પર ઉતરી



ગાંધીનગર

લોકરક્ષક દળની પરીક્ષામાં ભરતી મુદ્દે વિવાદ ઘણા સમયથી ચાલ્યો આવે છે. જેમાં અનામત વર્ગની મહિલાઓ અને બિનઅનામત વર્ગની મહિલાઓ સામેસામે છે. બિનઅનામત વર્ગની મહિલાઓ તેમના માટે ન્યાયની માગણી કરી રહી છે, જ્યારે અનામત વર્ગની મહિલાઓ તેમના માટે ન્યાયની માગણી કરી રહી છે.

૨૦૧૮નો એક પરિપત્ર રદ કરવાના મુદ્દે અનામત વર્ગની મહિલાઓ આંદોલન પર ઊતરી છે, જ્યારે એજ પરિપત્ર રદ નહીં કરવા મુદ્દે બિનઅનામત વર્ગની મહિલાઓ મેદાને પડી છે. લોકરક્ષક દળની પરીક્ષામાં ભાગ લઈ ચૂકેલી અનામત વર્ગની મહિલાઓ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે છેલ્લા ૪૫ દિવસથી આંદોલન પર બેઠી છે, જેમાં મહિલાઓએ આજથી ઉપવાસ આંદોલન શરૂ કર્યા છે.

કુલ ૨૦ મહિલાઓમાંથી અંદાજે સાત મહિલાઓએ ઉપવાસ શરૂ કર્યા છે, તેમના સમર્થનમાં ચાર ભાઈઓ પણ આવ્યા છે. તેઓએ પણ આમરણાંત ઉપવાસ કરવાની જાહેરાત કરી છે.

આ મહિલાઓનો દાવો છે કે જ્યાં સુધી ૨૦૧૮નો રાજ્ય સરકારનો પરિપત્ર રદ ન થાય અને તેમને ન્યાય ન મળે ત્યાં સુધી તેઓ આમરણાંત ઉપવાસ ચાલુ રાકશે. હવે એ જોવું રહ્યું કે ૪૫ દિવસથી આંદોલન પર બેઠેલી આ મહિલાઓને ન્યાય ક્યારે મળશે.

છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં પરવાનાવાળા હથિયારોનાં વેચાણમાં રાજકોટ બીજા ક્રમે

રાજકોટ

ડિસેમ્બર માસમાં ગુજરાત વિધાનસભાનું એક દિવસીય સત્ર મળ્યું હતું. જે સત્રમાં કેટલાક અતરંગી પ્રશ્નોના જવાબો આપવામાં આવ્યા હતા. રાજયમાં છેલ્લા પાંચ વર્ષમાં પરવાનાવાળા હથિયારોનું વેચાણ કેટલું છે તે અંગે એક પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. તે પ્રશ્નનાં જવાબમાં ૧ જુલાઈ ૨૦૧૪થી ૩૦ જૂન ૨૦૧૯ સુધીમાં રાજ્યમાં ૯૩૮૭ ગન રિવોલ્વર પિસ્તોલ અને રાઈફલનું વેચાણ થવા પામ્યું છે. જે વેચાણ થવા પામ્યું છે તેમાં અમદાવાદ ગુજરાતમાં ૧૩૪૦ ગન, પિસ્તોલ અને રાયફલની ખરીદીમાં સૌથી મોખરે હતું. જ્યારે રાજકોટ શહેર ૧૧૬૧ ગન, પિસ્તોલ અને રાયફલની ખરીદીમાં બીજા નંબર પર હતું.

ભૂતકાળમાં એવા અનેક બનાવો પણ સામે આવ્યા છે કે, જેમાં માંગલિક પ્રસંગો સમયે મોજ મસ્તી તેમજ માભો બતાવવા માટે ફાયરિંગ કરવામાં આવ્યું હોય. જેમાં કોઈનો જીવ પણ ગયો હોય. તે સાથે જ બર્થ ડે પાર્ટીમાં હવામાં ફાયરિંગ કરતા હોય તેવા વીડિયો પણ ભૂતકાળમાં સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા. જે મામલે જે તે સંબંધિત પોલીસ મથકના થાણા અમલદાર દ્વારા તપાસ પણ કરવામાં આવી હતી.

રાજકોટમાં ક્રિકેટર રવિન્દ્ર જાડેજાનાં લગ્ન ટીજીબી હોટલ ખાતે રાખવામાં આવ્યા હતા જે સમયે રવિન્દ્ર જાડેજા ઘોડા પર સવાર હતા ત્યારે તેમના માંગલિક પ્રસંગ દરમિયાન હવામાન છ રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું.જે તે સમયે આ ઘટનાની જાણ પોલીસને થતા રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા હવામાનનાં છ રાઉન્ડ ફાયરિંગ કરવાના બનાવની તપાસ પણ કરવામાં આવી હતી પોલીસે ઘટના અંગે સંબંધિત વ્યક્તિઓનાં નિવેદન લઈ કાર્યવાહી પણ કરી હતી. તો સાથે જ જે સમયે આ ઘટના બની તે સમયે ગુજરાત રાજ્યના ડીજીપી તરીકે પી. પી પાંડે ફરજ બજાવતા હતા. ત્યારે મીડિયા સાથેની વાતચીતમાં તેમને જણાવ્યું હતું કે, હું બિહારનો વતની છું. અમારે ત્યાં લગ્ન પ્રસંગોમાં સો બસ્સો જેટલા ફાયરિંગ કરવામાં આવે છે.

સાબરમતી જેલમાંથી બહાર નીકળતાની સાથે જ હાર્દિક પટેલની ફરી ધરપકડ



અમદાવાદ

રાજદ્રોહ કેસમાં સાબરમતી જેલમાંથી બહાર નીકળતાની સાથે જ હાર્દિક પટેલની માણસા પોલીસે જાહેરનામાના ભંગ બદલ ધરપકડ કરી છે. હાલમાં હાર્દિકને ગાંધીનગર એલસીબી ખાતે લઈ જવામાં આવ્યો છે. ધરપકડ બાદ કોર્ટમાં રજૂ કરવામાં આવી શકે છે.

રાજદ્રોહ કેસમાં સેશન્સ કોર્ટે બુધવારે હાર્દિક પટેલના શરતી જામીન મંજૂર કર્યા હતા.બન્ને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે હાર્દિકને શરતી જામીન આપ્યા હતા. તેમજ કોર્ટે હાર્દિકને હવે પછી કેસની તારીખમાં ફરજીયાત હાજર રહેવાનો આદેશ કર્યો હતો. જ્યારે હાર્દિકના વકીલે કોર્ટમાં બાહેંધરી આપી હતી કે, હાર્દિક હવે ફરીથી આવી ભૂલ કરશે નહીં. આમ હાર્દિક રાજદ્રોહ કેસમાં શરતી જામીન મળતા જેલ બહાર આવ્યો હતો.

નીતિન પટેલનો વિપક્ષ પર પ્રહાર : સીએએ મુદ્દે ભણેલી ગણેલી આઈટમો પણ સમજતી નથી

વડોદરા

વડોદરાના સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારે રાજીનામું આપતા અનેક તર્ક વિતર્ક ઉભા થયા છે. ત્યારે હવે આ મામલે નીતિન પટેલની પ્રતિક્રિયા આપી છે કે, 'કેતન ઈનામદારે લાગણી પ્રદર્શિત કરી છે. તેમના વહેલી તકે તમામ પ્રશ્નો ઉકેલવામાં આવશે. સરકાર દરેક કામને ગંભીરતાથી લે છે. જાહેર જીવનમાં સેંકડો કામ આવતા હોય છે. તેમણે કોંગ્રેસ પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, કેતન ઈનામદાર મામલે કોંગ્રેસને ખુશ થવાની જરૂર નથી. અમિત ચાવડાને જેટલી રાહ જોવી હોય એટલી જુએ. કોંગ્રેસવાળા માટે કોઈ તક નથી, પરંતુ ટેમ્પરરી ખુશ થઈ શકે છે.



સીએએ મુદ્દે નીતિન પટેલના વિપક્ષ પર આકરા પ્રહારો કરતા આજે એક સટાદાર ભાષણ આપ્યું હતું. તેમણે કહ્યું કે, આજકાલ સીએએ મુદ્દે ભણેલી ગણેલી આઈટમો પણ સમજતી નથી. સીએએ પછી તો કેટલાક બે મહિનાથી ઉંઘ્યા પણ નથી. અને આડેધડ તેનો વિરોધ કર્યા કરે છે. શહેરના આઈઆઈએમમાં બધુ ચાલે છે, પરંતુ ખબર નથી ક્યાંથી આવ્યા છે. બીજી બાજુ આજે શાહ આલમમાં થયેલા પથ્થરમારા વિશે વાત કરતા જણાવ્યું કે, અમદાવાદમાં પથ્થર પણ મળતા નથી ત્યાં પથ્થરમારો થયો. પરંતુ જેઓ આ બધુ કરાવે છે તે કાન ખોલીને સાંભળી લે કે, તેઓ એ ભૂલી ગયા કે આ કાશ્મીર નથી, ગુજરાત છે. આપણે શાંતિપ્રિય છીએ એનો અર્થ એવો નથી કે શાંતિથી બેસવું. સીએએના કાયદા વિશે ગૃહમંત્રીએ સમજાવ્યું છે કે, અન્ય લોકોને પણ નાગરિકતા આપવાનો કાયદો છે. પરંતુ ઔવેસીનું જેમ તેઓ વિચારે છે. ઔવેસીને એમ છે કે એમનો સમય પાછો આવે. પરંતુ જવાબદારીથી સમયસર ભૂમિકા બતાવવી પડે.

સીએએ મુદ્દે નીતિન પટેલના વિપક્ષ પર આકરા પ્રહારો કરતા આજે જણાવ્યું હતું કે, ગુજરાતએ પાકિસ્તાન જોડે જોડાયેલ રાજ્ય છે. સંવેદનશીલ રાજ્યની અંદર રહેતા લોકોને જાગૃત રાખવા માટે આપણો સહયોગ જરૂરી છે. સેના અને આઈબી તેની ફરજ બજાવે જ છે પણ આપણી પણ કંઈક ફરજ બને છે. પાકિસ્તાન ભારત સ્થિર ન થાય તે માટે પ્રયત્નશીલ રહે છે.

યુવકે કાર પર સિન્ટેક્સની ટાંકી બાંધતા પોલીસે રૂ. ૫૦૦નો દંડ ફટકાર્યો

અમદાવાદ

અમદાવાદ શહેરમાં દિવસે ને દિવસે ટ્રાફિકની સમસ્યા વધી રહી છે. ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિકના નિયમો તોડતા અમદાવાદીઓ સામે કાર્યવાહી કરવામાં ઢીલાસ રાખતા ફરી એકવાર ટ્રાફિકની સમસ્યા વકરી છે. જેને લઈ શહેરમાં ટ્રાફિક પોલીસ દ્વારા ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. શહેરના જૂદા-જૂદા વિસ્તારોમાં ચાલુ વાહને મોબાઈલ ફોન પર વાત કરતા, એચએસઆરપી નંબર પ્લેટ, સીટ બેલ્ટ સહિતના નિયમો તોડતા વાહનચાલકો સામે સવારથી જ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. પકવાન ચાર રસ્તા પાસે થલતેજ તરફથી સિન્ટેક્સની ટાંકી અને સીડી બાંધેલી સેવરોલેટ કારને રોકી હતી અને ટ્રાફિક પોલીસકર્મીએ કારચાલકને પહેલા જ સવાલ કર્યો હતો કે 'અરે ભાઈ આ કઈ લોડિંગ રિક્ષા થોડી છે? ગાડી ઉપર સિન્ટેક્સની ટાંકી થોડી બંધાય? જો ટાંકી ચાલુ ગાડીએ નીચે પડે તો પાછળથી આવતા વાહન સાથે અથડાય અને અકસ્માત સર્જાય અને કોઈની જિન્દગી જોખમાય' કહી ટ્રાફિક પોલીસકર્મીએ આ વાહનચાલકને રૂ.૫૦૦નો દંડ ફટકાર્યો હતો. ડ્રાઈવમાં પોલીસે ટ્રાફિકનો નિયમ તોડતા તમામ વાહનચાલકોને દંડ ફટકાર્યો હતો. પકવાન ચાર રસ્તા પાસે એચએસઆરપી નંબર પ્લેટ વગર મર્સીડિઝ કારમાં જતા એડવોકેટને પણ પોલીસે રોકીને ૫૦૦નો દંડ ફટકાર્યો હતો. મોબાઈલ પર વાત કરતા વાહનચાલકો તેમજ ભયજનક રીતે વાહન ચલાવતા વાહનચાલકોને દંડ ફટકાર્યો હતો. ખાસ કરીને શહેરના પશ્ચિમ વિસ્તારમાં આ ડ્રાઈવ ચલાવવામાં આવી છે. આજે આખો દિવસ ડ્રાઈવ ચલાવીને નિયમ તોડતા વાહનચાલકોને દંડ ફટકારવામાં આવશે.

મ્યુનિ.એ સોલા સિવિલ હોસ્ટેલની કેન્ટીનમાં પગથી બટાટા છૂંદતા યુનિટને સીલ કર્યું

અમદાવાદ

સોલા સિવિલ કેન્ટીન મેસમા બિન આરોગ્યપ્રદ ભોજન પીરસવામા આવતુ હોવાની અવારનવાર રજુઆત કરવામા આવી હતી.આમછતાં સત્તાધીશોએ આ રજુઆતને ધ્યાનમાં ન લેતા એક વિદ્યાર્થીએ વિડીયો બનાવીને વાઈરલ કરતા વાઈરલ થયેલા વિડિયોને પગલે મ્યુનિ.આરોગ્યની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી.



મ્યુનિ.ના અધિકારીઓ પણ કેન્ટીનની હાલત જોઈને ચોંકી ઉઠયા હતા.તેમણે તાત્કાલિક અસરથી કેન્ટીન મેસને સીલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.આ અંગે મ્યુનિ.ના મેડીકલ ઓફિસર ભાવિન જોશીનો સંપર્ક કરતા તેમણે કહ્યુ,કેન્ટીનમા તપાસ સમયે બિન આરોગ્યપ્રદ સ્થિતિ જોવા મળી હતી.જે સ્થળે ઉભુ રહેવામા પણ તકલીફ થાય એવા સ્થળે વિદ્યાર્થીઓને ભોજન બનાવી પીરસવામા આવતુ હતુ.

અમદાવાદ શહેરમા છેલ્લા કેટલાક સમયથી જમવાની ચીજોમા વંદા સહીતની જીવાતો મળવી એ સામાન્ય બની ગયુ છે.શહેરની જાણીતી એવી હોટલો અને રેસ્ટોરન્ટમા પણ આ પ્રકારના બનાવો બન્યા છે.મ્યુનિ.ના આરોગ્ય વિભાગે આ પ્રકારના બનાવોમા છેક છેલ્લે દોડી જઈને કાર્યવાહી કરી છે.

આ પરિસ્થિતિમાં આરોગ્ય વિભાગના અધિકારીઓ અને ફલાઈંગ સ્કવોર્ડ દ્વારા નિયમિત તપાસ કયા કારણોસર કરવામા આવતી નથી.એવો પ્રશ્ન જે સમયે આ પ્રકારના બનાવો સામે આવે છે ત્યારે અવશ્ય થાય.જે કેન્ટીન આરોગ્ય વિભાગે સીલ કરી એ જ કેન્ટીન અંગે વિદ્યાર્થીઓ દ્વારા સત્તાધીશો સામે અગાઉ અનેક વખત રજુઆત કરાઈ હોવાછતાં કાર્યવાહી કરાઈ ન હતી.

સરકારનોનિર્ણય: યાત્રાધામોમાં ભીખ માંગવા પર પ્રતિબંધ

ગાંધીનગર

ગુજરાત સરકાર દ્વારા હવે ભિક્ષુકની ભિક્ષાવૃત્તિ પર પ્રતિબંધ મૂકતો પરિપત્ર જાહેર કરાયો છે. આ પરિપત્ર અનુસાર હવે રાજ્યના પવિત્ર યાત્રાધામની બહાર ભિક્ષુકો જોવા નહી મળે. સરકાર દ્વારા યાત્રાધામો પર ભીખ માંગવા પર પ્રતિબંધ મૂકતો પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે.

ગુજરાત સરકાર દ્વારા પરિપત્ર જાહેર કરી સૂચના આપવામાં આવી છે કે, ડાકોર, પાલીતાણા, શામળાજી મંદિર તથા જૂનાગઢ, સિધ્ધપુર, પાવાગઢ, બહુચરાજી મંદિર સહિતના યાત્રાધામમાં હવેથી ભિક્ષુકો ભીખા માંગી શકશે નહી. સરકાર દ્વારા જાહેરનામાનો કડક અમલ કરવા સૂચના પણ આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યના મોટા શહેરામાં મહાનગરપાલિકાની હદમાં રાજ્ય સરકાર દ્વારા ભિક્ષુકોના પુનઃસ્થાપન માટે ભિક્ષા પ્રતિબંધ ધારા ૧૯૫૯નો અમલ કરવા માટે ઘણી સંસ્થાઓ કાર્યરત હતી જ. આ ધારા અનુસાર ભિક્ષાવૃત્તિનો ગુનો સાબિત થયેથી ભિક્ષુક એક વર્ષથી ત્રણ વર્ષની સજાને પાત્ર બને છે. જેને સરકારના ભિક્ષુક ગૃહમાં અટકાયતી તરીકે આશ્રય આપવામાં આવે છે.

આ સંસ્થામાં દાખલ થતા ભિક્ષુકોને ખોરાક, કપડાં, તબીબી સારવાર, બીસ્તર, શિક્ષણ, તાલીમ મફત આપવામાં આવે છે અને તેમના પરિવારનો શકય હોય ત્યાં સંપર્ક કરી કુટુંબમાં પણ પુનઃસ્થાપિત કરવામાં આવે છે. મુંબઈ ભિક્ષા પ્રતિબંધક ધારો ૧૯૫૯ની કલમ૧૪ હેઠળ દરેક ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર અને ભિક્ષુક ગૃહમાં મુલાકાત સમિતિઓની રચના કરવામાં આવે છે. આ સંસ્થાઓનો મુખ્ય ઊદેશ યોગ્ય વ્યાવસાયિક તાલીમ થ્વારા ભિક્ષુકોને આર્થિક રીતે પગભેર કરવાનો છે.

ઈનામદારને કોંગ્રેસમાં જોડાવવા આમંત્રણ, અમિત ચાવડા-ધાનાણીએ ભાજપ પર લગાવ્યા આરોપ

વડોદરા

સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારના રાજીનામા બાદ હવે નગરપાલિકાના ૨૩ સભ્યોએ પણ રાજીનામા આપી દીધા છે. કેતન ઈનામદારના સમર્થનમાં સાવલી નગરપાલિકાના ભાજપના ૨૩ નગરસેવકોએ બળવો કર્યો છે. બીજી તરફ કોંગ્રેસે કેતન ઈનામદારને કોંગ્રેસમાં જોડાવવા આમંત્રણ આપ્યુ છે.

કોંગ્રેસના વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણીએ ભાજપ સરકાર સામે સવાલ ઉઠાવ્યા હતા. પરેશ ધાનાણીએ કહ્યું કે, 'ભાજપમાં ઈમાનદાર લોકો રહી ન શકે, આગામી સમયમાં ભાજપમાં અનેક ધારાસભ્ય રાજીનામા આપી શકે છે, ભાજપમાં સરમુખત્યારશાહી ચાલે છે. ભારતીય જનતા પાર્ટીના વિધાનસભા પક્ષમાં કેતન ઈનામદારે પોતાનું રાજીનામુ રજૂ કર્યુ છે.

આ સરવાળો અટકતો નથી. ઘણા ધારાસભ્યો અમારી પાસે આવી સરકાર સામે બળાપો કાઢી જાય છે, અમે તેમણે આશ્વાસન આપીએ છીએ.જનતા હવે જાગી છે, ઈનામદાર લોકો અવાજ ઉઠાવતા થયા છે તેની શરૂઆત સાવલાની ધારાસભ્યએ કરી છે. આવનાર દિવસોમાં વધુ ધારાસભ્યો ખુલીને બહાર આવે તેવી શક્યતા છે. સાચુ બોલનારા લોકોને કોંગ્રેસ પક્ષ સમર્થન આપશે અને ગુજરાતની જનતા આવનાર દિવસોમાં ભારતીય જનતા પાર્ટીને સબક શીખવાડશે.'

મુખ્યમંત્રી અડધી પીચે રમવા જશો તો પાછળથી સ્ટમ્પ આઉટ થશોઃ અમિત ચાવડા

ગુજરાત પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડાએ પણ રાજ્યની રૂપાણી સરકાર પર પ્રહાર કર્યા હતા. અમિત ચાવડાએ કહ્યું કે, 'ભાજપમાં અનેક લોકો નારાજ છે અને ગુજરાતની પ્રજાની સરકાર સામે તમામ રીતે નારાજગી બહાર આવી છે, ભાજપના ધારાસભ્યો પણ સરકાર સામે બળવો પોકારવાના મૂડમાં છે, સરકારમાં ધારાસભ્યોનું પણ કોઈ સાંભળતુ નથી, ભાજપમાં ઉકળતો ચરૂ બહાર આવ્યો છે. સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારે પત્રમાં સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે કે સરકારમાં બેઠેલા મંત્રીઓ અને અધિકારીઓ મનમાનીથી સરકાર ચલાવે છે. મનમાનીનો ભોગ ગુજરાતની જનતા બની રહી છે, ભાજપમાં આંતરિક વિખવાદ છે. મુખ્યમંત્રી બદલવાની જે લડાઈ ચાલી રહી છે, મંત્રી પદ બદલવાની જે લડાઈ ચાલી છે. જે રીતે ગુજરાતની જનતાની લૂંટ કરવામાં આવી રહી છે તે પણ આવનારા સમયમાં બહાર આવશે.'

કેતનભાઈ માની જશે, કોંગ્રેસે હરખાવવાની જરૂર નથી : રૂપાણી

દાહોદ ખાતે આવેલા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કેતન ઈનામદારના રાજીનામા મુદ્દે નિવેદન આપ્યું છે. વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, જીતુભાઈ કેતનભાઈ સાથે વાત કરી રહ્યા છે. મને વિશ્વાસ છે કે, કેતનભાઈ જવાબદાર વ્યક્તિ છે, તેઓ માની જશે. તેમની જે લાગણી હશે, તે માટે જીતુભાઈ વાત કરી રહ્યા છે. ઘીના ઠામમાં ઘી પડવાનું છે. કોંગ્રેસે હરખાવાની જરૂર નથી. કોંગ્રેસના કેટલા ધારાસભ્યો લાઈનમાં છે. તે મારે કહેવાની જરૂર નથી.

પ્રદેશના નેતાઓની કેતનભાઈ સાથે વાતચીત ચાલી રહી છેઃ દિલુભા ચુડાસમા

સાવલીના એમએલએ કેતન ઈનામદારે ધારાસભ્યપદેથી રાજીનામું આપતા ભાજપામાં ભૂકંપ સર્જાયો છે. અને કેતન ઈનામદારના સમર્થનમાં સાવલી તાલુકામાં એક પછી એક ૩૦૦થી વધુ ભાજપના હોદ્દેદારો અને અગ્રણીઓએ રાજીનામાં આપી દેતા વડોદરા જિલ્લા ભાજપ પ્રમુખ દિલુભા ચુડાસમા સાવલી ખાતે દોડી ગયા હતા. જ્યાં પત્રકારો સાથેની વાતચીતમાં તેઓએ જણાવ્યું કે, હું જિલ્લા ભાજપના પ્રમુખના હોદ્દાના ભાગરૂપે સાવલી આવ્યો છે. પ્રદેશના નેતાઓની કેતનભાઈ સાથે વાતચીત ચાલી રહી છે. હું ઈચ્છું છું કે, કેતનભાઈ ઈમાનદાર સહિત ભાજપાના તમામ હોદ્દેદારો, અગ્રણીઓ અને કાર્યકરો સાથે રહે છે.

ગૌણ સેવા મંડળ પર ઘેરાયા સંકટના વાદળો...!!

પીએસઆઈ મોડ-૨ના પેપર ફરી તપાસવા ગુજરાત હાઈકોર્ટનો હુકમ

કોર્ટના હુકમ બાદ દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જશે

ગાંધીનગર

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પીએસઆઈ મોડ-૨ની પરીક્ષા દરમ્યાન એમપીના કુખ્યાત વ્યાપમ કોભાંડ જેવું થયું હોવાના ગંભીર આરોપો લાગ્યા હતા. આ અંગે ગુજરાત હાઈકોર્ટમાં મામલો પહોંચ્યો હતો. જેની આજે સુનાવણી બાદ કોર્ટે પક્ષકારોને સાંભળ્યા બાદ કોર્ટ દ્વારા એવો હુકમ કરવામાં આવ્યો હતો આ પરીક્ષા આપનાર તમામ પરીક્ષાર્થીઓના પેપરો ફરી તપાસવામાં આવે. અરજદાર પીએસઆઈ ઉમેદવારો વતી જાણીતા ધારાશાસ્ત્રી સાલીન મહેતાએ ધારદાર રજૂઆતો કરી હતી. કોર્ટના આદેશ બાદ સરકાર તેની સામે અપીલમાં જાય છે કે પછી તમામના ફરીથી પેપરો તપાસવાની કામગીરી હાથ ધરે છે તે પણ જોવું રહ્યું.

ગુજરાતના પીએસઆઈ ઈચ્છુક ઉમેદવારોમાં ભારે ચકચાર જગાવનાર આ બાબત પર નજર નાંખીએ તો શું ગુજરાતમાં પોલીસ ભરતીમાં મધ્યપ્રદેશના વ્યાપમ કોભાંડની જેમ પીએસઆઈ મોડ-૨ની પરીક્ષામાં વ્હાલાદવલાની નીતિ અપનાવીને અમુકને પાસ કરવા અને અમુકને ફેલ કરવાની કોઈ રાજ-રમત તો રમાઈ નથી નેપએવા સવાલો એટલા માટે થયા હતા.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલી લેખિત પરીક્ષાના પ્રશ્નપત્રમાં છપાયેલી સુચનાનું કડક પાલન કરનારા ઉમેદવારોના ગુણ કાપીને ઓછા ગુણ આપતાં તેઓ મેરિટમાં આવી શક્યા નથી પરંતુ જેમણે સુચનાનું કડક પાલન ન કર્યું અને પાલનભંગ કર્યો તેઓ મેરિટમાં પહોંચતા સમગ્ર મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. સરકારી સુચનાનું પાલન કરીને મેરિટમાં નહીં પહોંચેલા ઉમેદવારોના મનમાં એવી લાગણી સર્જાઈ રહી છે કે શું સુચનાનું કડક પાલન કરવાની તેમને સજા કરવામાં આવી છે? શું જેમણે પ્રશ્નપત્રની સુચનાનું પાલન નથી કર્યું તેમના પ્રત્યે ઉદારતા રાખીને તેમને પીએસઆઈ બનાવવાની કોઈ મેલી રમત ગૃહ વિભાગમાં કોઈના ઈશારે કરવામાં આવી છે? ગુજરાત ગૌણ સેવા મંડળ દ્વારા ૨૦૧૫-૧૬માં ૫-૧૨-૨૦૧૫ના દિવસે ૪૦૦ કરતાં વધારે પીએસઆઈની ભરતી માટે જાહેરખબર આપવામાં આવી હતી. જેઓ હાઈકોર્ટમાં મામલો લઈ ગયા હતા તેઓ પણ ખાતાકિય રીતે પરીક્ષામાં બેઠા હતા.

ફેબ્રુઆરી ૨૦૧૭માં ફિજીકલ ટેસ્ટ અને જુલાઈ ૨૦૧૭માં પીએસઆઈ મોડ-૨ની લેખિત પરીક્ષા યોજાઈ હતી. સમગ્ર વિવાદની જડ અને જેને લઈને કેટલાકના મનમાં વ્યાપમ કૌભાંડની ગંધ આવી રહી છે તે સુચના આ પ્રમાણે હતી.

"પ્રશ્નપત્રમાં માંગ્યા મુજબના જ વિકલ્પોના જવાબો આપવા, વધુ સંખ્યામાં લખેલા વિકલ્પો ધરાવતાં કેસમાં માત્ર પ્રથમ ક્રમથી શરૂ થતાં માંગ્યા મુજબના વિકલ્પો જ તપાસવામાં આવશે તૈયારબાદના વધુ લખેલ વિકલ્પોના જવાબો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

સાયરાની ૧૯ વર્ષીય કોલેજિયન ગર્લના અપહરણ, ગેંગરેપ અને હત્યા કેસમાં ખુલાસો

યુવતી સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચર્યા બાદ વડ પર લટકાવી દેવાઈ હતીઃ પીએમ રિપોર્ટ

મોડાસા

સાયરા(અમરાપુર)ની ૧૯ વર્ષીય કોલેજિયન ગર્લના અપહરણ, ગેંગરેપ અને હત્યા કેસમાં પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યો છે. જેમાં ઘટસ્ફોટ થયો છે કે તેની સાથે વારંવાર સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય કરવામાં આવ્યું હતું. ઉપરાંત તેના ગળામાં ઈજાના નિશાનથી એવું લાગે છે કે તેને જબરજસ્તી ફાંસીએ લટકાવી દઈને મારી હતી. એ પહેલા તેને જમીન પર ઢસડી હતી અને પછી વડ પર લટકાવી દીધી હતી.

પોસ્ટમોર્ટમ રિપોર્ટ મુજબ કોલેજિયન ગર્લની સાથે ખૂબ જ ક્રૂરતાપૂર્વક સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય કરવામાં આવ્યું હતું. તેના મળાશયનો એક ભાગ બહાર નીકળી ગયો હતો. તેમજ તેના ડાબા સ્તન પર ઈજાના નિશાનો હતો અને સ્તનના



ઉપરના ભાગે જોવા મળ્યા હતા. ઉપરાંત તેના ડાબા ખભા પર ઈજાઓના નિશાન હતા તથા ડાબા અંગૂઠા પર ઈજા થઈ હતી. ગળાના ભાગે નિશાન હોવાથી એવું સાબિત થાય છે કે તેને જબરજસ્તી ફાંસીએ લટકાવી દેવાઈ હતી. યુવતીને મારતા પહેલા તેને ઢસડવામાં આવી હતી.

મોડાસાના સાયરા(અમરાપુર)ની ૩૧મીએ ડિસેમ્બરથી પાંચ દિવસથી ગુમ યુવતીની લાશ ઝાડ પર લટકતી ૫ જાન્યુઆરીએ લાશ મળી હતી. આ કેસમાં ૧૧ જાન્યુઆરીએ ૩ આરોપીઓની એસસી-એસટી સેલના ડીવાયએસપીએ ત્રણેય આરોપીઓની ધરપકડ કરી હતી. બાદમાં રાજ્ય પોલીસ વડાએ તપાસ સીઆઈડી ક્રાઈમને સોંપી હતી અને એસઆઈટી રચાઈ હતી. ૨૧ જાન્યુઆરીએ ત્રણેય આરોપીને એસઆઈટીએ કોર્ટમાં રજૂ કરીને ૫ દિવસની સામે ૩ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. તપાસમાં આરોપીઓ અને યુવતીના મોબાઈલ સંપર્ક ખુલ્યા હતા. પોસ્ટ મોર્ટમ રિપોર્ટમાં યુવતી સાથે સૃષ્ટી વિરૂદ્ધનું કૃત્ય અને તેને લટકાવી દેવામાં આવી હોવાનો ખુલાસો થયો છે.

ઈનામદારનાં રાજીનામાથી રાજકારણમાં ભૂકંપ, જીતુ વાઘાણીની તબિયત લથડી

ગાંધીનગર

સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારે ધારાસભ્યપદેથી રાજીનામું આપી દેતા રાજકીય ક્ષેત્રે ખળભળાટ મચી ગયો છે. ઈનામદારને માવવાના પ્રયાસો ચલી રહ્યાં છે. બીજી તરફ પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીની તબિયત લથડી છે. તેમના નિવાસસ્થાને તબીબોને બોલાવવામાં આવ્યાં છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલની એમ્બ્યુલન્સ પણ બોલાવી હોવાનું કહેવાય છે.

કેતન ઈનામદારના ટેકામાં સાવલી નગરપાલિકાના ભાજપના ૨૩ નગરસેવકોએ રાજીનામા આપ્યાસાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારે ધારાસભ્યપદેથી રાજીનામું આપી દીધુ છે. ભાજપ પક્ષમાંથી આપ્યું નથી તેવી સ્પષ્ટતા ખુદ ધારાસભ્ય તરફથી કરવામાં આવી રહી છે. તો બીજી બાજુ તેમના ટેકામાં સાવલી ભાજપ પ્રમુખે પણ રાજીનામું ધરી દીધુ છે. તો સાવલી નગરપાલિકાના ભાજપના ૨૩ નગરસેવકોએ રાજીનામુ આપી દીધું છે.

વિરમગામ ખાતે પુરવઠા મામલતદાર દ્વારા દિવ્યાંગોને અંત્યોદય કાર્ડ વિતરણ કાર્યક્રમ યોજાયો



ગાયત્રી મંદિર ખાતે દિવ્યાંગોને વિરમગામ પુરવઠા મામલતદાર જી એમ ગોહીલ દ્વારા અંત્યોદય કાર્ડ આપવામા આવ્યા

અમદાવાદ જીલ્લાના વિરમગામ સેવાસદન રોડ પર આવેલ ગાયત્રી મંદિર ખાતે ૨૩ જાન્યુઆરી ગુરૂવારના રોજ વિરમગામ શહેરના ૭૧ દિવ્યાંગોને વિરમગામ પુરવઠા મામલતદાર જી એમ ગોહીલ દ્વારા અંત્યોદય કાર્ડ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં લાયન્સ ક્લબ ઓફ વિરમગામ ના પ્રમુખ હરિવંશ શુકલ, ટાઉન ક્લબ ઓફ વિરમગામના પ્રમુખ મહેશ પટેલ, સામાજિક કાર્યકર બીરજુ ગુપ્તા, દિવ્યાંગ તેમજ સામાજિક કાર્યકર હિતેશભાઈ દરબાર, દિલીપભાઈ મહેતા, પૂર્વ પુરવઠા મામલતદાર હરિઓમભાઈ જાની, દશરથભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લા પુરવઠા અધિકારીના સહયોગથી પુરવઠા મામલતદાર જી એમ ગોહીલ દ્વારા ૭૧ અંત્યોદય કાર્ડ આપવામાં આવ્યા હતા. દિવ્યાંગોને અંત્યોદય કાર્ડ દર માસે ૨૫ કિલો ઘઉં,૧૦ કિલો ચોખા , ૩૦૦ ગ્રામ ખાંડ, કેરોસીન સહિત ગંભીર બિમારીઓમાં સરકાર તરફથી મફત સારવાર આપવામાં આવે છે. સામાજિક કાર્યકર હિતેશભાઈ દરબાર, દિલીપભાઈ મહેતા એ દરેક વિકલાંગોના ઘરે ઘરે ફરી ડોક્યુમેન્ટ્સ ફોર્મ ભેગા કરી પુરવઠા મામલતદારને પહોંચાડ્યા હતા. આ પ્રસંગે સ્ટેજ પર ઉપસ્થિત પુરવઠા મામલતદાર સહિતનાઓનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

સફાઈમાં કહ્યું... રિવોલ્વરનું લાયસન્સ લેવા માટે પ્રેક્ટિસ કરતો હતો

કોંગી ધારાસભ્ય લલિત વસોયાનો ફાયરિંગ કરતો વીડિયો વાયરલ



આણંદ

કોંગ્રેસનાં અબડાસાના ધારાસભ્યનાં પુત્રના ફાયરિંગ વીડિયો બાદ હવે વધુ એક કોંગ્રેસ ધારાસભ્યના ફાયરિંગનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. ધોરાજી-ઉપલેટાના ધારાસભ્ય લલિત વસોયાનો ફાયરિંગ કરતો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. વીડિયો વાયરલ થતાં જ આ મામલે લલિત વસોયાએ સફાઈ આપતાં પોતાની પ્રતિક્રિયા પણ આપી હતી.

કોંગ્રેસના ધારાસભ્ય લલિત વસોયાનો આ વીડિયો તેમનાં એક કાર્યકરે ફેસબુક પર મુક્યો છે. ફેસબુક પર વીડિયો પોસ્ટ કરતાં દિનેશ પટેલે લખ્યું છે કે, હંમેશા ધાર્યું નિશાન પાર પાડતા અમારા ધારાસભ્ય લલિત વસોયા.

લલિત વસોયાના કાર્યકરે પોસ્ટ કરેલ આ વીડિયો થોડા જ સમયોમાં ધડાધડા વાયરલ થઈ ગયો હતો. એકબાજુ લલિત વસોયાના તારીફમાં કરાયેલો આ વીડિયો તેમના માટે જ ભારે પડી ગયો હતો. કેમ કે, ફાયરિંગ કરવાનો વીડિયો પોસ્ટ થયા બાદ લલિત વસોયા બરાબરના ભરાયા હતા. અને આ મામલે પોતાના બચાવમાં સફાઈ આપતાં જોવા મળ્યા હતા.

કોંગ્રેસ ધારાસભ્ય લલિત વસોયાએ આ મામલે કહ્યું કે, રિવોલ્વરનું લાયસન્સ લેવા માટે પ્રેક્ટિસ કરતો હતો. તેના ફોર્મ સાથે વીડિયો અને ફોટા આપવાના હોય છે. મારા મિત્રએ આ વીડિયો ભૂલથી વાયરલ કરી દીધો છે. અને મેં આ વીડિયો ડિલિટ મારી દેવા માટે ટેકેદારને સૂચના આપી દીધી છે.

મહુધાના ધારાસભ્ય ઈન્દ્રજીતસિંહ પરમારે વહીવટી તંત્ર પર ભ્રષ્ટાચારનાં આરોપ લગાવ્યા

મહુધા

સાવલીના ધારાસભ્ય કેતન ઈમાનદારે તેમના વિસ્તારના વિકાસ કામ ન થતા હોવાનો આરોપ લગાવી રાજીનામું ધરી દીધું છે. ત્યારે ચરોતરના ખેડામાં પણ સરકારી તંત્રની પોલ ખોલતો બનાવ સામે આવ્યો છે. જેમાં જિલ્લા તંત્ર અને ભ્રષ્ટાચારી તત્વોની મિલિભગતથી પ્રજા હાલાકી ભોગવી રહી હોવાનો કોંગી ધારાસભ્યએ આક્ષેપ કરતા જિલ્લાના રાજકારણમાં હોબાળો મચ્યો છે. જિલ્લા કલેક્ટર કચેરી ખાતે સંકલન કમિટી મિટિંગ માત્ર કાગળ ઉપરની પ્રક્રિયા થઈને રહી ગઈ હોવાનો આરોપ લગાવ્યો છે. મિટિંગમાં કોંગી



ધારાસભ્યો દ્વારા પુછાયેલા પ્રશ્નોને યોગ્ય ન્યાય આપવામાં આવતો ન હોવાનું જણાવાયું છે.

મહિનાના ત્રીજા શનિવારે નિયમિત કલેક્ટર કચેરીએ મળતી જિલ્લા સંકલન સમિતિમાં કોંગી ધારાસભ્યોના પ્રશ્નોને યોગ્ય વાચા આપવામાં આવતી નથી.વળી સમિતિમાં થયેલી ચર્ચા મુજબ કાર્યવાહીઓમાં પણ તંત્ર દ્વારા આડોડાઈ અને ઈરાદાપૂર્વકનો વિલંબ કરી ભ્રષ્ટાચારને પોષવાના આવી રહ્યો હોવાનો સનસનાટી ભર્યો આરોપ મહુધાના ધારાસભ્ય ઈન્દ્રજીતસિંહ પરમારે કર્યો હતો.

મહુધાના ધારાસભ્ય ઈન્દ્રજીતસિંહ પરમારે જણાવ્યું હતું કે, જિલ્લા સંકલન સમિતિમાં પ્રજાના પ્રશ્નોને ન્યાય મળતો નથી અને ભ્રષ્ટાચારીઓને જિલ્લા તંત્ર છાવરે છે. ખેડા જિલ્લામાં બાળ મૃત્યુદર અને કુપોષણ વધ્યું છે. સરકાર દ્વારા આપતા લાખો રૂપિયાની ગ્રાન્ટ કયા અધિકારી અને વચેટિયાઓ ચાઉં કરી જાય છે તે પરત્વે ઢાંકપિછોળો કરવામાં આવી રહ્યો છે.



આગામી તા.૨૬'મી જાન્યુઆરી ગણતંત્ર દિવસની પરેડ માટે અઠવાલાઈન્સ ખાતેના પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર દરરોજ સવારે પોલીસના જવાનો દ્વારા કાર્યક્રમનું રીહર્સલ કરવામાં આવી રહ્યું હોવાનું તસ્વીરમાં જણાય છે.

વાપી ડબલ મર્ડર કેસ : માતાની હત્યાના આરોપી પુત્ર, સોપારી લેનાર મિત્રની ધરપકડ

સુરત

વાપીના ચણોદ કોલોનીમાં ૧૧ દિવસ અગાઉ શનિવારે રાત્રે બે મહિલાની ગોળી મારીને થયેલી હત્યામાં પુત્રએ જ માતાની તેના મિત્રને પાંચ લાખની સોપારી આપી હત્યા કરાવી હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. માતાના અન્ય પુરુષો સાથે સંબંધથી કંટાળીને, સોશિયલ મીડિયામાં બિભત્સ ચેટિંગ અને મિલકત દાનમાં કરી દેવાની વાત કરતાં પુત્રએ માતાનું કાસળ કાઢી નાંખવાનો રીઢા આરોપીને પણ શરમાવે તેવો ખતરનાક પ્લાન બનાવ્યો હતો. વાપી પોલીસે હત્યા કરાવનાર પુત્ર અને પાંચ લાખની સોપારી લેનાર મિત્રની ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા પ્રમાણે, હત્યાના એક દિવસ પહેલા જ હત્યાના આરોપી પુત્રએ ગેરેજમાંથી જૂની બાઈક ખરીદી હતી. આ ડબલ મર્ડર કેસમાં ઉપયોગમાં લેવાયેલી આ બાઈકના કારણે ભેદ ઉકેલાયો હતો.

બેવડી હત્યાને જોતા પોલીસને શરૂઆતથી જ પુત્ર ઉપર શંકા હતી. જોકે, પોલીસે પુત્રને આ બાબતની કોઈપણ જાતની ગંધ આવવા દીધી ન હતી. અંતિમક્રિયા સુધી પોલીસે પુત્રની પૂછપરછ સુધ્ધા કરી ન હતી. આખરે પોલીસને અગત્યની કડી મળ્યા બાદ અટકાયત બાદ તપાસ કરી હતી.

માતા અને તેની બહેનપણીની હત્યા બાદ બિપિન ઘટના સ્થળે પહોંચી ગયો હતો. ત્યારબાદ માતાની હત્યાથી ખૂબ જ દુ:ખી હોય તેવી પ્રતિક્રિયા આપી હતી. સાથે જ ૧૦૮ બોલાવી હતી. પોતે જ હત્યાની સોપારી આપી હોવા છતાં હાવભાવમાં કોઈ પણ જાતનો ફેરફાર દેખાતો ન હતો. જોકે, પોલીસને પહેલેથી જ શંકા હતી. જેથી પૂછપરછમાં ભાંટો ફૂટી ગયો હતો. પોલીસે બિપિનના મોબાઈલની તપાસ કરતા તેણે મોબાઈલના તમામ ડેટા ડિલિટ કરી દીધા હોવાનું પણ સામે આવ્યું હતું.

ડીસ્ટ્રીક્ટ લેડી એડવોકેટ એકટીવ કમિટિ દ્વારા કાર્યક્રમનું આયોજન

ગેટ ટુ ગેધરમાં મનોરંજક કાર્યક્રમો રજૂ કરાશે

સુરત

ધી સુરત ડિસ્ટ્રીક્ટ લેડી એડવોકેટ્સ એકટીવ કમિટિ કે જેની સ્થાપના સને ૨૦૦૫માં થયેલી કમિટિ દ્વારા સતત મહિલા વકીલો ને પ્રોત્સાહન મળે, નૈતિક હિંમત ખુલે, તેમજ બહેનોમાં રહેલી કાર્યક્ષમતા હુન્નર ને સ્ટેજ મળી રહે, ઉપરાંત મહિલા વકીલોના પ્રશ્નોને વાંચા મળે તેવા અનેક કાયદાકીય, સામાજિક મેડિકલ કેમ્પ, સાંસ્કૃતિક , યાત્રા પ્રવાસ, સેમિનાર- શિબિર વિગેરે અનેક કાર્યક્રમો, વિવિધ રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય દિવોસની અનોખી ઉજવણી વર્ષોથી કરતાં આવેલાં છે.

આગામી તા. ૨૫ જાન્યુઆરીનાં રોજ બપોરે ૩થી ૬ કલાક દરમ્યાન એક ગેટ ટુ ગેધર ચાલો જીવી લઈએ થીમ ઉપર મનોરંજન અમર્યાદિત લઈને મંગલમપાર્ક હોલ, પીપલોદ, સુરત મુકામે એક કાર્યક્રમનું આયોજન કન્વીનર શ્રીમતી પ્રીતિ જોષી, ભારતી મુખર્જી, સંગીતા ચેતના શાહ, કલ્પના પાઠક, બીના દરજી, નીતા પટેલ, સોનલ જયશ્રી પટેલ સહિતના મહિલા વકીલો દ્વારા આયોજન કરાયું છે જેમાં મહિલા વકીલો દ્વારા વિવિધ થીમ ઉપર નાટયકૃતિ , ડાન્સ, કેટવોક અને વિવિધ ગેમ રમાડવામાં આવશે. સાથે સાથે વિજેતાઓ ને ઇનામ થી સન્માનિત કરાશે.

મહિલા વકીલો સતત ઘર, પરિવાર, સમાજ અને પક્ષકારો માટે ઝઝૂમતી રહે છે. આ કાર્યક્રમ થકી એક શામ ખૂંદ કે નામ પોતાના માટે, પોતાના નિજાંનદ માટે ભાગ લેશે

બેટી બચાવો બેટી પઢાવો અઠવાડિયા અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા

વલસાડ: ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારાસ્ત્રીજાતિ જન્મ દરમાં વધારો કરવા, દિકરીઓનું માધ્યિમિક શિક્ષણમાં પ્રમાણ વધારવા તેમજ દિકરીઓની સુરક્ષા માટે બેટી બચાવો બેટી પઢાઓ યોજના કાર્યરત છે. આ યોજના હેઠળ તારીખ-૨૬/૦૧/૨૦૨૦ સુધી સમગ્ર જિલ્લામાં દિકરીઓના જન્મમ દર વધારવા તેમજ પ્રોત્સારહન આપવા માટે 'બેટી બચાવો બેટી પઢાઓ' અઠવાડિયાની ઉજવણી કરવામાં આવી રહી છે.

વલસાડ જિલ્લા ખાતે 'બેટી બચાવો બેટી પઢાઓ' અઠવાડિયાનો શુભારંભ જિલ્લા વિકાસ અધિકારી અર્પિત સાગર દ્વારા ફણસવાડા સાર્વજનિક હાઈસ્કુ'લ ખાતે કરવામાં આવ્યો હતો. આ અવસરે જિલ્લા વિકાસ અધિકારી અર્પિત સાગર દ્વારા રાષ્ટ્રી ય દિકરી દિવસની ઉજવણીનું મહત્વવ, બેટી બચાવો બેટી પઢાઓ સપ્તાહની ઉજવણીનું મહત્વ સમજાવ્યું હતું. જિલ્લા મહિલા અને બાળ અધિકારી, શૈલેષ કણજારીયા દ્વારા સ્વાાગત પ્રવચન આપતા બેટી બચાવો બેટી પઢાઓ અંગેના જનજનગૃતિ માટે યોજવામાં આવનારા કાર્યક્રમોની રૂપરેખા આપવામાં આવી હતી.

બેટી બચાવો બેટી પઢાઓ યોજનાની સ્થા?નિક ચેમ્પિરયન ભાવના મિષીએ દિકરીઓના ભણતરના મહત્વે વિશે માહિતી આપી બેટી બચાવો બેટી પઢાઓ થીમ ઉપર રચિત કેટલીક કવિતાઓનો પાઠ કર્યો હતો. સખી વન સ્ટોોપ કેન્દ્રઉ વલસાડ જિલ્લા સમિતિના સભ્યજ ગીતાબેન પટેલ દ્વારા સખી વન સ્ટોશપ સેન્ટનર, પોલીસ સ્ટેસશન આધારિત સપોર્ટ સેન્ટયર અને વિવિધલક્ષી મહિલા કલ્યાઓણ કેન્દ્રોની કામગીરી વિશે માહિતી આપવામાં આવી હતી.

વાંકી નદીમાં કુદી અજાણ્યા ઈસમે આપઘાત કરતા ચકચાર મચી

સુરત

વલસાડના વાંકી નદીમાં એક અજાણ્યા ઈસમે મોતની છલાંગ લગાવી આત્મહત્યા કરી હતી. ઘટનાની જાણ પોલીસને થતા પોલીસ ઘટના સ્થળ ઉપર પહોંચી તપાસ હાથ ધરી છે. જોકે, હાલ લાશને બહાર કાઢી યુવકની ઓળખ દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે.

વલસાડમાં આવેલી વાંકી નદીમાં અજાણ્યા ઈસમે કૂદીને આપઘાત કરી લીધો હતો. ઘટનાની જાણ થતા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. દરમિયાન સ્થાનિક તરવૈયાઓએ નદીમાં ડૂબેલા યુવકની લાશ બહાર કાઢી હતી. ત્યારબાદ પોલીસે લાશનો કબજો મેળવી પીએમ કરાવવા લાશને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી છે. યુવક પાસેથી મોબાઈલ અને બાઈકની ચાવી મળી આવી હતી. હાલ પોલીસ દ્વારા યુવકની ઓળખ અને આપઘાતના કારણ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

યુનિવર્સિટીની પરીક્ષામાં ડાંગ જિલ્લાના વિદ્યાર્થીઓ ઝળકયા

આહવા કોલેજ બે વિષયમાં મોખરાના સ્થાને

આહવા

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ,આહવાના બે વિદ્યાર્થીઓએ સમગ્ર યુનિવર્સિટીમાં ગુજરાતી અને સમાજશાસ્ત્ર વિષયમાં સૌથી વધુ ગુણ મેળવી સરકારી આહવા કોલેજનું ગૌરવ વધારી નામ રોશન કર્યું છે.

વીર નર્મદ યુનિવર્સિટી, સુરત દ્વારા એપ્રિલ-૨૦૧૯ માં લેવાયેલ બી.એ. સેમેસ્ટર-૬ ની પરીક્ષામાં સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, આહવામાં અભ્યાસ કરતા ડાંગ જિલ્લાના સાબળે જયેશભાઈ કે. એ ગુજરાતી વિષયમાં સૌથી વધુ ગુણ મેળવી ન્યાય રત્ન શ્રી લાલુભાઈ ભીમભાઈ દેસાઈ પારિતોષિક' તેમજ ઓજસ ટ્રસ્ટ પ્રેરિત આચાર્ય કુંજવિહારી મહેતા પ્રાઈઝ, સ્વર્ગસ્થ શ્રી નાથુભાઈ દેવજીભાઈ પટેલ પારિતોષિક' મેળવ્યા હતા.

જયારે તાપી જિલ્લાના ડોલવણ તાલુકાના કોંકણી હર્ષિદાબહેન કે. બી.એ. સેમેસ્ટર-૬ સમાજશાસ્ત્ર વિષયમાં સમગ્ર યુનિવર્સિટીમાં સૌથી વધારે ગુણ મેળવી રાવ બહાદુર પ્રહલાદજી સી.દિવાનજી પ્રાઈઝ' મેળવી કોલેજનું નામ રોશન કર્યું છે. આ બંને ગોલ્ડ મેડલ મેળવનાર વિદ્યાર્થીઓને જિલ્લા વહીવટી તંત્ર, શિક્ષણ વિભાગ અને કોલેજ પરિવારે ખૂબ ખૂબ અભિનંદન આપ્યા હતા.

નવાગામમાં ચારિત્ર્ય પર શંકા રખાતા પરિણીતાનો આપઘાત

પરિણીતાએ ઘરમાં ગળે ફાંસો ખાધો

સુરત

નવાગામ-ડીંડોલી ખાતે રહેતી એક પરિણીતાના ચારિત્ર્ય પર શંકા રાખી બોલાચાલી સાસરીયાઓ દ્વારા કરવામાં આવતા માઠુ લાગી આવતા પરિણીતાએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધઈ હોવાનો બનાવ ડીંડોલી પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર નવાગામ-ડીંડોલી ઉમિયાનગર-૧ પ્લોટ નંબર ૮૫ ખાતે રહેતી એક પરિણીતાના ચારિત્ર્ય પર પતિ સહિત સાસરીયાઓ દ્વારા વારંવાર શંકા રાખવામાં આવતી હતી. જેનાથી કંટાળી જઈ પરિણીતાએ ગતરોજ સાંજના સુમારે પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ બનાવની જાણ ડીંડોલી પોલીસને કરવામાં આવતા પોલીસે હાલમાં અકસ્માત મોત નોંધી તપાસ શરૂ કરી છે.

નિ:શુલ્ક સર્વરોગ આયુર્વેદ-હોમીયોપેથી નિદાન અને સારવાર કેમ્પ યોજાયો

વલસાડ: જિલ્લા વિકાસ અધિકારી વલસાડ, સચિવ આરોગ્યલ અને પરિવાર કલ્યાીણ વિભાગ ગાંધીનગર તથા નિયામક આયુષની કચેરી ગાંધીનગરની પ્રેરણાથી તથા જિલ્લા આયુર્વેદ/હોમીયોપેથી પધ્ધતતિ દ્વારા નિ:શુલ્કી સર્વરોગ નિદાન સારવાર કેમ્પ નું આયોજન વલસાડ તાલુકાના કોસંબા ખાતે પ્રિતમનગર મેદાન, રણછોડ મંદિર પાસે કરવામાં આવ્યું હતું.

સર્વરોગ નિદાન સારવાર કેમ્પ માં કુલ-૯૩૫ દર્દીઓ આયુર્વેદ અને હોમીયોપેથી પધ્ધરતિ દ્વારા નિદાન સારવારનો લાભ લીધો હતો. ૧૫૦૦ થી વધારે લોકોએ અમૃત પેય ઉકાળાનો લાભ લીધો હતો. આ ઉપરાંત આયુર્વેદ પધ્ધ તિ દ્વારા બાળકોને સ્વ ર્ણપ્રાશન, મર્મ ચિકિત્સાઆ તથા અગ્નિ કર્મ ચિકિત્સાનનો લાભ આપવામાં આવ્યોપ હતો. હોમીયોપેથીના ડેંગ્યુ,ના પ્રતિરોધક ડોઝ ૩૧૦ જેટલા લોકોને આપવામાં આવ્યાઉ હતા. ચાર્ટ પ્રદર્શની દ્વારા દ્વારા આયુર્વેદિક તથા હોમીયોપેથી પધ્ધતતિનો વ્યામપ વધે તે સંબંધિત જરૂરી માહિતી જિલ્લા આયુર્વેદ અધિકારી દ્વારા જાહેર જનતાને આપવામાં આવી હતી.

રાજપેલેસના ડીયર પાર્કમાં ચાર દિવસથી આતંક મચાવતો દીપડો પાંજરે પુરાયો

સુરત

વાંસદામાં આવેલા રાજપેલેસના ડીયર પાર્કમાં હરણની મિજબાની કરીને ચાર દિવસથી આતંક મચાવતો દીપડો મહામહેનતે પાંજરે પુરાયો છે.જેથી રાજવી પરિવારે રાહતનો શ્વાસ લીધો છે. દીપડાને પકડવા માટે ૭ પાંજરા મુકાયા હતા અને ૨૮ નાઈટ વિઝન કેમેરાનો ઉપયોગ થયો હતો. વનવિભાગ સહિતના ૩૫ કર્મચારીઓએ દીપડાને પકડવા જહેમત ઉઠાવી હતી.

રાત્રિએ દીપડો કમ્પાઉડમાં ભરાઈ જઈ ફરી હરણના બચ્ચાની મિજબાની માણી હતી. આ ઘટનાને પગલે વન વિભાગ ફરી હરકતમાં આવી ત્રણ રેન્જ ફોરેસ્ટની ટીમ નેશનલ પાર્કના જીગર પટેલ, પૂર્વ વન વિભાગના નરેન્દ્ર ગઢવી, પશ્ચિમ વિભાગના જયેન્દ્ર રાઠોડ સાથે બનાવી ૩૫ વનકર્મીઓ દ્વારા આ વિસ્તારને કોર્ડન કરી કુલ ૭ પાંજરા સાથે ૨૮ નાઈટ વિઝન કેમરા લગાવી દીપડાને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા. વાંસદાના રાજપેલેસમાં મંગળવારની રાત્રિએ શિકાર કરવા આવેલો દીપડો સીસીટીવીમાં કેદ થયો હતો.

દીપડાએ શિકાર કરતાં રાજવી પેલેસ સહિત આસપાસમાં ભયનો માહોલ પેદા થયો હતો. જો કે, દીપડો આખરે પાંજરે પુરાઈ જતાં તમામે રાહતનો દમ લીધો હતો. વનવિભાગના સુત્રો દ્વારા જાણવા મળ્યું હતું કે, શિકારી દીપડો પાંજરે પુરાઈ જતાં તેને જંગલમાં છોડવા અંગેની તજવીજ હાથ ધરવામાં આવશે.

તાપી જિલ્લામાં ૭મી આર્થિક ગણતરીની કામગીરી શરુ: ગણતરીકારોને સાચી માહીતી આપવા લોકોને અનુરોધ

વ્યારા : દેશના અર્થતંત્ર અને વિકાસના આયોજનો માટે ખૂબ જ અગત્યની એવી ૭મી આર્થિક ગણતરીની કામગીરી તા.૧૫મી જાન્યુઆરી-૨૦૨૦થી શરૂ થયેલ છે. જે અંતર્ગત તાપી જિલ્લામાં પણ સી.એસ.સી. ઈ ગવર્નન્સ દ્વારા શહેરી અને ગ્રામીણ ક્ષેત્રમાં કામગીરીની શરૂઆત થયેલ છે.આ આર્થિક ગણતરીમાં ઘરો, દરેક ભૌગલિક માળખા, ઉત્પાદન કરતા એકમો, સહકારી મંડળીઓ, ગૃહ ઉધોગ, બેંક, કોંટ્રાકટરો, ધંધાધારી વેપારી માળખું, કંપનીઓ, પેઢીઓ, સંસ્થાઓ- ટ્રસ્ટો, એજન્સીઓ, સ્વરોજગાર યુનિટ, છુટક ધંધાઓ જેમ કે લારી, ગલ્લા, દુકાન, ફેરીયાઓ, બ્યુટી પાર્લર, સિવણકામ, ખનન પ્રવૃતિ, હેંડી કાફટ, સેલ્ફ હેલ્પ ગૃપ, રીક્ષા વાળા, ફેકટરી ધારકો, ઓધોગિક સાહસો, ખાનગી હોસ્પિટલો, ઉપરાંત વ્યવસાયીક ક્ષેત્ર સાથે જોડાયેલા વકીલો, ડોકટરો, એન્જીનીયરો, આર્થિક ઉપાર્જન માટે કામ કરતા ઉત્પાદન/સેવાઓના એકમો તથા એવી પ્રવૃતિઓ કે જેમાં આર્થિક ઉપાર્જન થતુ હોય આવી તમામ પ્રકારની ગણતરી કરવામાં આવનાર છે. કલેક્ટર આર.જે. હાલાણીના માર્ગદર્શન હેઠળ તાપી જિલ્લામાં ગણતરીદારોને ચોક્કસ વિસ્તારો ફાળવવામાં આવ્યા છે અને એ વિસ્તારોની ગણતરીદારો માહિતી ભેગી કરશે જે એપ દ્વારા સીધેસીધી સર્વરમાં જશે. આમ, ડિજિટલ ડેટા બેઝ તૈયાર થશે. ઉલ્લેખનીય છે કે નાના ઘરેલું વ્યવસાયો સહિતના આવકના નાના મોટા સ્ત્રોતોને આવરી લઈ દેશનું એક સશક્ત આર્થિક ચિત્ર મળે એ હેતુથી સરકાર દ્વારા સમયાંતરે આર્થિક ગણતરી કરવામાં આવે છે.આ બાબતે તાપી જિલ્લામાં સી.એસ.સી. મેનેજર સર્વશ્રી તુષારભાઈ ગામીત મો.નં. ૯૯૨૫૪૪૫૩૦૮ અને રવિભાઈ પટેલ મો.નં. ૯૯૨૫૧૩૦૩૧૯નો સંપર્ક કરી જરૂરી માર્ગદર્શન મેળવવા જણાવવામાં આવે છે.

બાપ્સ સ્વામિનારાયણ પણ વિદ્યામંદિર સુરતને આઈએસઓ સર્ટીફિકેટ મળ્યું

વિદ્યામંદિરે શિક્ષણ જગતમાં ઉચ્ચ સિદ્ધિ હાંસલ કરી

સુરત

છેલ્લા સવાં સો વર્ષથી સમાજના આધ્યાત્મિક ઉત્કર્ષ માટે પ્રવૃત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા સમાજ-ઉત્કર્ષનાં અનેક ક્ષેત્રોમાં સેવા આપી રહી છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે કઠોર પરિશ્રમ કરીને, જાતે ઘસાઈને, સમર્પણ અને કાર્યનિષ્ઠાની જ્યોતિ જગાવી છે અને માનવસેવાના વિરાટ અભિયાનો પ્રારંભ્યા છે. તેમાનું એક સેવાકાર્ય છે - સંસ્કારયુકત શિક્ષણ. ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં કલ્યું છે, ક્રપ્રવર્તનીયા સદ્વિદ્યાઞ એટલે સદ્વિદ્યાનું પ્રવર્તન કરવું એ મોટું પુણ્યકાર્ય છે. ભગવાન સ્વામિનારાયણના આ આદેશ અનુસાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા અનેક વિદ્યા પરિસરો, છાત્રાવાસો દ્વરા શિક્ષણ-સેવાઓની ભાગીરથી વહાવી રહી છે.

આવું જ એક વિશિષ્ટ શિક્ષણ કેન્દ્ર એટલે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર - સુરત. ચારિત્ર્ય ઘડતર સાથે શિક્ષણ આપતી આ શાળા અલ્પ સમયમાં જ શહેરની નામાંકિત શાળાઓની હરોળમાં આવી ગઈ છે. અહીં અદ્યતન સુવિધાસજજ સંકુલમાં આધુનિક ઢબે વિદ્યાર્થીઓના શિક્ષણની સંભાળ લેવામાં આવે છે. તાજેતરમાં જ આવી ઉચ્ચ ગુણવત્તા, કાર્યક્ષમતા અને કાર્યદક્ષતા માટે International Organization for Standardization, Geneva, Switzerland દ્વારા બીએપીએસ સ્વામિનારાયણ વિદ્યામંદિર - સુરતને ISO 9001:2015 Certificate એનાયત કરવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય ગુણવત્તાના ધારા-ધોરણો મુજબની કાર્યશૈલી ધરાવતી જૂજ સંસ્થાઓમાં સ્વામિનારાયણ વિદ્યામંદિર - સુરતે સ્થાન પ્રાપ્ત કર્યું છે. પ.પૂ. મહંતસ્વામી મહારાજની પ્રેરણા અને આર્શીવાદથી શાળાના કાર્યનિષ્ઠ સ્ટાફની મહેનત અને લગનથી ખુબ જ ટૂંકા સમયગાળામાં આ ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી સુરત અને ગુજરાતનું નામ શિક્ષણ જગતમાં રોશન કર્યું છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર - સુરતની આ ઉચ્ચ પ્રશંસનિય સિદ્ધિને સૌ વધાવી રહ્યાં છે.

વેપારીની રોકડા ૨.૧૦ લાખ રૂપિયા ભરેલી બેગની ચીલઝડપ

સુરત

ગોડાદરા આસપાસ ચાર રસ્તા પાસે રોકડા રૂપિયા ૨.૧૦ લાખ ભરેલી બેગની ચીલઝડપ કરી બે અજાણ્યા મોટર સાયકલ સવાર નાસી ગયા હતા.

લીંબાયત પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વેસુ પામ એવન્યુમાં રહેતાં મનોજ કિશનલાલ ગર્ગ લીંબાયતમાં કરિયાણા વેપારી પાસેથી માલના રોકડા રૂપિયા ૨.૧૦ લાખ લઈને પોતાની મોટર સાઈકલ પર ગોડાદરા આસપાસ ચાર રસ્તા પાસેથી પસાર થતા હતા. ત્યારે મોટર સાઈકલ ઉપર ધસી આવેલા બે અજાણ્યા ઈસમો રોકડા રૂપિયા ભરેલી બેગ આંચકી લઈ નાસી ગયા હતા. લીંબાયત પોલીસે વેપારી મનોજ ગર્ગની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.



સુરત મહાનગરપાલિકાના બજેટમાં સામાન્ય વેરા યથાવત સૂચવતા કમિશનર બચ્છાનિધિ પાની

વર્ષ ૨૦૨૦-૨૦૨૧નું રૂા. ૬૦૦૩ કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ

સુરતને વૈશ્વિક દરજ્જાનું શહેર બનાવવા બજેટમાં સંકલ્પ કરાયો : કુલ કેપિટલ બજેટ માટે રૂા.૨૭૭૫ કરોડની જોગવાઈ

સુરત

કરોડો રૂપિયાના નવા કામોના અંદાજ સાથે એક પણ રૂપિયાનો સામાન્ય વેરો વધારો કે યુઝર્સ ચાર્જીસમાં વધારો કર્યા વગર આજે સુરત મહાનગરપાલિકાના કમિશનર બચ્છાનિધિ પાનીએ આગામી વર્ષ ૨૦૨૦-૨૦૨૧નું અંદાજીત બજેટ રૂપિયા ૬૦૦૩ કરોડનું રજૂ કર્યું હતું. આ બજેટમાં ફાયર ચાર્જીસમાં વધારો કરાયો છે.

સુરત શહેરને વૈશ્વિક દરજ્જાની સ્માર્ટ સિટી બનાવવાના સંકલ્પને આ બજેટમાં કેન્દ્ર સ્થાને રાખવામાં આવેલ છે. તેમજ શહેરના તમામ વિસ્તારો અને ઘટકો સુધી માળખાગત સુવિધામાં વધારો કરવાનો ટેક્નોલોજી અને ટ્રાન્સફોર્મેટિવ પ્રોજેક્ટનો અમલ, ટ્રાફિક પાર્કિંગ મેનેજમેન્ટ, મલ્ટી મોડલ ઓથોરિટી અમલ કરી પર્યાવરણ સુધારણા, ઈલેક્ટ્રીક બસ વાહનો તથા ઈ-વ્હીકલના ચાર્જીસ સ્ટેશનો ઉભા કરવાના પ્રાધાન્ય સાથે સસ્ટેનેબલ (ટકાઉ) ઈકો સિટી બનાવવા તરફ વિશેષ ધ્યાન આપવામાં આવશે.

સ્માર્ટ સિટીની થીમ મુખ્ય-કમિશનર

સુરત શહેરનું પ્રથમ ડ્રાફ્ટ બજેટ રજૂ કરતાં પાલિકા કમિશનર બંછાનિધી પાનીએ સુરતને ૯.૨ ટકાના ગ્રોથ સાથે ફાસ્ટેસ્ટ ગ્રોઈંગ સિટી વિશ્વમાં ગણાવ્યું હતું. સ્માર્ટ સિટીની થીમ મુખ્ય હોવાથી સ્માર્ટ સિટીમાં બેસ્ટે પર્ફોમન્સના એવોર્ડ મળ્યા હોવાનું જણાવતાં ડ્રાફ્ટ બજેટ રજૂ કર્યું હતું. ૬૦૦૩ કરોડના બેજટમાં રેવન્યુ આવક ૩૨૩૧ કરોડ અને રેવન્યુ ખર્ચ ૨૦૯૧ કરોડ રહેશે તેમ જણાવ્યું હતું

ફાયરબ્રિગેડ માટે બમણી જોગવાઈ

શહેરમાં છાસવારે લાગતી આગને પગલે ફાયર એન્ડ ઈમરર્જન્સી સર્વિસ માટે ગત વર્ષે ૧૬ કરોડની જોગવાઈ હતી જેમાં આ વખતે બમણો વધારો કરીને ૩૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. નવા ૧૫ ફાયર સ્ટેશન બનશે જેની પાછળ ૪૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. ફાયર સ્ટાફ માટે ટ્રેનિંગ સેન્ટર પણ ઉભું કરવામાં આવશે. હાલના હયાત ૧૬ ફાયર સ્ટેશન છે અને વધુ ૧૫ નવા બનાવવામાં આવશે તેમ ડ્રાફ્ટ બજેટમાં જોગવાઈ કરાઈ છે.

ઓવરબ્રિજ માટે ૪૧૯ રૂપિયા ખર્ચાશે

ફ્લાય ઓબરબ્રિજના શહેર તરીકે ઓળખ પામી ચુકેલા સુરતમાં નવા નવ બ્રિજ સહિતના બ્રિજ માટે ૪૧૯ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.

ફ્લાય ઓવર બ્રિજ

૧. સાઉથ ઈસ્ટ લિંબાયત ઝોન વિસ્તારમાં ખરવરનગર જંકશનથી આંજણા તરફ જતા રસ્તા પર ભાઠેના જંકશન પર ૫૦ કરોડનો ખર્ચે બનશે

૨. સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાય)માં ડ્રા.ટી.પી.૬૨ (ડિંડોલી-ભેસ્તાન-ભેદવાડ)માં ડિંડોલી ખરવાસા રોડ અને મીડિલ રિંગરોડ જંકશન સાંઈ પોઈન્ટ પાસે ચાર રસ્તા પર સર્કલ ફ્લાય ઓવર બ્રિજ પર ૪૦કરોડના ખર્ચે બનશે.

૩. સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન વિસ્તારમાં બ્રેડ લાઈનર જંકશન પર અંડર બ્રિજ ૫૦ કરોડના ખર્ચે બનશે.

રઘુવીર માર્કેટની આગ બાદ નિર્ણય

હાઈરાઈઝ કેટેગરીની બિલ્ડિંગમાં એલીવેશનનું રજીસ્ટ્રેશન કરાવાશે

સુરતમાં સેફટી ફસ્ટ મિશન શરૂ કરાશે

સુરત

સુડા ભવન ખાતે ગત રોજ મળેલ માન.કમિશનર શ્રી બંછાનિધિ પાની દ્વારા રઘુવીર માર્કેટમાં લાગેલ આગ સંદર્ભે બિલ્ડર્સ, આર્કિટેક, ડેવલોપર્સ, એન્જીનીયરો, ટેકસટાઈલ ઓનર્સ એસોસિએશન અને ફોસ્ટા સાથે એક મિટીગનું આયોજન કરવામાં આવેલ. જેમાં ફાયરની સુવિધાનું યોગ્ય અમલીકરણ થવુ જોઈએ સુરત સેફટી ફસ્ટ મિશન સુરત શહેરમાં શરૂ થાય તે માટે સુચના આપવામાં આવેલ. જે બિલ્ડિંગ હાઈરીસ્ક અને હાઈરાઈઝ કેટેગરીમાં આવતી હોય તે તમામ બિલ્ડિંગોમાં ફાયર સેફટીની ખામી કે કોઈ અન્ય ખામી જોવા માટે ૩૦ દિવસની અંદર ટાઉન પ્લાનીંગ ડિપાર્ટમેન્ટ, કન્સલ્ટ આર્કિટેકચર, ફાયર ડિપાર્ટમેન્ટ એક મિટીગ કરી તમામ ખામીઓ ચેક કરી ખામીઓ દુર કરવા જણાવ્યું હતું.

જે નવા બિલ્ડિંગનો પ્લાન પાસ કરવામાં આવે તે બિલ્ડિંગના ઈલેકટ્રીક પર્સન અને ફાયર કન્સલ્ટન્ટ તમામ રેકર્ડ નોંધવામાં આવશે તેમજ ફસાડ માટે પર્સનલ રેકર્ડ નોધવામાં આવશે અને ફસાડને બહુ મહત્વ ન આપવા જણાવેલ. ફસાડ માટે સ્પેશીયલ રજીસ્ટ્રેશન કરવામાં આવશે. ફસાડ ઓપનેબલ હોવા જોઈએ. વેન્ટીલેશન વગરના ન હોવા જોઈએ. સાથે સાથે ફાયર સેફટી પણ અગત્યની હોય, હાઈરાઈઝ બિલ્ડિંગોના કર્મચારી, વોચમેન તથા તમામ લોકોને ફાયર સેફટીની જાણકારી હોવી જોઈએ તેમજ ફાયર સેફટી વિષે જાણકાર એક વ્યકિતની નિમણુંક કરવી જોઈએ અને સમયાંતરે ફાયર સેફટી સુવિધાની ચકાસણી કરવી જોઈએ. હાઈરાઈઝ બિલ્ડિંગની જરૂરિયાતો વિશે ચર્ચા કરવામાં આવેલ હતી. હાઈરાઈઝ બિલ્ડિંગોનું ફાયર સેફટી નોર્મસ નેશનલ બિલ્ડિંગ કોર્ટ મુજબ કરવામાં આવે તે અનિવાર્ય છે. કસાડનું મટિરિયલ્સ નોન કોમ્પોસિબલમાં ના હોય તો તેને મંજુરી અપવામાં આવશે નહિં. ઉપસ્થિત તમામ બિલ્ડર્સ, આર્કિટેક, ડેવલોપર્સ, એન્જીનીયરો, ટેકસટાઈલ ઓનર્સ એસોસિએશન અને ફોસ્ટા માન.કમિશનરશ્રીના સુચના અને માર્ગદર્શન ને હકારાત્મક પ્રતિભાવ આપેલ છે.

ટાઈલ્સના બોક્સ હેઠળ દબાઈ જતા યુવકનું મોત

સુરત

ટ્રકમાં ટાઈલ્સના બોક્ષ ગણતી વેળા બોક્ષ મજૂર ઉપર પડતા એક વ્યક્તિ દબાઈ જતાં મૃત્યુ થયું હતું.

અમરોલી પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ મુળ વરાછા ગોકુલ ધામ રેસિડેન્સીના મૃતક વિક્રમ દિનેશ રાઠોડ (ઉ.વ.૨૦)નો ટ્રકમાં ટાઈલ્સના બોક્ષ ગણતો હતો ત્યારે ટાઈલ્સ બોક્ષ પડતા વિક્રમ ટાઈલ્સની બોક્ષ નીચે દબાઈ ગયો હતો. જેને સારવાર માટે મિત્ર રિન્કુભાઈ સ્મીમેર હોસ્પિટલ લાવતા ફરજ પરના તબીબે વિક્રમ રાઠોડને મૃત જાહેર કર્યો હતો. અમરોલી પોલીસે અકસ્માત મોતની નોંધ કરી હતી.

વરાછા પોલીસે જુગાર રમતા ચારને ઝબ્બે કર્યો

સુરત

વરાછા વસંત બીખાની વાડી પાસે જુગાર રમતા ચારની ધરપકડ કરાઈ હતી. વરાછા પોલીસે જુગાર રમતા સંતોષ રાઠોડ, પૃથ્વીરાજ સિંગ ચૌહાણ, ભારત સિંગ કેહર બાર, રામળબાન તૈલીની ધરપકડ કરી હતી. પોલીસે રોકડા રૂપિયા ૧૦,૭૭૦ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

સરથાણામાં ચેનલની ઓફિસમાં ચોરી થઈ

સુરત

સરથાણા ગોપીનાથ સોસાયટીમાં આવેલી એક ન્યૂઝ ચેનલની ઓફિસમાંથી તસ્કરો ડી.વી.આર, મોબાઈલ ફોન, ટીવી મળી કુલ રૂપિયા ૩૬૩૦૦ની મતા ચોરી કરી ગયા હતા. બનાવ અંગે હરેશ કરમશી ડોબરીયાએ સરથામા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

કારીગર મશીનના ડીવાઈસ ચોરી ગયો

સુરત

લીંબાયત નારાયણનગર કિષ્ણાનગરમાં આવેલા એમ્બ્રોઈડરી કારખાનામાં કામ કરતો કારીગર વિકાસ ઉર્ફે શનિ મશીનમાં લાગેલી ૧૯ ડિવાઈસ અને ડી.વી.આર મળી કુલ રૂા.૭૦૫૦૦ની મતાની ચોરી કરી નાસી ગયો હતો. લીંબાયત પોલીસના જણાવ્યા મુજબ આ એમ્બ્રોડરી કારખાનાના માલિક મહેશકુમાર ધીરૂભાઈ સતાસીયાએ કારીગર વિકાસ ઉર્ફે શનિ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી વિકાસ ઉર્ફે શનિની શોધખોળ હાથ ધરી છે.

દરજીનું કામ કરતા યુવાન પર હુમલો

સુરત

લીંબાયત રતનપ્રભા સોસાયટી પાસે જુની અદાવત રાખી દરજીકામ કરતા એક યુવકને ઢીક મુક્કીનો માર મારી એક આરોપી ફરાર થઈ ગયો હોવાનો બનાવ લીંબાયત પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ વતન જલગાંવ જિલ્લાના વતની અને હાલમાં લીંબાયત રત્નપ્રભા સોસાયટીમાં મહેન્દ્રભાઈ વીસપુરે રહે છે. ગતરોજ આરોપી સંજીવકુમાર મહેતાએ જુના ઝઘડાની અદાવત રાખી તેમણે મહેન્દ્રભાઈ વીસપુરેને માર મારી ફરાર થઈ ગયો હતો. આરોપીએ આ સાથે શાથે ફરિયાદ પાછી ખેંચી લેવાની ધમકી પણ આપી હતી. ઈજાગ્રસ્ત મહેન્દ્ર દરજીનું કામ કરે છે અને તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. લીંબાયત પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ડાંગ નહેરુ યુવા કેન્દ્રએ ફીટ ઈન્ડિયા સાયકલ રેલી યોજી

આહવા

ડાંગ જિલ્લા નેહરૂ યુવા કેન્દ્ર, આહવા દ્વારા આહવા,વઘઈ અને સુબીર તાલુકામાં ફિટ ઈન્ડિયા અંતર્ગત સાયકલ રેલીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. નેહરૂ યુવા સંયોજક શ્રી અનુપ ઈંગોલેએ જણાવ્યું હતું કે માત્ર યુવાનો જ નહીં પરંતુ તમામ પ્રકારના લોકોમાં ફિટનેસને પ્રોત્સાહન આપવા માટે આ

કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આહવા ખાતે સરકારી માધ્યમિક શાળાના સંકલન સાથે તમામ ભાગ લેનારાઓએ ૫ કિ.મી.નું અંતર કાપ્યું હતું.

મહીલા ખેલાડીઓ માટે રોકડ પુરસ્કાર યોજના

આહવા

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ ના વર્ષમાં વિવિધ રમતોની રાજ્યકક્ષાની શાળાકીય/ખેલમહાકુંભ સ્પર્ધાઓ અં-૧૪, અં.-૧૭ અને રાજ્યકક્ષાની શાળાકીય અં.૧૯ સ્પર્ધાઓ માટે તેમજ સ્કુલ ગેઈમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજીત રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં એસ.એ.જી.દ્વારા રાજ્યનું પ્રતિનિધિત્વ કરેલ (ભાગ લીધેલ) મહિલા ખેલાડીઓને કોઈપણ એક જ રમતમાં તેમજ એક જ સિધ્ધિ માટે ?મહિલા રોકડ પુરસ્કાર યોજના' માટેનું ફોર્મ ભરીને નિયત સમય મર્યાદામાં રમત-ગમત અધિકારીશ્રીની કચેરીને મળી રહે તે રીતે અરજી મોકલવાની રહેશે.

વર્ષ-૨૦૧૭-૧૮,૨૦૧૮-૧૯ માં મહિલા રોકડ પુરસ્કાર યોજનાથી વંચિત રહી ગયેલા ખેલાડીઓ પણ અરજી કરી શકશે એમ જિલ્લા રમત ગમત અધિકારીની અખબારી યાદીમાં જણાવાયું છે.



ઉધના-મગદલ્લા રોડ સોસિયો સર્કલ પાસે સુરત મહાનગરપાલિકાની પાણીની મુખ્ય લાઈનમાં ભંગાણ સર્જાતા હાઈડ્રોલિક વિભાગે તાકીદે સમારકામ શરૂ કરવાની કામગીરી હાથ ધરી હતી. પાઈપ લાઈન ખાલી કરવા રસ્તા પર પાણી છોડી દેવાતા સોસિયો સર્કલ પાસેના માર્ગો પર પાણી ફરી વળ્યા હતા.

જિલ્લા કક્ષાના કલા મહાકુંભ સ્પર્ધાઓનો શુભારંભ

વલસાડઃ ગુજરાત સરકારના રમત-ગમત અને યુવક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગરના હસ્તપક કમિશ્નર યુવક અને સાંસ્કૃરતિક પ્રવૃત્તિઓ વિભાગ વલસાડ દ્વારા આયોજીત જિલ્લા વહીવટી તંત્ર વલસાડ દ્વારા સંચાલિત જિલ્લા કક્ષાના કલા મહાકુંભ સ્પાર્ધાઓનો શુભારંભ શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડ ખાતે કરવામાં આવ્યો છે.

કાર્યક્રમમાં શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના આચાર્ય ડો. દક્ષાબેન ઠાકોર દ્વારા સ્વાગત પ્રવચનમાં જણાવ્યુંલ હતું કે, રાજય સરકાર દ્વારા વિવિધ સ્તષરે યુવા વિકાસને લગતી પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવી રહયું છે. જે યુવાનોના સર્વાંગી વિકાસ માટે જરૂરી છે. ઉપરાંત વિદ્યાર્થીઓને વિવિધ સ્પર્ધામાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવા શાળા કોલેજના સંચાલકો અને શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

સમારંભના અતિથી વિશેષ નુતન કેળવણી મંડળના કેમ્પગસ ડાયરેકરે પ્રાસંગિક ઉદ્બોધન આપતા જણાવ્યું હતું કે, ભણતર સાથે સાંસ્કૃવતિક પ્રવૃતિ અને ખેલકુદ ખુબ જ જરૂરી છે. જે અનુભવો ભણતરમાંથી નથી મળતા તે સાંસ્કૃ તિક પ્રવૃતિઓ દ્વારા મળે છે. સારા સ્વાખસ્યેણ માટે અને વ્યનકિતના મનના વિકાસ માટે પણ તે જરૂરી છે. આજના યુવાનોનો સર્વાંગિ વિકાસ થશે તો જ આપણા દેશનો વિકાસ થશે. કલાકારોને સ્પેધાઓમાં ભાગ લેવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

જિલ્લા રમત-ગમત અધિકારી મહેશ પટેલ દ્વારા બે દિવસીય સ્પલર્ધાઓ અંગે રૂપરેખા

આપતા જણાવ્યુંમ હતું કે, કલા મહાકુંભ સતત ત્રીજા વર્ષે યોજવામાં આવી રહયો છે. કલા મહાકુંભને મળેલા પ્રતિભાવોથી વધારે ઉત્સાહથી કામ કરવા પ્રોત્સા હન મળે છે. કલા મહાકુંભ આજે આપણા જીવનનો અભિન્ન અંગ બનો ચુકયો છે. આવનારા વર્ષોમાં પણ કલાકાર મિત્રોને સહભાગી થવા જણાવ્યું હતું.

કલા મહાકુંભ કુલ ચાર વયજુથમાં યોજવામાં આવી છે. જેમાં ૬ થી ૧૪, ૧૫ થી ૨૦ , ૨૧ થી ૫૯ અને ૬૦ વર્ષથી ઉપરના જેમાં તાલુકાકક્ષાએથી અને જિલ્લાકક્ષાએથી સુગમ સંગીત, ગીત, ભરતનાટ્યદમ, એકપાત્રીય અભિનય, વાંસળી, તબલા, હોર્મોનિયમ (હળવું) ઓરગન સ્પરર્ધાઓ, શાષ્ટીય કંઠય સંગીત, ઓડીસી, મણિપુરી, કુચીપુડી, પખાવજ, સિતાર, ગીટાર, વાયોલીન, મૃદંગમ, સારંગી, સરોદ વગેરે કૃતિઓના વિજેતાઓ બનેલા કલાકારોની સ્પાર્ધા જિલ્લા કક્ષાએ થશે. ત્યાગર બાદ તેમાથી વિજેતા બનેલા કલાકારો પ્રાદેશિક કક્ષાએ વલસાડ જિલ્લાનું પ્રતિનિધિત્વર કરશે.

કાર્યક્રમમાં જિલ્લા યુવા વિકાસ અધિકારી મીતાબેન ગળવી, કોલેજના સીનીયર કોચ અંકુર જોશી, વિવિધ શાળા કોલેજના સંચાલકો અને શિક્ષકો, કલાકારો મોટી સંખ્યાકમાં ઉપસ્થિશત રહયા હતા.



નર્મદા જિલ્લા મધ્યાહન ભોજનમાં ઉપરથી તપાસ આવવાની અગાઉથી જાણ કરાતા બેનંબરી તત્વો એલર્ટ

નર્મદા જિલ્લામાં મધ્યાહન ભોજનમાં આપતા ભોજનમાં ગુણવત્તા પર ઉઠેલા વારંવારના સવાલો માટે કોણ જવાબદાર..?

કેટલુંક અનાજ બારોબાર સગેવગે થતું હોય અમૂકમાં મિલાવટ થતા હલકી ગુણવત્તા હોય તેવી બુમો બાદ ઉપરથી આકસ્મિક તપાસ જરૂરી બની હોય તેના બદલે આગવી જાણ કરાતા બેનંબરી તત્વો સજાગ થતા સબ સલામતના રિપોર્ટ જ થશે



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લામાં મધ્યાહન ભોજનમાં ગુણવત્તા વગરનું ભોજન અને નાસ્તો અપાતો હોવાની બુમો બાદ મધ્યાહન ભોજન અધિકારીએ જિલ્લાના TDOને એલર્ટ કર્યા છે.

નર્મદા જિલ્લાની સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે સરકાર દ્વારા મધ્યાહન ભોજન યોજના ચલાવવામાં આવે છે.પરંતુ અગાઉ નર્મદા જિલ્લામાં અંતરિયાળ વિસ્તારમાં ચાલતા મધ્યાહન ભોજન કેન્દ્રોમાં ગુણવત્તા વગરનું ભોજન અને નાસ્તો અપાતો હોવાની બુમો પણ ઉઠી હતી.

જેમાં નવેમ્બર ૨૦૧૮ ના રોજ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની કેવડિયાના કોઠી ગામ પ્રાથમિક શાળા ખાતે એક કાર્યક્રમ માં આવ્યા હતા.ત્યારે એ જ શાળાના મધ્યાહન ભોજન ના રૂમમાંથી સડેલા ચણા મળ્યા હતા.આ મામલે ભારે હોબાળો મચ્યો હતો જેની તપાસના આદેશ સ્મૃતિ ઈરાનીએ આપ્યા હતા. તે સમયે જવાબદારોને સસ્પેન્ડ પણ કરાયા હતા. હાલ ૨૩/૧/૨૦૨૦ થી ૨૫/૧/૨૦૨૦ દરમિયાન દિલ્હીથી પબ્લિક હેલ્થ ન્યુટ્રિશ વિભાગની એક કમિટી ડો. એ. લક્ષ્મૈહની આગેવાનીમાં નર્મદા જિલ્લાની મુલાકાતે લેશે.ત્યારે જિલ્લામાં પુનઃ કોઠી પ્રાથમિક શાળા જેવી કોઈ ઘટના ન બને તે સંદર્ભે નર્મદા જિલ્લાનું મધ્યાહન ભોજન વિભાગ એલર્ટ બન્યું છે.અને આ ટિમ આવે એ પહેલાં પોતાની ગોદડી સચવાય એ માટે પહેલી થી જ જાણ કરાતા બેનંબરી તત્વો એલર્ટ થઈ ગયા હોય ટિમ તપાસ કરશે ત્યારે સબ સલામત જ જણાશે.

આ મામલે નર્મદા જિલ્લા મધ્યાહન ભોજન યોજનાના નાયબ કલેકટર દ્વારા જિલ્લાના તમામ TDOને એક પરિપત્ર પણ જાહેર કરાયો છે.જેમાં જણાવ્યું છે કે આ કમિટી જિલ્લાની કોઈ પણ શાળાની મુલાકાત લઈ બાળકોને અપાતા મધ્યાહન ભોજન અને નાસ્તાની ચકાસણી કરી શકે છે.તો જેતે મધ્યાહન ભોજન કેન્દ્રની સાફસફાઈ કરાવવી, અનાજનો જથ્થો કેન્દ્ર પર ઉપલબ્ધ કરાવી એની ગુણવત્તા ચકાસવી, બાળકોને હાથ ધોવા સાબુની વ્યવસ્થા કરવી.નર્મદા જિલ્લાએ આ અગાઉ બનેલા બનાવથી બોધપાઠ લઈને આ વખતે પાણી પહેલા પાડ બાંધી દીધી છે પરંતુ ખરેખર અગાઉ ઉઠેલી બુમ બાદ ઉપરથી આકસ્મિક તપાસ થાય ત્યારેજ સાચી હકીકત બહાર આવે અને બેનંબરીયાઓ ની પોલ પકડાય પરંતુ આતો સ્થાનિક અધિકારીઓ જ અગાઉ થી બેનંબરીયા ઓને સાવચેત કરી દેતા હોય તેવું સ્પષ્ટ લાગી રહ્યું છે. ત્યારે શાળાઓમાં અભ્યાસ કરતા નાના બાળકોના નાસ્તા કે ભોજનમાં મિલાવટ કે ગુણવત્તા બાબતે આકસ્મિક તપાસ જરૂરી છે.

LRD ભર્તીમા અનુ.જ.જા.સાથે અન્યાય બાબતે દાહોદ ભીલીસ્થાન ટાઈગર સેના દ્વારા રજુઆત



ગુજરાત સરકારે જે નિર્ણય લીધો એનો અમે સમગ્ર આદિવાસી સમાજ વિરોધ કરીએ છીએ.અને સરકારને અનુરોધ કરીએ છીએ કે સરકાર પોતાના આ નિર્ણય ઉપર ફરીથી વિચાર કરે અને સાચા આદિવાસીઓને નોકરી આપે. જેમના સર્ટીફીકેટ ચકાસણી વખતે ખોટા સાબિત થયા હતા એમને સરકાર ફરીથી રદ કરે અને સરકાર જો આ કાર્યને સાચી રીતે નીકાલ નહી કરે તો સમગ્ર આદિવાસી સમાજ ગુજરાતમાં આંદોલન કરશે.

ગુજરાત સરકારે આદિવાસી સમાજના ધારાસભ્યો ઉપર દબાણ લાવીને જે તે ઉમેદવારોને ફરી ફર્જી સર્ટીફીકેટ આપીને નોકરી આપવાની તક આપી છે.જેનો ભીલીસ્થાન ટાઈગર સેના શખ્ત વિરોધ કરે છે.અને જો સરકાર ચારણ,ભરવાડ અને રબારીઓના દબાણમાં આવીને જે તે નિર્ણય લીધો છે તે પરત ખેંચે. જો સરકાર પોતાના નિર્ણયને પરત નહી લે તો ભીલીસ્થાન ટાઈગર સેના સમગ્ર ગુજરાતમાં આંદોલન કરશે.

સુરતમાં સ્મશાનમાંથી બાળકીનો મૃતદેહ ચોરાતા હાહાકાર મચ્યો

સુરત

મૂળ તેલંગાણાના રહેવાસી અને હાલ સુરતના લિંબાયત વિસ્તારમાં આવેલા બજરંગનગરમાં રહેતા ગણેશ બુદારામને સંતાનમાં બે પુત્રી છે. ગત સોમવારે સાંજે તેની નાની બે મહિનાની પુત્રી તારાની તબિયત લથડતા ખાનગી હોસ્પિટલ બાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. જ્યાં તબીબોએ બાળકીને મૃત જાહેર કરી હતી. જેથી પુત્રીના મૃતદેહ ઘરે લઈ આવ્યા હતા. ત્યારબાદ સોમવારે જ રાત્રે લિંબાયતમાં આવેલી મુક્તિધામ સ્મશાનમાં તારાનો મૃતદેહ દફનાવાયો હતો. ગત રોજ પરિવાર તારાની મરણોતર દૂધ પીવડાવવાની વિધિ માંટે સ્મશાન પહોંચ્યા હતા. દરમિયાન તારાના શરીર પર મૂકેલા કપડા કબરમાંથી બહાર નીકળેલા મળી આવ્યા



હતા. જેથી કબર ખોદાવી હતી. જેમાં કબરમાંથી તારાનો મૃતદેહ ન મળી આવતા પરિવારના પગ તળેથી જમીન ખચી ગઈ હતી.

દીકરીના મોતના પગલે શોકમાં ગરકાવ માતા-પિતાને દફનાવાયેલો દીકરીનો મૃતદેહ પણ ન વધુ શોકમાં ડૂબી ગયા છે. પરિવારે પુત્રીનો મૃતદેહ ન મળતા સ્મશાનમાં કામ કરતા લખન વર્માને મૃતદેહ શોધી આપવા માટે કહ્યું હતું. ત્યારબાદ એક કલાક સુધી શોધખોળ કરી હતી. જોકે, હજુ સુધી કોઈ પત્તો લાગ્યો નથી. હાલ પણ સ્મશાનના કર્મચારી દ્વારા બાળકીના મૃતદેહને કૂતરા અથવા સુવર ખેંચી ગયા હોવાનું રટણ કરવામાં આવી રહ્યું છે. જોકે, આ મામલે પરિવાર દ્વારા પોલીસ ફરિયાદ કરવાની પણ તજવીજ હાથ ધરવામાં આવી છે.

નવસારીમાં વસીમ બિલ્લાની હત્યામાં સુરતના સાત લોકોની સંડોવણીની શંકા

વસીમ બિલ્લાના મોટા ભાઈએ હત્યા અંગે નોંધાવેલી ફરિયાદમાં સાત લોકોના શકમંદ તરીકે નામ લખાવ્યા

સુરત

નવસારીમાં છાપરા રોડ મણીનગર ગેટ નં.૧ પાસે ગતરાત્રે અજાણ્યા ચાર જેટલા શખ્સો જીમ બોસથી વોક આઉટ કર્યા બાદ કારમાં ઘરે જઈ રહેલ સુરતના માથાભારે વસીમ બિલ્લાને અંદાજે પાંચ રાઉન્ડ ફાયરિંગ કરી ફરાર થઈ ગયા હતા. ગંભીર ઈજાગ્રસ્ત વસીમ બિલ્લાનું લોહી લુહાણ હાલતમાં મોત નીપજ્યું હતું. નવસારી રૂરલ પોલીસમાં સાત શકમંદો સામે હત્યાનો ગુનો નોંધી એલસીબી પોલીસે તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ મૂળ સુરતના મહિધરપુરા ઝાંપાબજારના વતની અને સુરતથી તડીપાર કરાયેલા માથાભારે વસીમ બિલ્લા ઉ.વ.૩૨ નવસારીમાં રંગુનનગર ખાતે રહેતો હતો અને ગતરાત્રે વસીમ બિલ્લા પોતાની કારમાં જીમ બોસથી વોક આઉટ કરી ઘરે પરત ફરી રહ્યો હતો. તે સમયે છાપરા મેઈન રોડ ઉપર ચાર અજાણ્યા શખ્સોએ તેને રસ્તામાં હુમલો કરી અંદાજે ત્રણ-ચાર રાઉન્ડ જેટલા ફાયરિંગ કરી ફરાર થઈ ગયા હતા. આ ચકચારી ઘટનામાં વસીમ બિલ્લાનું લોહી લુહાણ હાલતમાં નવસારીની ઓરેન્જ હોસ્પિટલમાં સારવાર મળે તે પૂર્વે જ તેનું કરૂણ મોત નીપજ્યું હતું. આ ફાયરિંગના હુમલામાં લોકોના ટોળેટોળા ઘટના સ્થળે ધસી આવ્યા હતા. લોકોમાં ફફડાટ ભયના માહોલ વચ્ચે નવસારી જિલ્લા પોલીસ એલસીબી, એસઓજી પોલીસની ટીમ ઘટના સ્થળે ધસી જઈ સમગ્ર જિલ્લામાં નાકાબંધી કરી હત્યારાઓને ઝડપી પાડવા પ્રયત્નો હાથ ધર્યા હતા.

આ બનાવ અંગે નવસારી રૂરલ પોલીસમાં મરનાર વસીમ બિલ્લાના મોટાભાઈ ફિરોજ ગુલામ મહંમદ શેખ રહે. રંગુનગર, નવસારી, મૂળ રહે. મહિધરપુરા, સુરતએ સાત જેટલા શખ્સો જેમાં સુરત બદ્રી લેસવાલા (રહે. ઝાંપાબાજર, સુરત) રઉફ પઠાણ, અબ્બાસ મીઠાઈવાલા, અલી અજગર બાબા કાટપીટિયા, અકુલા અને હાસીમ સિદ્દીકી (તમામ રહે. સુરત) ઉપર શંકા વ્યક્ત કરી છે. અને અગાઉના ઝઘડાની અદાવતમાં ગોળી મારી હત્યા કરી હોવાની ફરિયાદ નોંધાવી છે. આ બનાવ અંગેની તપાસ એલસીબી પીઆઈ વી.એસ. પલાસ કરી રહ્યા છે. પોલીસે સીસીટીવી ફુટેજની તપાસ તથા વિવિધ દિશાઓમાં તપાસ શરૂ કરી છે.

શકમંદ લોકોના નામ

૧. બદ્રી લેસવાલા
૨. રઉફ પઠાણ
૩. અબ્બાસ મીઠાઈવાલા
૪. અલી અસગર
૫. બાબા કાટપીટિયા
૬. અકુલા
૭. હાસીમ સિદ્દીકી

પશ્ચિમ રેલવેએ નવ મહિનામાં ટિકિટ વગરનાં પ્રવાસીઓ પાસેથી ૧૦૪.૧૦ કરોડનો દંડ વસુલ્યો

સુરત

પશ્ચિમ રેલવે દ્વારા એપ્રિલથી ડિસેમ્બર ૨૦૧૯ સુધી ટિકિટ વગર અથવા તો ગેરલાયક ટિકિટ પર પ્રવાસ કરનારા મુસાફરો વિરુદ્ધ સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં સામાન બૂક કર્યા વગરના કેસો સહિત ટિકિટ વગર પ્રવાસ કરનાર ૨૧.૩૩ લાખ પ્રવાસીઓ સામે કેસ નોંધાયો છે. જેમાં ૧૦૪.૧૦ કરોડ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. જે ગત વર્ષની સરખામણીએ ૮.૮૫ ટકા વધુ છે.

જેમાં પશ્ચિમ રેલવે દ્વારા અલગ અલગ રેલ પરિસરમાંથી ૨૨૧૯ ભિખારીઓ અને ૪૭૧૧ અનધિકૃત ફેરિયાઓને કાઢી મૂકવામાં આવ્યા છે અને દંડ પણ વસૂલ કરવામાં આવ્યો છે. તો ૧૧૩૪ વ્યક્તિઓને જેલમાં મોકલવામાં આવ્યા છે.

પશ્ચિમ રેલવેના વાણિજય વિભાગ દ્વારા દલાલો અને અસામાજિક તત્વો વિરુદ્ધના ૨૧૨૪ કેસોની તપાસ કરવામાં આવી છે, તેમજ છેલ્લા નવ મહિના દરમિયાન આ મુદ્દે ૧૮૨૧ વ્યક્તિઓની ધરપકડ પણ કરવામાં આવી છે. મહત્વપૂર્ણ છે કે સપ્ટેમ્બર અને ઓક્ટોબર મહિનામાં વધારે કેસ નોંધાયા હતા. જેનું કારણ વેકેશન દરમિયાન પ્રવાસીઓ મોટી સંખ્યમાં ટિકિટ વગર પ્રવાસ કરતા હોવાનું છે. જેમાં સામાન બુક કર્યા વગર અને ટિકિટ વગર પ્રવાસ કરનાર ૨.૧૩ લાખ કેસો નોંધાયા હતા. જેમની પાસેથી ૧૦.૧૪ કરોડનો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. આ સમય દરમિયાન ૧૫૧ ભિખારીઓ અને ૫૯૩ અનઅધિકૃત ફેરિયાને રેલ પરિસરથી બહાર કાઢવામાં આવ્યા હતા અને દંડ વસૂલ કરાયો હતો. ૧૧૫ વ્યક્તિઓને જેલમાં મોકલાયા હતા.

GNFC કૌભાંડઃ ૩ ધારાસભ્યોએ સીએમને પત્ર લખ્યો, ભોપાલકાંડ જેવી દુર્ઘટનાની આશંકા

ભરૂચ

હાલ ગુજરાતમાં ભાજપમાં ભડકાની મોસમ શરૂ થઈ હોય તેમ લાગી રહ્યું છે. વડોદરાના સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદાર દ્વારા વિકાસનાં કામો ન થતાં હોવાનો આરોપ લગાવીને રાજીનામું આપ્યાની આગ હજુ ઓલવાય નથી ત્યાં તો ભાજપનાં અન્ય સભ્યોએ સરકાર સામે ગંભીર આરોપો કરતી રજૂઆત કરી છે. જીએનએફસી કૌભાંડને લઈ ભરૂચનાં ૩ ધારાસભ્યોએ સીએમને પત્ર લખ્યો છે અને ભોપાલકાંડ જેવી દુર્ઘટનાની આશંકા વ્યક્ત કરી છે. ભરૂચના ભાજપાના ધારાસભ્ય દુષ્યંત પટેલ, વાગરાના ભાજપાના ધારાસભ્ય અરૂણસિંહ રાણા અને અંકલેશ્વરના ભાજપાના ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલે સીએમને પત્ર લખી ફરિયાદ કરી છે. આ પત્રમાં ત્રણેય ધારાસભ્યોએ જીએનએફસીમાં કૌભાંડની ફરિયાદ કરી છે. સાથે તેઓએ જીએનએફસીમાં ૮૫ ટકા રોજગારી ન અપાતી હોવાનો આરોપ પણ લગાવ્યો છે. જીએનએફસીમાં જોખમી કેમિકલ રખાતું હોવાની સીએમને રજૂઆત કરી છે. સાથે તેઓએ આક્ષેપ મુક્યો કે, ૭૭૦૦ ટનની ક્ષમતા સામે વધુ જથ્થો છે. દુષ્યંત પટેલે સરકારના જાહેર સાહસ પર સવાલ ઉઠાવ્યા હતા. સાથે દુષ્યંત પટેલે કહ્યું કે, જીએનએફસીના ટીડીઆઈ પ્લાન્ટમાં ઉત્પાદનનો જથ્થો વધારે છે. ટીડીઆઈના ભરેલા ટાંકાથી ભોપાલ જેવી દુર્ઘટનાની આશંકા. એટલું જ નહીં પણ ભાજપાના એમએલએના રાજ્ય સરકારના નિગમના એમડી પર ગંભીર આરોપ મુક્યા હતા. તો વાગરાના ધારાસભ્ય અરૂણસિંહ રાણાએ કહ્યું કે, સીએમ અને મુખ્ય સચિવને રજૂઆત કરાઈ છે. જીએનએફસીના એમડી આપખુદશાહીથી કાર્યવાહી કરે છે.

સેન્ટ્રલ ઝોન દ્વારા જુદા જુદા બે ગેરકાયદે બાંધકામો તોડાયા

બન્ને સ્થળે ડીમોલીશન કરી વહીવટી ચાર્જ વસુલ કરાયો

સુરત

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ નીચે મુજબની મિલ્કતમાં ગેરકાયદેસર બાંધકામ અન્વયે બાંધકામ દુર કરવાની કામગીરી કરવામાં આવેલ છે જેમાં વોર્ડ નં.૦૭, નોંધ નં. ૪૫૩૯/એચ/૪ ઈસ્ટ પૈકી વાળી મિલ્કતમાં મિલ્કતદારશ્રી અબ્દુલ કાદર મુલ્લા બદરુદીન તથા અન્યો ધ્વારા સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૨૧/૦૧/૨૦૨૦નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેરી વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત બેઝમેન્ટ તથા પ્રા. ફલોર પર બનાવેલ દુકાનો દુર કરી આશરે ૭૦૦ ચો.ફુટ પાર્કીંગ ખુલ્લુ કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન પેટે રૂા.૩૫,૦૦૦/- વહીવટી ચાર્જ (ડીમોલીશન પેટે) વસુલ લેવામાં આવેલ છે. ઉપરાંત વોર્ડ નં.૦૬, નોંધ નં.૧૧૯૦ વાળી મિક્તમાં મિલતદારશ્રી જીગનેશ વિનોદચંદ્ર ચૌહાણ તથા અન્યો ધ્વારા સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથી તા. ૨૨/૦૧/૨૦૨૦નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત પાંચમા માળે આશરે ૫૦૦ ચો.ફુટ સ્લેબ તથા ૨૦૦ચો.ફુટ ચણતર દુર કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન પેટે રૂા. ૩૦,૦૦૦/- વહીવટી ચાર્જ (ડીમોલીશન પેટે) વસુલ લેવામાં આવેલ છે.